સુધરેલી રીત મુજબ
વર્નાકયુલર ટેકસ્ટ બુકસ રીવિઝન કમિટીએ
તૈયાર કરેલી

છઠ્ઠી ચોપડીના અર્થ.

કિંમત સાત આના.

(જેની અંદર શબ્દાર્થ-વ્યુત્પત્તિ પ્રમાણે અને રૂઢ બંને રીતે; કવિતાનો અન્વય; સમજુતી; વ્યુત્પત્તિ; પાઠના સવાલ; પાઠનો સાર વગેરે.)

રચનાર-મેસર્સ સી. ડી. શાહ એન્ડ કો.

પ્રસિદ્ધ કર્તા-**C. M. Shah.**

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું-શાહપોર-સુરત.

સુરત ખપાટીયા ચકલા પર આવેલા શા. ખુબચંદ અમીચંદનાં ધી "સુરત જૈન" એન્જીન પ્રીન્ટીંગ પ્રેસમાં પ્રભુસંકર નરભેરામ વ્યાસે છાપ્યું.

કિંમત રૂ. ૦-૭-૦.

છઠ્ઠી ચોપડીના અર્થ.

પાઠ ૧ લો.

કર્તવ્ય=કરવા યોગ્ય કામ; ફરજ; [ધર્મ

પ્રત્યે=તરફ; સાથે.

પૂજ્ય=પૂજવા લાયક

નમન કરવું=નમવું; પગે લાગવું

અનેક=(અન્=નહિ+એક)=એક નહિ એટલે ઘણાજ

દુઃખ=આપદા; પીડા (દુઃખ ત્રણ પ્રકારના છે આધિ=મનની પીડા. વ્યાધિ=શરીરની પીડા; ઉપાધિ =બહારથી આવેલી પીડા)

સ્તન=થાન; ધાઈ

અગણિત=(અ=નહિ+ગણિત)= નહિ ગણી શકાય એવા; ઘણાજ

અણચિંતવ્યા (અણ=નહિ+ચિંતવ્યા=ધાર્યા)=અણધાર્યા

અસંખ્ય=(અ=નહિ+સંખ્ય)= સંખ્યા)=સંખ્યા વગરના એટલે ઘણાજ

પાળનાર=(પાલ=પાલણ+નાર= કરનાર)=પાલણ કરનાર

સ્મરણ=ધ્યાન; ભક્તિ

સૂર્યમંડળ=સૂર્ય અને તેની આસપાસ ફરનારા ગ્રહો

ગ્રહ=સૂર્યની આસપાસ ફરતા ગોળા. (એ નવ છે)

ઉપગ્રહ=(ઉપ+ગ્રહ)=મુખ્ય ગ્રહની આસપાસ ફરનારો નાનો ગ્રહ

નિયમિત=(નિયમ+ઇત=વાળો)= નિયમ પ્રમાણે

ભ્રમણ કરે છે=ફરે છે; ભટકે છે

અગાધ=(અ=નહિ+ગાધ=છીછરું) =ઘણુંજ ઊંડું; અપાર; અથાગ; ગહન

મસીદ=મુસલમાનોને નિમાજ પઢવાનું મકાન

અગિઆરી=સંસ્કૃત અગ્ન્યાગાર (અગ્નિ=દેવતા+આગાર=સ્થળ) પારસીઓના આતસબહેરામ પૂજવાની જગા

દેવળ=ખ્રિસ્તીઓનું પ્રાર્થના કરવાનું મકાન

સંતાન=છૈયાં છોકરાં; વસ્તાર

પરિવાર=કુટુંબકબીલો; ખટલો

મરકી=ઘણા માણસ મરી જાય એવો રોગ; કોલેરા; શીતળા; પ્લેગ વગેરે

દુકાળ=દુષ્કાળ ઉપરથી (દુષ્=નઠારો+કાળ=વખત)=અનાજ પાણી મોંઘા મળે એવો વખત

સદ્વિચાર=(સદ્=સારા+વિચાર) =સારા વિચાર

દિલાસો=ધીરજ

પારિસ=ફ્રાંસ દેશનું મુખ્ય શહેર (એ આખી દુનિયામાં સૌથી સુંદર શહેર છે)

મોટાં મનથી=ઉદાર દિલથી

આપણને નહિ હોય તો આપણા પાડોશીને હજો=મતલબ કે આપણી પાસે નહિ હોય પણ આપણા પાડોશી પાસે હોય તો કોઈક દિવસ આપણને ખપ લાગે.

કહેવત=કહેતી; અનુભવ સિદ્ધ વાક્ય.

હિતકર=(હિત=ભલું+કર=કરનાર) ભલું કરનાર.

આરોગ્ય=સુખાકારી; તનદુરસ્તી.

આહાર=ખાવાનું.

વિહાર=ફરવા હરવાની મોજ

ખાવાને માટે જીવવાનું નથી= ખાઈ પી એશઆરામ માટે જીવવાનું નથી. પણ જીવવાને માટેજ ખાવુંજ જોઈએ. મતલબ કે અતિશય અને ભારે પદાર્થ ખાવા નહિ.

મર્મ=છુપો ભેદ; ગુપ્ત વાત

પવિત્ર=નિર્મળ; શુદ્ધ; પાપવગરનું

નજર આગળ રાખી=મનમાં ખડા કરી.

વર્તન=ચાલ

ભ્રષ્ટ કરવું=અપવિત્ર કરવું; બગાડવું.

વખતને નકામો જવા દેવો નહિ= સારા કામમાં વખત ગાળવો.

તરંગો=વિચારો ઉપર વિચાર

વિચારવા=મનન કરવા.

સત્પુરુષ=(સત્=સારો+પુરુષ)= સારા માણસ.

સમાગમ=(સમ=સાથે+આગમ= આવવું)=મેળાપ; મુલાકાત.

સાર—માણસ માત્રની મુખ્ય ફરજ ત્રણ પ્રકારની છે. ૧) પરમેશ્વર પ્રત્યે. ૨) પાડોશી પ્રત્યે. ૩) પોતાના પ્રત્યે.

પાઠ ૨ જો.

દિલ્હી=જમના નદીપર હાલની રાજધાનીનું શહેર છે, (એ હિંદુ અને મુસલમાનની રાજધાનીનું શહેર હતું, એમાં ૧૮૭૭, ૧૯૦૨ ને ૧૯૧૧માં દરબાર ભરાયો હતો.)

વેપારની ધમાલવાળા=બહોળો વેપાર કરનારા.

પુરાણું=જુનું; અગાઉનું.

ખંડેર=ખુલ્લી ભોંય

શાહજહાનાબાદ=(શાહજહાં+ આબાદ=વસાવેલું)=શાહજહાંએ વસાવેલું તે.

ઇમારત=ઉંચી બાંધણીનું મોટું ઘર.

ઘુમટ=અર્ધ ગોળ શિખરવાળું ઢાંકણ; ગુંબજ.

અરબી લેખો=અરબી ભાષામાં પત્થરમાં કોતરેલાં લખાણ.

કુરાન=મુસલમાનનું ધર્મપુસ્તક.

મહોલાત=મહેલોનો જથો.

દિવાને આમ=રૈયત અથવા સાધારણ વર્ગના લોક માટે કચેરી ભરવાનું મકાન.

દિવાને ખાસ=અમીર ઉમરાવોને માટે કચેરી ભરવાનું મકાન.

બેગમો=પાદશાહની સ્ત્રીઓ.

બીબીઓ=અમીરની સ્ત્રીઓ.

હમામખાનું=(હમામ=નહાવાનું + ખાનું=ઠેકાણું) નહાવાનું ઠેકાણું.

હોજ=છોથી બાંધેલો કુંડ.

હેરત=અચંબો; નવાઈ; અચરતી

જળહળી રહેલી=પ્રકાશેલી; ઝળકાટ મારી રહેલી.

મયુરાસન=(મયુર=મોર+આસન. બેઠક)=મોરના આકારની બેઠક (એમાં હીરા, માણેક વગેરે જડાવ્યાં હતાં. એની કીંમત ટાવર-

નિયર નામના યુરોપી ઝવેરીએ સાડા છ કરોડની કરી હતી)

હેવાલ=બયાન; વૃત્તાંત,

ખ્યાલ=ધારણા; અટકળ.

શરાફ=હુંડી,વ્યાજુ વગેરે કરનાર

પેઢી=શરાફની દુકાન.

દિલ્હીગર=દિલ્હીના વતની.

જમા થએલા=ભેગા થએલા.

સલ્તનત=રાજ્ય; સત્તા; હકુમત; પાદશાહી.

એશઆરામ=મોજશોખ.

નિરૂદ્યમી=(નર=નહિ+ઉદ્યમ+ ઇ=વાળો)ધંધા વગરનો.

નવાણુ=પાણીની જગ્યાઓ જેવા કે કુવા, વાવ, તળાવ વગેરે.

જગ જાહેર=દુનિયામાં પ્રખ્યાત.

કુતુબમિનાર=કુતુબુદ્દીને બંધા-વેલો મિનારો.

લાટ=ઉંચો સ્તંભ.

અશોક=ચંદ્રગુપ્તનો પૌત્ર; બિંદુ સારનો પુત્ર (એણે બૌદ્ધ ધર્મને આશરો આપ્યો હતો.)

હજીરો=કબર; રોજો; મિનારો

હૃદયભેદક=વાંચતાં અફસોસ થાય એવો.

વેધશાળા=આકાશી પદાર્થોની ગતિ વગેરે જોવાની જગા.

મજલા=માળ

અટક=બાધા; પણ; નિયમ; પ્રતિજ્ઞા

વૃંદાવન=ગોકુળની પાસેનું વન અથવા ગામ; જ્યાં શ્રી કૃષ્ણે લીલા કરી હતી તે

જયસ્તંભ=જીતનો થાંભલો; કીર્તિ

દાટેલો=નાખેલો; દાટેલો (સ્તંભ

મર્હુમ=સ્વર્ગવાસી; અગાઉ થએલા

કૈસરે હિંદ=હિંદનો સિંહ એ નામનો ઇલકાબ છે.

જંગી=ઘણોજ મોટો

રાજ્યાભિષેક=(રાજ્ય=રાજા+અભિષેક=નવા રાજાપર દૂધ પાણીની જે ધારા કરવી તે)= રાજાએ તખ્તનશીન થવું તે

સવાલ—દિલ્હીમાં જોવા લાયક મકાનો કયાં કયાં છે અને તે કોણે બંધાવેલાં ? દિલ્હી નામ શા આધારે પડયું ? દીલ્હીનો કયો ભાગ જોતાં અચંબો લાગે છે ? મયુરાસન વિષે શું જાણો છો ?

દિલ્હીમાં દરબાર ક્યા ક્યા સનમાં ભરાયો હતો ? જુમામસીદ, કુતુબમિનાર, જયસ્તંભ વિષે શું જાણો છો ? હિંદની હાલની રાજધાનીનું શહેર કયું ?

પાઠ ૩ જો.

પરાક્રમ=લોકમાં જશ મળે એવું કામ કરવાનું સામર્થ્ય તે
દળ=લશ્કર; સેના
મહારથી=મોટો જોરાવર લડવૈયો
ઘૂસી ગયો છે=દાખલ થયો છે
વાદળ=જુથ; ટોળું
ચીરી=વિખેરી; કાપી નાખી
પ્રતાપી=પરાક્રમી
દાખવવામાં=બતાવવામાં
પાછી પાની કરવી=કાયરપણું બતાવવું
હક=અખત્યાર; દાવો.
સહાયક=(સહાય=મદદ+અક=કરનાર)=મદદ કરનાર
નીમકહલાલી=જેનું અન્ન ખાવું તેનું સારૂં બોલવું; કૃતજ્ઞતા
લાલી=તેજી; શૌર્ય
પૂર્વજ=(પૂર્વ=પહેલાં+જ=જન્મેલા) બાપદાદા
છાપ=મેળવેલી કીર્તિ
યાવચ્ચંદ્ર દિવા કરો=કાયમ; હયાત; સૂર્યચંદ્ર રહે ત્યાં સુધી
સાથરે=પથારીએ
રોળ=કેર
ટુંબડા=ટોચકાં; માથાં
અડફટે ચડતાં=અટવાઇને આવતાં
તરવાર તાણી તુટયા છે=તરવાર લઇ ધૂમે છે
બાણની હેલી કીધી છે=તીરનો વરસાદ વરસાવ્યો છે
ભાજીમુળા=ભાજીમુળા જેવા; કમતાકાત
ઉડી પડયા છે=ધસીને દોડયા છે
વિસામો લેવાની=ઢીલ કરવાની
ઝાઝેરું=ઘણું
પગ વાળવાનો=નચિંતે બેસવાનો
કારમી=ભયંકર; બિહામણી
કીકિઆરી=ચીસ
કાયાનો ધર્મ=શરીરનું ભાન
વાયુવેગે=પવન જેટલી ઝડપે
ઝંઝરી=જપ્ત

હર=શિવ
શર=બાણ;તીર
વાવરો=વાપરો
ટંકાર=અવાજ
સંહાર=નાશ
કારમો=ભયંકર; ઉગ્ર
જેર કરો=તાબે કરો
જોધ=જોદ્ધા; લડવૈયા
મર્દો=પુરુષો; બહાદુરો; શૂરવીરો
સિસોદીઆ; તુંવાર; ઝાલા; સહુંબરા એ રજપુત કુલની શાખાઓ છે.
પાવ=પગ
પાવ પાછો ન ધરો=કંટાળી ન જાઓ
ચેતક=પ્રતાપના ઘોડાનું નામ
ઘાવ=ફટકો
પિતૃ=પિતા
પંડ=પિંડ
મહી=પૃથ્વી
ફેર ન મળે=નક્કી; ખચિત
લા'વ=લાહવો; ઓરીઓ
દુર્લભ=(દુર્+લભ=લાભ)=મળવું કઠણ
તલપાવી=કુદકો મરાવી

હોદ્દો=છત્રીવાળી અંબાડી
નિરંકુશ=(નિર્=નહિ+અંકુશ=દાબ)=દાબ વગરનો; સ્વતંત્ર
વકરાએલા=ખીજવાયલા
દારુણ=મોટું;જબરું; ભયંકર
ઇંદ્રાસન=(ઇંદ્ર+આસન)=ઇંદ્રનું આસન
મહિમાવાન=મોટાઈવાળું
વિધાતા=બ્રહ્મા
મિથ્યા થવાનો=મટવાનો
ઉલટેલાં=સામા થએલાં
અળગું=આઘું; દૂર
પ્રાણઘાતક=(પ્રાણ=જીવ+ઘાત=હત્યા+અક=કરનાર)મરણ નીપજે તેવો
વિમાનમાં પગ મૂકતો થોભાવો=મરતો અટકાવો.
સાહિત્ય=હથિયાર
અંધારા ઉલેચવાનાં થશે=મહેનત ફોગટ જશે
મરદાની=મરદાઈ; બહાદુરી
વિલંબ=વાર; ઢીલ
પૂર્ણ પરાક્રમ=પૂરેપુરી બહાદુરી

અન્વય—સિસોદીઆ, ધનુષનો ટંકાર કરી શર વાવરો, તુંવાર તરવારે કરી શત્રુનો સંહાર કરો. (૧) ઝાલા, કારમો ક્રોધ કરી, ભાલા વાવરો, સલુંબરા સાવધ રહીને મહા જોધ જોર કરો. (૨) મર્દો પાછો પાવ ન ધરો અને નામ અમર કરો; પ્રતાપ ચેટક હેકવી, સલીમ શિર ઘાવ દે છે. (૩) પુરુષો પગ પાછો પડે, તો પિતૃ પંડ લે નહિ; જુદ્ધમાં જય કીધા થકી નવ ખંડમાં કીર્તિ રહે છે. (૪) મહી વિષે મરવાનું છે, એમાં ફેર ન મળે; ક્ષત્રી મર્દો જુદ્ધમાં તન તજે, પણ ઘેર મરે નહિ. (૫) ઓ ! શૂરા સિસોદીઆ આ દુર્લભ દાવ આવ્યો છે. પ્રતાપને જશ આપો ને કીર્તિનો લાવ લો. (૬)

સમજુતી—હે સિસોદીઆ રજપુતો ! કામઠાનો અવાજ કરી બાણુ વાપરો. હે ! તુંવાર રજપુતો તરવારથી દુશ્મનોનો નાશ કરો. (૧) હે ઝાલા રજપુતો ભયંકર ક્રોધ કરીને ભાલા વાવરો; સલુંબરા સાવચેત રહી મોટા લડવૈયા તાએ કરો. (૨) બહાદુરો પાછી પાની ન કરો. (પીઠ ન બતાવો) અને તમારૂં નામ અમર કરો. પ્રતાપસિંહ પોતાના ઘોડાને કુદાવી સલીમના માથાપર ફટકો મારે છે. (૩) હે ! શૂરવીરો પીઠ બતાવીએ તો પિતા પિંડ લે નહિ. (પિતા નાખુશ થાય.) લડાઇમાં જીત મેળવ્યાથી આખી પૃથ્વીમાં આબરૂ (કાયમ) રહે છે. (૪) પૃથ્વીમાં જન્મ ધરીને (નક્કી) મરવાનું છે. એમાં લગાર પણ ફરક નથી, ક્ષત્રી મરદો લડાઇમાં મરે છે પણ ઘેર મરતા નથી. (૫) ઓ શૂરવીર સિસોદીઆ રજપુતો ! આવો ફરી ન મળે એવો આ વખત આવ્યો છે, પ્રતાપસિંહને આબરૂ આપો અને તમે આબરૂ મેળવો. ૬

સાર—હંમેશાં ધણીનું ભલું ઇચ્છવું.

પાઠ ૫ મો.

સંસ્કૃત=સંસ્કાર પામેલી; શુદ્ધ અને સુંદર થએલી

સમૂહ=જથા; વર્ગ

સાક્ષર=વિદ્વાન

સંસ્કાર પામેલી=શુદ્ધ ને સુંદર થએલી

પુરોહિત=કુળ ગોર (ભાષા

પુસ્તુ=અફ્ઘાનિસ્તાનમાં વપરાતી

વંશપરંપરા=પેઢી ધર પેઢી

વિદ્વતા=(વિદ્ ધાતુ=જાણવું)=પંડિતાઈ

પ્રાકૃત=પ્રકૃતિ જન્ય; અસંસ્કૃત; ચાલુ

પવિત્ર પુસ્તકો=ધર્મનાં ગ્રંથો

ભાષાંતર=તરજુમો; બીજી ભાષામાં નકલ

નિરાળી=જુદી; નોખી

સવાલ—હિંદુસ્તાનની ભાષાના મુખ્ય કેટલા વર્ગ પાડી શકાય અને તે ક્યા ક્યા? વધારે અગત્યની ભાષા કઇ છે અને શા માટે? હિંદુસ્તાનમાં બોલાતી મુખ્ય ભાષાઓનો નકશો ચીતરો.

પાઠ ૬ ઠ્ઠો.

પૂંછઇ=પૂછે છે

પાતસાહ=પાદશાહ (અલાઉદ્દીન)

ઇસી=એવી

ગુજરાતી=ગુજરાત

કહીઇ=કહે

કિસી=કેવી

કિસ્યુ=કેવા છે

માંગલહુર=માંગરોળ એ કાઠિઆવાડમાં એક શહેર છે

અણહલપૂર=અણહીલપુર

ઝાલાવાડિ=ઝાલાવાડ

સુરઠ=સોરઠ; સૌરાષ્ટ

છિકિસી=કેવી છે છાયા=ભાસ

અપભ્રંશ=મૂળ શબ્દનું થએલું અશુદ્ધ રૂપાંતર; વિકાર પામેલી

નિકટ=ધાડો; નજીકનો; પાસેનો

રોડું=ભાગેલી ઇંટનો કટકો

પોચકું=જરા જેટલું

ઠોબરૂ=હાલ્લું; વાસણ

ધાગો=દોરો

વકટલેંડ=એક, બેને માટે ગિલ્લી દંડાની રમતમાં બોલાયછે (એ શબ્દો દ્રાવિડી ભાષાના છે.)

ચલણી=વપરાતા.

રૂઢિ=રિવાજ

ઉચ્ચારણ=બોલ

સંક્ષેપ=ટૂંકા

માસિક=(માસ+ઇક)=દરમાસે નીકળતું ચોપાનીઉં.

પાઠ ૭ મો.

સંપ=એકમત; ઐક્ય

ઉદ્દેશ=હેતુ; મતલબ

સુધારાવટ=(સુધારા+વટ)=સુધારાપણું; સુધરાઇ

રાજ્યપ્રકરણ=રાજ્યવહીવટ

ડગલે ડગલે=વારે ઘડીએ

કુસંપ=(કુ+સંપ) અણબનાવ

વણસાડે=બગાડે

ફજેતી=ગેરઆબરૂ

વિઘ્ન=હરકત

ઘાલમેલ=ગરબડ; પ્રપંચ

પ્રફુલ્લિત=આનંદી

બરકત=લાભ;ફાયદો;કૃપા; પુષ્કળ હોવું તે

ચિઢીઆપણું=ખીજવાટ; બળિએલપણું

સંપીલા=(સંપ+ઇલા)=સંપવાળા

દ્રોહ=વેર બુદ્ધિ; અપકાર

રાજ્યદ્રોહ=રાજ્ય પ્રત્યે વેર બુદ્ધિ રાખવી તે

તૂત=જૂઠાણું; બનાવટ; ઢોંગ; બંડ

ધર્મઠગ=ધર્મનો ડોળ કરી ઠગનાર

ઉપદ્રવ=હરકત; પીડા; ઈજા

અહિત=(અ+હિત)=અકલ્યાણ; બુરૂં

દાઝ=લાગણી; બળતરા; દયા

ધાર=માન; સમજ

દૈવ=નસીબ

આર=આરો; છેડો

કુવે'મ=ખોટા વહેમ

મત્સર=અદેખાઇ; કીનો; દ્વેષ

આકરી=ખરાબ; માઠી

સુસંપ=(સુ+સંપ)=સારો સંપ

જંપ=શાંતિ

પડી=પડીકું

વિચાર=વિચાર કર

અન્વય—હું દીલમાં દાઝ ધરૂં છું અને દેશીને વિનંતી કરૂં છું; વળી હું ખરેખરૂં કહું છું એમાં લેશ જૂઠું ન ધાર. બહુ કુસંપથી

બહુ રાજ તૂટી ગયાંજ; હું શું દૈવ વાત કહું છું કે દુઃખનો આરજ નહિરે, કુવહેમ, મત્સરે કરી આવી આકારી દશા થઇજ, સુસંપની પડી વિના રોગ ભાર ન જશેરે. માટે કુસંપને નસાડવાને, સુસંપને જગાડવાને; અને જંપનેજ વધારવાને ઝટ લઇ તું વિચારરે.

સમજુતી—મને મનમાં દયા આવે છે, અને તેથી હું દેશીઓને અરજ કરૂં છું કે હું ખરેખરૂં કહું છું તેમાં જરાપણ જુઠું માનશો નહિ, બહુ અણબનાવથી બધાં રાજ્ય નાશ પામ્યાં છે. હું નસીબની શી વાત કહું કે દુઃખનો છેડોજ નહિ. ખોટા વહેમ અને અદેખાઇએ કરી આપણી આવી બુરી હાલત થઇ છે. સારા સંપની પડી વગર દુઃખરૂપી રોગનો ભાર જશે નહિ. માટે કુસંપને હાંકી કાઢવાને સારો સંપ ફેલાવાને અને શાંતિ વધારવાને તું જલદી વચાર કર.

પાઠ ૮ મો.

એકાંત=નર્યો વાસ

હાસ્ય વિનોદ=આનંદની ને હસવાની વાતચીત

ખુદાવંદ=મોટા સાહેબ (મોટા દરજ્જાવાળાને અરજ કરતાં વપરાય છે.)

એક વચની=બોલ્યું પાળનાર

તકસીર=ગુનોહ; વાંક; અપરાધ

ચેતી=સમજી

જહાંપનાહ(=જહાં=દુનિયા+પનાહ=રક્ષણ કરનાર)=દુનિયાનું રક્ષણ કરનાર

તાજુબ=અચરજ

એકનો બે થયો નહિ=માન્યું નહિ

સૂચના=અગમચેતી

કનડે છે=હેરાન કરે છે

ખો=લત; કુટેવ

ટળવળે=પીડાય

દમ સુકાઇ જશે=પાયમાલ થઈ જશે

ગત=સ્થિતિ

રકઝક=વાદવિવાદ; તકરાર

અન્નદાતા=(અન્ન=અનાજ+દાતા=આપનાર)=જીવાડનાર

ખાવીંદ=હાકેમ; ધણી

આકરા=ભારે

હીકમત=કળા; તદબીર; યુક્તિ

સાર—અક્કલવાન માણુસો સમયસૂચકતા વાપરી શકે છે. પાંચમી ચોપડી પાઠ ૨ જા ના સમયસૂચકતાના દાખલા આપવા.

પાઠ ૧૦ મો.

પરવાળું=એક જાતના દરિઆઇ પ્રાણીના લોહીમાંથી ઉત્પન્ન થતો મેલ (એનો રંગ લાલ, ગુલાબી કંઇક પીળો મણીરૂપે હોય છે.)

જંગબાર=ઝાંઝીબાર; આફ્રિકામાં શહેર છે.

માડાગાસ્કર=આફ્રિકા ખંડમાં બેટ છે. દુનિયામાં મોટા ટાપુઓ-માંનો એક છે.

ભૂમધ્ય=(ભૂ+મધ્ય) પૃથ્વીની વચ્ચે આવેલો.

પુરબહારમાં=ખીલતા; નીકળતા

પાસિફિક મહાસાગર=શાંત મહાસાગર (બધા મહાસાગરમાં મોટો છે $\frac{1}{3}$ ભાગ પૃથ્વી એણે રોકેલી છે.

બહુપગી=(બહુ+પગ+ઇ)=ઘણા પગવાળા

ખોખું=જીવ વગરનું ખોળીઉં.

રસી=લોહી પાણીવાળો ચીકણો પદાર્થ.

અનંત=(અન્=નહિ+અંત)=ઘણુંજ

અનંત કોટી=(અનંત+કોટી) ઘણુંજ કરોડ; અતિશય; સંખ્યાબંધ.

વિભાગ=(વિ+ભાગ)=ભાગના ભાગ.

ઉષ્ણ=ગરમ

કટિબંધ=(કટિ=કેડ+બંધ=બંધન) પૃથ્વીપર જુદા જુદા પ્રદેશોમાં ટાઢ તાપ કેવા પડે છે તે જાણવાને પૃથ્વીના મુખ્ય પાંચ પટા પાડેલા છે તે દરેકને કટિબંધ કહે છે.

ઉષ્ણકટિબંધ=કર્ક અને મકરવૃત્તવચ્ચેનો ૪૭ અંશનો ભાગ; વિષુવવૃતથી ઉત્તર દક્ષિણ ૨૩॥ અંશનો ગરમ પ્રદેશ.

બંગાણુ=પોલાણ; બખોલ.

વામ=બે હાથને પહોળા પસારી રાખતાં બે હાથને છાતી જેટલી લંબાઇ.

જ્વાળામુખી=(જ્વાળા=અગ્નિ+મુખ=મોં+ઇ=વાળો)=જેના મોઢામાંથી ધુમાડા બળતા પથરા વગેરે નીકળે છે એવો.

વિસામો=વિશ્રાંતિ.

નાળિએર=સંસ્કૃત નારીકેર ઉપરથી (નારીક=પાણીવાળું+ઇર=ઉગવું)=પાણીવાળી જગાએ ઉગનાર ઝાડનું ફળ; નાળિએરીનું ફળ.

પ્રતિ=જાત.

યુનાનીહકીમો=ફારસી કે આરબી વૈદક શાસ્ત્ર પ્રમાણે દવા કરનાર વૈદ

વિધિપૂર્વક=અમુક રીતે; અમુક રીત પ્રમાણે

ભસ્મ=રાખ; રક્ષા

માત્રા=ધાતુ વગેરેને મારી કરેલી દવા

કિરમજી=સંસ્કૃત કૃમિજ ઉપરથી (કૃમિ=જીવડો+જ=પેદાથવું)(એ એક જાતના જીવડામાંથી પેદા થાય છે)=લાલરંગ;ઘેરાલાલરંગ

સવાલ—પરવાળાના બેટા કયાં કયાં છે? પાસિફિક મહાસાગર નામ પડવાનું કારણ શું? (એમાં તોફાન થતું નથી માટે) પરવાળાં કોણ બનાવે છે? પરવાળાની બનાવટ કહો.

પાઠ ૧૧ મો.

આસ્થા=આવ

દાન=ધર્મ બુદ્ધિથી આપવું તે

અપંગ=(અપ=વિજોગ બનાવનાર પ્રત્યય+અંગ=અવયવ)=જેને એક અથવા વધારે અંગ નથી તે (લુલું, લંગડું ઠુંઠું, આંધળું, બહેરું વગેરે)

સારંગી=એક તારનું વાજું

રોશની=પ્રકાશ; લાઇટ

સ્વર=અવાજ

દીન=દયામણું

વદન=(વદ=બોલવું+અન)=મોં

ખોખરી=સારા અવાજ વગરની

બેસૂર=(બે=નઠારો+સૂર=અવાજ) કાનને સારો ન લાગે એવો અવાજ

ચિત્તભ્રમ=(ચિત્ત+ભ્રમ)ગાંડાજેવો

નિશ્વાસ=નિશાસા

ક્ષય=ખય; શરીર દહાડે દહાડે ઘસાતું જાય એવો રોગ

આજારે=માંદગીએ; રોગે

હાય=ફીકર; ચિંતા

સૂર=ગાયનમાં મુખ્ય જે સાત સ્વર છે તે(સા,રી,ગ,મ,પ,ધ,ની)

કંઠ=સૂર; અવાજ

લીન=એકતાર; મશગુલ

ઠઠ=ભીડ; જમાવ

પુંઠ ફેરવી=પાછો વળી

ગંભીરતા=કંઇક ભય અને ઘણું આશ્ચર્ય ઉપજાવે તેવાપણું; ગંભીરપણું

પરવરદેગાર=પ્રાણી માત્રને પુરૂં પાડનાર દુનિયાનો સાહેબ; પરમેશ્વર

અચ્છી=સારો

સાર—એક બીજાના ભાવને લીધે આશા બંધાય છે અને તેથી સારો લાભ મળે છે.

પાઠ ૧૨ મો.

અનારોગ્ય=(અન્=નહિ+આરોગ્ય=તંદુરસ્ત) તંદુરસ્ત નહિ; રોગી

આરોગ્ય=(અ=નહિ+રોગ+ય=સ્થિતિ) રોગ વગરની સ્થિતિ; તંદુરસ્ત

તબીએત=શરીર; પ્રકૃતિ

શરદી=ભેજ; પાણીવાળી હવા

તંદરોસ્તી=(તન=શરીર+દુરસ્ત=સાફ+ઇ=વાળુ) આરોગ્યતા

પચે=મચે

સડસડાટ=સપાટાબંધ; ઝડપથી

ચુઆ=વરસાદના છાંટા છાપરામાંથી ટપકે છે

તાડછાં=તાડનાં પાતરાં

વગ=સવડ; જોગવાઇ

ભોયતળીઉં=ઘરમાં નીચેનો ભોંયપરનો ભાગ

વેધ=ઘર બાંધવાના શાસ્ત્ર પ્રમાણે ન બાંધવું તે ખામી; બાધ

નિકાલ=રસ્તો; માર્ગ

ફરાગત=ઝાડો પિશાબ; મળમૂત્ર

કમસમજ=(કમ=ઓછી+સમજ)=ઓછી અક્કલ

જમાવ થાય છે=ભેગી થાય છે

ત્રિદોષ=વાયુ, પિત્ત અને કફનો બગાડ; તાવ, શૂળ અને ખાસીનો રોગ

ફેફસાં=હવા ભરવાની કોથળીઓ

કાજળ=મેસ

ઢોરઢાંખર=ઢોર વગેરે

મળમૂત્ર=ઝાડો પિશાબ

ઉલટી=ઓકારી

ચૂંક=પેટમાં દુખાવો થવો તે

કોગળીઉં=ઓકી ઓકીને માણસ મરે તે રોગ

જમાવ=ભેગું

સવાલ—ઘર બાંધતી વખતે કઇ કઇ બાબતો ધ્યાનમાં રાખવી ? ઘરની અંદરની વ્યવસ્થા કેવી રીતની રાખવી ?

પાઠ ૧૩ મો.

કાશી=ગંગા નદીપર પવિત્ર જાત્રાનું ધામ છે

યાત્રા=જાત્રા

કાશી વિશ્વનાથ=મહાદેવનું નામ છે

તીર્થક્ષેત્ર=(તીર્થ=પવિત્ર+ક્ષેત્ર=જાત્રાનું ઠેકાણું)=પવિત્ર જાત્રાનું ઠેકાણું

મંદિર=ઠેકાણું; ધામ

મુક્તિપુરી=(મુક્તિ=મોક્ષ+પુરી=નગરી)=મોક્ષની નગરી

અશક્ત=(અ+શક્ત=શક્તિ)=કમજોર

દેહ પડે=મરે

જન્મ મરણનો ફેરો ટળે=મોક્ષ મળે

ખ્યાલ=વિચાર; ધારણા

સોઈ=જોગવાઇ; સવડ

ભાથું=મુસાફરીમાં સાથે રાખેલો ખાવાનો પદાર્થ

ચોર ચાખર=ચોર વગેરે

પારાપર=ઘણીજ

બીન=વગર; વિના

ઘાટ=ઓવારા

દશાશ્વમેધ=(દશ+અશ્વ=ઘોડો+મેધ=ભોગ, બળિદાન) દસવાર ઘોડાનું બળિદાન આપેલી જગા

ગ્રહનિરીક્ષણ=(ગ્રહ+નિરીક્ષ=ધારીને જોવું+અણ એ પ્રત્યય નામ કરે છે)=ગ્રહનું અવલોકન

વિચિત્ર=તરેહવાર

ઘંટકાર+(ઘંટ+આકાર)=ઘંટના આકારનું

ઘાટ=આકાર; ડોળ
શિવમંદિર=(શિવ+મંદિર) મહાદેવનું દહેરૂં.
વિશ્વવિખ્યાત=દુનિયામાં જાણીતું
શિવાલય=(શિવ+આલય=ઠેકાણું) =મહાદેવનું સ્થાન
શિવલિંગ=(શિવ+લિંગ=ઇંદ્રિય) =મહાદેવનું લિંગ
બિલપત્ર=(બિલ=બિલા+પત્ર=પાંદડાં)=બિલીનાં પાંદડાં
દર્શન=ઝાંખી
જ્ઞાનકૂપ=(જ્ઞાન+કૂપ=કુવો) અક્કલનો કુવો (એમાં નહાવાથી અક્કલ વધે છે)
ભાવિક=(ભાવ+ઇક=વાળો)= આસ્થાવાળા; શ્રદ્ધાળુ
આચમન=જમણી હાથેલીમાં પાણી લઇ ચુસી જવું તે; ચાંગળું પાણી પીવું તે
ગજવા કાતરૂ=ખીસા કાતરૂં; ચોરી કરનાર
સાવધ=સચેત; હોશિયાર; ચાલાક
ઝરૂખાદાર=(ઝરૂખા=માળનો આગળ વધારેલો ભાગ+દાર=વાળા) =ગોખવાળા
ખિચોખિચ=સભ્ભર; સંપૂર્ણ; પાસે પાસે
કિનખાબ=કસબ અને રેશમ થી ભરેલું તરેહવાળું કપડું
કુમાસ=પોત
મજલીન=એક જાતનું ઝીણા કુમાસનું કપડું
પીતાંબર=(પીત=પીળું+અંબર= રેશમી વસ્ત્ર)=પીળું રેશમી વસ્ત્ર; અબોટીઉં.
નમુનેદાર=શ્રેષ્ઠ; ઉત્તમ
મૂર્તિ=પત્થર કે લાકડામાં કોતરેલું કે ધાતુનું ઘડેલું દેવ દેવીનું જે સ્વરૂપ તે
નાનાવિધ=જુદી જુદી જાતના
આંખ ધરાતી નથી=વારંવાર જોવાનું મન થાય છે.
દબદબો=ભપકો; ઠાઠ
સાજ=શણગાર
શ્રેષ્ઠ=મોટામાં મોટું
ધુરંધર=ઘણા મોટા
આચાર્યો=મોટા ગુરૂઓ
પાઠશાળા=(પાઠ+શાળા)=કોલેજ ;

અનાદિ=(અન+આદિ=આરંભ)=જેને આરંભ નથી તે; ઘણા જુના
પદ્ધતિ=રીત; રિવાજ

પાઠ ૧૪ મો.

ખંત=કાળજી ચેટક
સાચવટ=(સાચ+વટ=પણું)=સાચાપણું
કુમળું=નાનું
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી=જે આદત પડી હોય તે મટાડી મટે નહિ
ખુબી=વખાણવા લાયક ચતુરાઇ
મહાવરો=અભ્યાસ
જાદે=વધારે; અતિશય
મહાલવા=મરજીમાં આવે તેમ કરવા
પરીક્ષા=(પરિ+ઇક્ષ=તપાસવું+આ)=ચોગરદમથી તપાસવું તે
આદરી=આરંભી; શરૂ કરી
મુક્તાફળ=મોતી
અંકુર=ફણગો
હૃદયકમળ=જેમાંથી પ્રેમ પેદા થાય છે તે; અંતઃકરણરૂપી કમળનું ફૂલ
અનુકરણ=(અનુ=પાછળ+કૃ=કરવું) દેખાદેખી; એકના જેવું બીજું કરવું તે
અનુરૂપ=મૂળને પૂરેપૂરો મળતો
તર્ક=વિચાર; કલ્પના
શોધક=(શોધ+અક)=શોધકરનાર
પ્રજાસત્તાક=(પ્રજા+સત્તા+અક)=રૈયતની સત્તાવાળું
પ્રમુખ=(પ્ર+મુખ)=વડો; મુખી
ઉંડી અસર=સારી લાગણી
બાલ્યાવસ્થા=(બાલ્ય+અવસ્થા)=નાનપણ
જનેતા=મા
ભક્તિ ભાવ=ખરો પ્રેમ
જીવન=જીંદગી
સાંપડે છે=મળે છે; આવે છે
પાયા વગરના=નકામા
સ્વર્ગ સમી=સ્વર્ગ જેવી
મૂળ=શરૂઆત
પ્રતાપ=બળ

પાઠ ૧૫ મો.

વિવેક=ખરૂં ખોટું સમજવાની શકિત
જળપાત્ર=(જળ+પાત્ર) પાણીનો લોટો

અગાસું=મુગ્તીથી એકાએક પો પહોળું થય છે તે	સંભવિત=આબરૂદાર; પ્રતિષ્ઠિત
ફુંપદ=અહંકાર; ગર્વ	પરિચય=ઓળખાણ; સહવાસ
	બીભત્સ=ભૂંડા શબ્દ; અપશબ્દ

સવાલ—વિવેક ... નું મુખ્ય સ્થળ કયું ? આપણા કરતાં મોટા, બરોબરીઆ અને નાના સાથે કેવી રીતે વર્તવું ? આપણે ઘેર કોઇ આવે તેના સાથે કેવી રીતે વર્તવું ? આપણો પોશાક કેવો રાખવો ? સારા માણસ દેખતાં કઇ કઇ ક્રિયા કરવી નહિ ? અંગ્રેજ લોકને મળવા જવામાં કયા કયા નિયમો યાદ રાખવા ?

પાઠ ૧૭ મો.

પાધરો દોર=સીધો	રૂડાં વાનાં=પ્રતાપ
ઝગઝગારો=ચળકાટ	અમુલખ=કિંમતી
દેગ=મોટો દેગડો	સોટ=સવડ
અનાવૃષ્ટિ=(અન્+આ+વૃષ્ટિ=વરસાદ)=વરસાદ ન થવો તે	છાવણી=લશ્કરી મથક
	યોગે=લીધે
	નાનાવિધ=જુદી જુદી તરેહના

સવાલ—આગગાડીથી શા શા લાભ થયા ? આગગાડીના એંજીનની હકીકત સમજાવો. હિંદુસ્તાનમાં સાડાપાંચ, સાડાચાર, સાડા ત્રણ અને અઢી ફુટના માપની કઇ કઇ રેલવે છે ને તે કયાંથી કયાં સુધી જાય છે ? વરાળના બળ સિવાય બીજા કયા બળથી આગગાડી ચલાવી શકાય છે ?

પાઠ ૧૮ મો.

શ્રીનગર=કાશ્મીર	પ્રહર=પહોર; ત્રણ કલાક
દરિદ્રી=કંગાલ; ગરીબ	કુળવાન=(કુળ+વાન)=કુલીન
જવલ્લેજ=ભાગ્યેજ	કુળવંતી=(કુળ+વંતી)=કુલીન
દરિદ્રતા=કંગાલિયત; ગરીબાઇ	કુથની=કુથલી; ખોટી વાતો
	ચલાયમાન=અસ્થિર; ચંચળ

પુષ્ટ=પુષ્ત થએલું
આજન્મકાળ=મરતાં સુધી; જિંદગી પર્યંત
આપત્તિ=દુઃખ; આફત
ઉડાઉ=કમાણી કરતાં વધારે ખર્ચ કરનાર; નકામું બહુ ખર્ચ કરનાર
પ્રતિદિન=(પ્રતિ+દિન)=દરરોજ; હંમેશાં
સેવવા=પાળવા

પાઠ ૧૯ મો.

ખામી=તંગી; અછત
કરપલ્લવી=(કર=હાથ+પલ્લવી=ઇશારત)=હાથની નિશાની
મુદ્રા=ચિહ્ન; નિશાની
શીઘ્ર=ત્વરિત ને તરત કરેલી
યાદદાસ્ત=સ્મરણ શક્તિ
ભારા=છોડીનું નામ
ખિજમન=કુળનું નામ
પરોપકાર બુદ્ધિ=પારકાનું ભલું કરવાની વૃત્તિ
શિક્ષણ પદ્ધતિ=શીખવવાની રીત
ગત=હાલત
લિપિ=ભાષા
યોજી=શોધી; ગોઠવી
બેહદ=(બે+હદ) ઘણોજ
અંધશાળા=(અંધ+શાળા)=આંધળાની નિશાળ
ચિહ્નો=નિશાનીઓ; મુદ્રાઓ

સાર—૧) ગમે તેવો અપંગ હોય તોપણ તે ઉદ્યોગ, હોંસ અને દૃઢતાથી ભણી ગણી હોશિયાર થાય છે. ૨) ઇશ્વરે આપણને સઘળા અવયવો સારા આપેલા છે તે માટે ઇશ્વરનો પાડ માનવો, અને તેથી બીજા માણસોને સુખી કરવાના પ્રયત્ન કરવા.

પાઠ ૨૦ મો.

સાહસ=જે કામ પાર પાડવામાં જીવની હાનિ થવાનો સંભવ હોય તેવું ગોટું કામ કરવાની જે હિંમત તે; વગર વિચાર્યું; સહસા

અન્વય—સાહસ કર્મ કર્યાથી હર્ષનો નાશ હોય, કવિ સામળદાસ કહે છે કે એ દૃષ્ટાંતથી દેખો.

સમજુતી—વગર વિચાર્યું કામ કર્યાથી ખુશાલીનો નાશ થાય છે: માટે સામળદાસ કવિ કહે છે કે તમે એ દાખલાથી જુઓ.

રવાના કરવામાં=મોકલવામાં
બેપરવા=(બે+પરવા)=બેદરકાર
જોમી=ઠરી
સાહસિક=(સાહસ+ઇક)=સાહસ કરનાર
પરશુરામ=જમદગ્નિના પુત્ર;વિષ્ણુ-ના દશ અવતારમાંના છઠ્ઠા ને ચોવીસમાંના ૧૯મા અ-વતાર છે.
નિજ=પોતાને
ઇંદ્રજીત=રાવણનો મંદોદરીથી થએલો મોટો પુત્ર
શૂર=શૂરો
વીર=યોદ્ધા
વિક્રમ=પરમાર વંશનો ઉજ્જનનો પરદુઃખભંજન મહારાજા
સીકંદર=અલેકઝાંડર; ગ્રીસ દેશનો રાજા
અમર=(અ+મર)મરે નાહ એવું; કાયમ;અચળ
જાગે=જગે; ઠેકાણે
યાહોમ કરી=ઝંપલાવી
આગે=આગળ;અગાડી
ઉઘાડપગા=જોડાવગરના

અન્વય—સાહસે પરશુરામે અરજુનને પુરો કર્યો, તે પ્રસિદ્ધ પરશુરામ નિજ વચને રહ્યા. સાહસે લક્ષ્મણે શૂર ઇંદ્રજીતને હણ્યો; સાહસે વીર વીક્રમને સહુ જગત ભણે છે. સાહસે સીકંદર નામ સહુ જગે અમર છે. જો તમે યાહોમ કરીને પડો તો ફતેહ આગે છે.

સમજુતી—સાહસથી પરશુરામે અરજુનને માર્યો. તે પ્રસિદ્ધ પરશુરામ પોતાના વચનથી રહ્યા. સાહસથી લક્ષ્મણે શૂરા ઇંદ્રજીતને માર્યો. સાહસને લીધે મહાત્મા વિક્રમને આખી દુનિયા યાદ કરે છે. સીકંદરના સાહસથી તેનું નામ બધી જગાએ અમર છે, જો તમે પણ સાહસથી ઝંપલાવો તો જીત અગાડીજ છે.

સવાલ—સાહસ કેટલી જાતના છે? સાહસ શબ્દને સારા અર્થમાં અને નઠારા અર્થમાં વાપરી બતાવો. સાહસ શબ્દને સારા અર્થમાં વાપર્યો છે તે લાવણી બોલો.

પાઠ ૨૨ મો.

સફરી=મોટા દરીઆની મુસાફરી કરનાર

વાધરી=ચામડાની દોરી

જળ પ્રવાસ=(જળ+પ્રવાસ)=પાણીની મુસાફરી

બતેલા=નાનું વહાણ

ફતેમારી=(ફતે+મારી)=બતેલાથી મોટું વહાણ

સવા=(સ+વા)સારો પવન

સુકાન=વહાણને ફેરવવાનો દાંડો

સફર=દરીઆની મુસાફરી

સરજામ=સામાન

મનવાર=લડાઇનું વહાણ

ગંજાવર=ઘણું મોટું

બંદર કર્યા વગર=મુકામ કર્યા વગર

ટન=વીસ હંડ્રવેટ

કાટકા=કડાકા

યાંત્રિક બળ=(યાંત્રિક=યંત્રની+બળ=શક્તિ)=સાદામાં સાદા યંત્રની શક્તિ

વિદ્યુત=(વિ=વધારે+દ્યુત=પ્રકાશવું+ત=ભૂતકૃદંતનો પ્રત્યય=એલું)=પાણી માત્રમાં જે ગુપ્ત બળ રહેલું છે તે; વીજળી.

હોકાયંત્ર=(હુક્કા=હુક્કો=દાબડી+યંત્ર) વહાણમાં દિશા જાણવાનો સંચો

લોહચુંબક=(લોહ=લોઢું+ચુંબક=ચુશી લેનાર)=લોઢાને પોતાની તરફ ખેંચનાર (એ એક એવી જાતનું લોઢું છે કે તેની પાસે થોડે છેટે સોય વગેરે બીજું સાધારણ લોઢું ધરીએ તો તેને તે ખેંચી લઇ પોતાની જોડે વળગાડી દે છે)

પાઠ ૨૩ મો.

દ્રૌપદી=અગ્નિ કુંડમાંથી નીકળેલી દ્રુપદ રાજાની પુત્રી

સ્વયંવર=કન્યાએ પોતાની ઇચ્છા મુજબ વર શોધી કાઢી પરણવું તે

દ્રુપદ=પંચાળ દેશનો રાજા; પ્રષદનો પુત્ર

ભૂદેવો=(ભુ+દેવો)=બ્રાહ્મણો

નિંદન કર=જવાબ; કહી બતાવ

ધૃષ્ટદ્યુમ્ન=હોમ કુંડમાંથી નીકળેલો દ્રુપદનો છોકરો

યોજશે=તાકશે; ફેંકશે

જળેજ=પાણીમાંજ
ક્ષત=ઘા; છેદ
મચ્છ=માછલું
ભગિની=બેન
વરમાળ=સ્વયંવરમાં કન્યા જે માળા- હાર પહેરાવી પોતાનો વર કરી થાપે છે તે; વરવહુની કોટમાં પરણતી વેળા જે માળા ઘાલવામાં આવે છે તે

અન્વય—વીરો સાંભળો, પણ જે ધનુષ્ય ઉઠાવશે અને ચક્રમાંથી જતું શર જે યોજશે; ને જળેજ જોઇ મચ્છો ક્ષત કરશે, તેને (મારી) ભગિની આ વરમાળા પહેરાવશે.

સમજુતી—ભાઇઓ સાંભળો, જે કામઠું ઉંચકશે અને ચક્રમાંથી જાય એવી રીતે બાણ ફેંકશે, ને પાણીમાંજ જોઇને મચ્છ વીંધશે. તેને મારી બેન આ વરમાળ પહેરાવશે.

હાથ ઘસીને=પસ્તાઇને; દીલગીર થઇને
ડોળ=ભપકો
જયદ્રથ=સિંધુ રાજાનો પુત્ર. (એ દુર્યોધનની બેન દુઃશાલા સાથે પરણ્યો હતો)
બાંકા ટેડા=ફાંકડા
તાવ=તાલ;મૂછપર હાથ ફેરવવો તે
સાંધ્યો=તાક્યો
ડુંટી=નાભ; પેટના નીચલા ભાગમાં જે શરીરનું મધ્ય બિંદુ છે તે
ગુણ=ચાપ; ધનુષ્યની દોરી
ચોઘડીઉં=ચાર ઘડીનો વખત
શિશુપાળ=દમઘોષનો વસુદેવની બેનથી થએલો પુત્ર.
નયનવેધ=આંખ છેદવી તે
પ્રબળ=(પ્ર+બળ)=જોરાવર
વેધી=વીંધી; છેદી.
વરે=પરણે
ખેદ=બળાપો; અફસોસ
કીર્તિમંત=(કીર્તિ+મંત) આબરૂવાળા
સોયે=જાણે
વીર=બહાદુર
સાથ=સકળ

પણ=નિયમ; પ્રતિજ્ઞા; બાધા	બીડે=ધરે
દાખી=બતાવી	વિપ્ર=બ્રાહ્મણ
વીર્ય=પરાક્રમ; બહાદુરી.	લાજ=આબરૂ
ક્ષત્રીજાયો=ક્ષત્રિય પુત્ર	સરશે=થશે

અન્વય—કોઇ રાજે ઊઠો ઊઠોની! અને મચ્છ વેધી કન્યાએ વરો; મચ્છ વેધી કન્યા એ વરો, (કે જેથી) મારૂં પણ મિથ્યા ન થાએ. (૧) કોઇ મચ્છ વેધી નવ શકે, આ જોયે મુને (મનમાં) ખેદ થાય (છે;) સો ક્ષત્રી કીર્તિમંત સોહે, પણ શું! અહીંઆં (કોઇ) વીર ન હોયે? (૨) વારૂ માથે સારા મુગટ મુકયા છે (તો) હવે મારૂં પણ સાર્થ(ક) કરો; (તમે) કોટે મોતીની માળા ધાલી છે, (તો હવે) વીર્ય દાખી વરમાળ પહેરો. (૩) કો ક્ષત્રીજાયો હામ ન બીડે (તો) વિપ્રમાંથી કોઇ કામ કરો; (કે જેથી) સભાકેરી ને મારી લાજ રહેશે. (અને) વળી કન્યાનું કામ કરશે.

સમજુતી—કોઇ રાજા ઊઠો ઊઠો અને માછલાને છેદી કન્યાને પરણો; માછલાને છેદી કન્યાને પરણો, કે જેથી મારી પ્રતિજ્ઞા નકામી જાય નહિ. (૧) કોઈ માછલું છેદી શકતું નથી આ જોઇ મને મનમાં (દીલગીરી) બળાપો થાય છે; (અફસોસ છે કે કોઇ માછલાને વીંધવાને સમર્થ નથી.) બધા ક્ષત્રીઓ આબરૂદાર (પ્રતિષ્ઠા વાળા) જણાય છે, પણ શું! અહીંઆ કોઈ બહાદુર નથી? (૨) વારૂ તમે માથે મુગટ મુકયા છે (તમે રાજા છો) તો ઠીક પણ હવે મારી પ્રતિજ્ઞા સફળ કરો; વળી તમે ગળામાં મોતીની માળા ધાલી છે, તે ખોટી માનું છું; તો હવે તમારૂં પરાક્રમ બતાવીને વરમાળ પહેરો. (૩) કોઇ ક્ષત્રીય પુત્ર હિંમત કરે નહિ, તો બ્રાહ્મણમાંથી તમે કોઇ મારૂં કામ કરો; કે જેથી સભાની ને મારી આબરૂ રહેશે. અને વળી કન્યાનું પણ કામ થશે. (૪)

કોડ=હોંશ
દીન=આચાર
વીનવે છે=વિનંતી કરે છે.
કર્ણ=કુંતીને કુંવારી અવસ્થામાં સૂર્યથી થએલો પુત્ર
સિદ્ધ કરીશ=પાર પાડીશ
સંધાન=જોડાણ
સુતપુત્ર=દાસી પુત્ર
લજ્જિતપણું=શરમાળપણું
ક્રોધયુક્ત=ગુસ્સાવાળા
નક્ષત્રી=ક્ષત્રી વગરની
સાક્ષાત=પ્રત્યક્ષ
કન્યારત્ન=કન્યા રૂપી રત્ન
તેજ=આબરૂ; કીર્તિ
વામન=વિષ્ણુનો પાંચમો અવતાર; ઇંદ્રના નાનાભાઇ

પરશુરામ=જમદગ્નિનાપુત્ર (એત્રે-તાયુગનાપ્રારંભમાંજન્મ્યાહતા.)
અગસ્તિ=એ નામના ઋષિ; વરુણ ને ઉર્વશીના પુત્ર
વાન=બાંધો; વર્ણ; રંગ.
ચાચલ=ચંચળાઇ
છટાએ=ખુબીથી
કાપડી=કાપડ વેચનાર; (કારણ કે પાંડવો કાપડ વેચનારનો ધંધો કરતા હતા. ત્યાર પછીથી સાધુ-ની સાથે જવા લાગ્યા)સાધુ; સાધુના વેષમાં અર્જુન.
મરોડ=વાંક; લહણ
ગળ્યાં=ભાગ્યાં
દક્ષ=નિપુણ; હોશિયાર.
ટાઢું કર્યું=નિવૃત કર્યું; કાનકરૂ કર્યું મથી

અન્વય-જુઓ જુઓ વીપ્રે હામ ભીડી. છટાએ ધનુષ ધર્યું (છે) કાપડી ક્ષત્રીનું કામ કરે છે; છટાએ ધનુષ ધર્યું (છે;) એનો અંગ મરોડ જુઓ, છટાએ ધનુષ ધર્યું (છે;) ગર્વી ભૂપતિના કોડ ગળ્યાં, છટાએ ધનુષ ધર્યું (છે;) એના નેત્રનો લક્ષ જુઓ. છટાએ ધનુષ ધર્યું (છે;) શર યોજવે કેવો દક્ષ છે. છટાએ ધનુષ ધર્યું (છે;) ઓહો! એણે મચ્છ વેધ્યો (અને) ધનુષ ટાઢું કર્યું, વિપ્રે અદ્ભુત (કામ) કર્યું, (તેથી) એ સહુ વરમાળા પહેરશે.

સમજુતી--(એક બ્રાહ્મણ બોલ્યો કે) જુઓ બ્રાહ્મણે કેવી હીંમત કરી છે. ને કેવી ખુબીથી કામઠું પકડ્યું છે. કેવી ખુબીથી કામઠું પકડીને સાધુ ક્ષત્રીનું કામ કરે છે. એના શરીરની લઢણ જુઓ! એણે ખુબીથી કામઠું પકડ્યું છે. અહંકારી રાજાઓના હોંસ ગળી ગયા છે. ખુબીથી કામઠું પકડ્યું છે. એની આંખની નિશાન તાકવાની ખંતીલી ધારણા જુઓ. એણે ખુબીથી કામઠું પકડ્યું છે. બાણ મારવે કેવો નિપુણ છે. એણે ખુબીથી કામઠું પકડ્યું છે. અરે એણે માછલું વીંધ્યું ને ધનુષ ટાઢું પાડ્યું. એ બ્રાહ્મણે નવાઇ જેવું કામ કર્યું તેથી એને દ્રૌપદી વરમાળા પહેરાવશે

અન્વય--બાઇ કાંઇ વિસ્મે કરે (અને) હાસે (છે.) દ્રૌપદી માળ પહેરાવે છે, (તેથી તેના) મનનું માન્યું થાય (છે,) (તેથી) તે અંતરે હરખાય (છે.) (૧) બાઇ તે વરમાળા પહેરાવીને મચ્છ વેધુની પાસ ઉભાં, એની (દ્રૌપદીની) આશા ફળો; (એને) એ વર ક્ષત્રી હજો. (૨) બાઇ તમારૂં હેત ન વીસરે; અમને (તમારાથી) જુદા પડયાનું દુઃખ (છે પણ) તમને સુખ થાઓ એમાં (અમે) સુખ માનીશું (૩)

સમજુતી--બાઇ કાંઇ નવાઇ જેવું લાગે છે, પણ તમો એને માળા પહેરાવો છો; તેથી એ મનમાં ખુશ થાય છે; કારણ કે એના મનનું ધાર્યું થાયછે. દ્રૌપદી તે વરમાળા પહેરાવીને મચ્છ વેધુની (અરજુનની) પાસે ઉભાં. એની (દ્રૌપદીની) આશા સફળ થાઓ અને એ વર ક્ષત્રી હોજો. (૨) બાઇ તમારૂં હેત ભુલાય તેમ નથી તેથી અમને તમારાથી વિયોગ થયાનું દુઃખ થાય છે; પણ તમને સુખ થશે તેમાં અમે સુખ માનીશું. (૩)

પાઠ ૨૪ મો.

મક્કા=અરબસ્તાન દેશમાં શહેર છે (તેમાં મહમદ પેગંબર સાહેબનો જન્મ થયો હતો)
હજ=મક્કાની જાત્રા કરવી તે
હાજી=જાત્રા કરનાર; જાત્રાળુ
જેદ્દા=અરબસ્તાનમાં રાતા સમુદ્રને કાંઠે બંદર છે.
મજલ=ટપ્પો
જોગવાઇ=સવડ
પાક=પવિત્ર
ધારણ કરે છે=પહેરે છે
પાટલી=ચડી
શીખ=જૂનાં ઘડાં
શરીફ=કાંતિમંત; આબાદ
નિમાઝ=બંદગી; પ્રાર્થના
ફરમાન=હુકમ
લબ્બેક=હું આવું છું
ચુમે=ચુંબી કરે
ચાલ=ચાલથી
પઢી=ભણી
અલેહિસ્સલામ=જેના નામ ઉપર રહેમત રહે તેવા
ખુતબા=ધર્મનો ઉપદેશ
ભોગ=બળિદાન
મહંમદ પેગંબર=ઇશ્વરના ત્યાંનો સંદેશો લાવનાર મહંમદ (ઇસ્લામી પંથનો સ્થાપનાર
મદીના=અરબસ્તાન દેશમાં શહેર છે (અહીંઆ મહંમદ પેગંબર સાહેબ મરણ પામ્યા હતા)
ઇસ્લામી ધર્મ=મુસલમાની ધર્મ
શેતાન=પલિત; અપવિત્ર

પાઠ ૨૫ મો.

પ્રાચીન=જુનું
અર્વાચીન=હાલનું; ચાલતા સમયનું
અંતર્ત્વચા=(અંતર+ત્વચા=ચામડી=પડ)=અંદરનું પડ
બહેરીન=ઇરાની અખાતમાં બેટ છે
સિંહલદ્વીપ=લંકા (એની આકૃતિ જમરખના જેવી છે)
છવાઇ રહે છે=ખીલી નીકળે છે; જણાય છે.
અડદીઆ=કાળા
સટકીઉં=ઝટ સરી જઇ છુટે એવી ગાંઠ
ચીમટા=ચીપીઆ
ભસ્મ=રાખ

વડ=પ્રકાર; જાત
વીંધ=છિદ્ર; કાણું
અંકાય=નક્કી થાય; ધરાય
સરકો=શેરડી તાડી વગેરેનો ખાટો થએલો રસ

પાઠ ૨૬ મો

નિંદા=કોઇનું ભુંડું બોલવું તે
ચાડી ચુગલી=વગર કારણે અથવા કારણસર કોઇની છુપી વાત બીજા ઘણા માણસ આગળ કહેવી તે
કુટેવ=(કુ+ટેવ)=ખરાબ આદત
ચર્ચા=વાદવિવાદ
કુથલી=નકામું ટહાયલું; સાર વિના લાંબી વાત; નિંદા
મેળાવડો=મંડળ
મંડળીની હવામાંજ ફેર પડતો =મંડળામાં કાંઇક જુદીજ અસર થતી
છાપ=અસર
ઘર ભાંગે છે=ઘરમાં તુટ પડે છે.
ચાનક=ખંત; ચેટક; કાળજી
ગીબત=નિંદા; નાલેસી; કોઇની પાછળ તેનું ભુંડું બોલવું તે.
હલાલ કરેલી=ખાવાને માટે મારી નાખેલી
તાજુબ=વિસ્મય
ખોડ=એબ; ખામી
ચીઢ=કંટાળો; અણગમો;
નજરે નજરે=પ્રત્યક્ષ
ખાસીએત=ટેવ; આદત.
જડમૂળથી=સમૂળગી; તદન
જીભલડી=જીભડી; જીભ
લુલી=જીભ
વિકટ=અઘરૂં; મુશ્કેલ.

પાઠ ૨૭ મો.

પ્રાતઃકાળ=પ્રભાત
ચિત્ર=ચિતાર; આબેહુબ વર્ણન.
મર્યાદા=છેવટની હદ; છેડો
અરૂણ=સૂર્યનો સારથી
સારથી=રથ હાંકનાર
ચંદ્રમા મુઆ પછી=ચંદ્રમા અસ્ત થયા પછી
કુમુદિ=કુમુદ ફૂલનો વેલો; પોયણી.
પ્રિયા=વહાલી
સેવતી=એક જાતનું ફુલનું ઝાડ.
નાસિકા ઇંદ્રિય=શ્વાસ લેવાની ઇંદ્રિય; નાક.

દિવાકર=(દિવા+કર)=દહાડાનો કરનાર; રવિ; સૂર્ય
ચોપદાર=છડીદાર
નેકી=સાચવટ
ઘોર=મોટો અવાજ
પ્રભાતીઉં=સવારના પહોરમાં ગાવાની કવિતા
અમથો રાગડો કાઢી જુઠું રડવા=ખોટો વિલાપ કરવા.
તેઓની આંખ તેઓના મોંને જવાબ દેતી નહતી=તેઓના રડવાની અસર તેઓના ચહેરાપર જણાતી નહોતી.
દોપિસ્તા=સહી ચોપડી ધુંટેલા જાડા પત્તાં
ઇત્યાદિ-(ઇતિ=એ પ્રમાણે+આદિ=બીજી). એ પ્રમાણે બીજા પણ; વગેરે
બંધ=બંધન
શંખણી=કંકાશિઓણ; નઠોર
આળસુ=જેને કામ કરવાનું મન ન થાય તે.
એદી=ઘણોજ આળસુ; બીલકુલ કામ નહિ કરનાર

અંગવસ્ત્ર=(અંગ+વસ્ત્ર)=શરીર ઢાંકવાનું લુગડું
સહસ્રલિંગ=(સહસ્ર=હજાર+લિંગ) મહાદેવની હજારદહેરીવાળું
વનવાગલા=વનવાગોળ
સફળ=સિદ્ધ; પૂર્ણ
નિષ્ફળ=(નિષ્+ફળ)=નકામી; ફોકટ
ચિંતાતુર=(ચિંતા+આતુર)=ફીકરમંદ
લાદીને=પીઠપર ભાર ભરીને
ધાટ=ઓવારા
ધનુર્વિદ્યા=(ધનુર+વિદ્યા)=કામઠું ખેંચી બાણ મારવાની વિદ્યા.

પાઠ ૨૯ મો.

મશહુર=પ્રખ્યાત; નામીચા
નિર્ધનતા=(નિર્+ધન+તા)=ગરિબાઇ
રસ=લહેજત; શોખ.
બંધારણ=પાયો
સ્કોલરશિપ=વિદ્યાર્થીને મદદ તરીકે જે રકમ મળે છે તે
નિર્વાહ=ગુજારો; પોષણ
ઉદાહરણ=દૃષ્ટાંત; દાખલો

આપબળ=જાત મહેનત

ઉંચે સ્થાને=ઉંચી પદવીએ

મનોબળ=મનનું જોર; મગજશક્તિ

મંત્રી=કારભારી

સુધારક=(સુ+ધાર+અક)=સુધારો કરનાર

તંત્રીપણું=વર્તમાનપત્ર વગેરેમાં લખાણ કરી તે ચાલવાનું કામ

ગયું દીઠું ન પડ્યું=જવાથી કામ મને હરકત ન આવી; કામ અટકી ન રહ્યું

ઇન્સ્પેક્ટર=તપાસનાર

ડેપ્યુટી=તાબાનો

વહોરી=માથે લઇ

બીડું ઝડપ્યું=આગેવાની કરી

ટ્રેનિંગ=શિક્ષણ

પ્રિન્સિપાલ=મુખ્ય ગુરૂ

પ્રાથમિક=(પ્રથમ+ઇક)=શરૂઆતની

ભાષાંતરો=તરજુમા; એક ભાષામાંથી બીજી ભાષામાં નકલ કરવી તે

અભિપ્રાય=સલાહ; વિચાર

વર્નાક્યુલર=ચાલતી દેશી ગુજરાતી ભાષા

સોસાઇટી=મંડળી

પ્રસાર=ફેલાવો

ઉન્નતિ=ચઢતી

પ્રયાસ=મહેનત; યત્ન

ઉદય=ચઢતી; ઉન્નતિ

અર્પણ=બક્ષીસ; ભેટ

નિખાલસ=નિષ્કપટી; શુદ્ધ મનના

પાઠ ૩૦ મો.

ઢંઢેરો=સઘળી રૈયતને માટે સરકાર તરફનું જાહેરનામું

નામદાર=(નામ+દાર)=પ્રખ્યાત

ઇસ્ટ ઇંડિયા કંપની=ઇંગ્લાંડથી હિંદુસ્તાનમાં વેપાર કરવા આવેલી મંડળી

સ્થાપન=મંડાણ; શરૂઆત

મૂળ હેતુ=અસલ વિચાર

રાજ્યવ્યવસ્થા=(રાજ્ય+વ્યવસ્થા)=રાજ્ય બંધારણ

ગરબડ=ગોટાળો

પાર્લામેન્ટ=ઇંગ્લાંડની રાજકીય સભા

સનંદ=પરવાનો; પટો

મારફત=દ્વારા; વડે

સમસ્ત=સઘળા

દિલાસો=ધીરજ

અભયવચન=(અ+ભય+વચન)=

બીક વગરના ખાતરીભરેલા બોલ
પ્રગટ કર્યો=જાહેર કર્યો
હસ્તક=તાબે; કબજે
વાઇસરોય=(વાઇસ=બદલે+રોય = રાજા)=રાજાને બદલે નિમાયલો અધિકારી;પ્રતિનિધિ
તહનામું=સલાહનો કરાર
કરારનામું=સરતપટો
સદરહુ=ઉપર કહેલી; મજકુર
ધક્કો=નુકસાન
મરતબો=માન; મોટાઇ
પ્રત્યે=તરફ
રાજ્યધર્મ=(રાજ્ય+ધર્મ)=રાજાની ફરજ
ધતરાજી=નાખુશી; કમમહેરબાની
સ્વસ્થતા=(સ્વસ્થ=શાંત+તા=પણું) શાંતિ
લોકપયોગી=(લોક+ઉપયોગ+ઇ) લોકના જરૂરના
વૃદ્ધિ=વધારો
સમગ્ર=આખી;બધી
આબાદાની=ચઢતી
સામર્થ્ય=જોર;બળ

પાઠ ૩૧ મો.

લંડન=ઇંગ્લંડમાં ટેમ્સ નદીને કાંઠે બ્રિટિશ રાજધાનીનું શહેર છે (એ દુનિયામાં મોટામાં મોટું શહેર છે)
રોકનદાર=(રોકન+દાર)ભપકાદાર
ઝળાંઝળાં થઇ રહેલી=પ્રકાશેલી
ગ્યાસ=વાયુ
જંગી=મોટી
સુરંગ=જમીનમાં દારૂ ભરી ઉડાવવો તે
ટેમ્સ ટનલ=ટેમ્સ નદીની નીચે થઇ ગાડી, ઘોડા, માણસ અને આગગાડીને જવાનો રસ્તો
રઢિઆળું=સુંદર;ફુટડું; સુશોભિત
પટ્ટાભિષેક=ગાદીએ બેસાડવાની ક્રિયા
દફન કરવું=દાટવું
પાલેસ=મહેલ
મ્યુઝીઅમ=પ્રદર્શન; સંગ્રહસ્થાન
ઐતિહાસિક=ઇતિહાસ જણાવનારી
બખ્તર=લોઢાની જાળીનો અંગરખો; કવચ

મુગટ=તાજ.
બીજ=ફૂલ
ચમત્કાર=નવાઇ.
નેશનલ=પ્રજા સંબંધી
સાહસિક=(સાહસ+ઇક)=જોખમ વેઠનાર
દેશાભિમાની=(દેશ+અભિમાન +ઇ)=દેશનું અભિમાન રાખનાર.

પાઠ ૩૨ મો.

કૃતજ્ઞતા=(કૃત+જ્ઞ+તા)=નીમકહલાલપણું
લાગણી=ભાવ
વૃત્તિ=વલણ
ઉંચો ભાવ=ખરી આસ્થા
શ્રમણ=માત પિતાની આજ્ઞા પાળનાર બ્રાહ્મણ
વિસુવિઅસ=નેપલ્સની પાસે ઇટાલીમાં જવાળામુખી પર્વત છે.
લાવા=જવાળામુખીના મોમાંથી જે ઉનો રસ નીકળે છે તે.
અગ્નિરસ=(અગ્નિ+રસ)=અગ્નિનો રસ
ગરક થઇ ગયું=દટાઇ ગયું.
શીતળ=ટાઢો; ઠંડો

અસાધારણ=(અ+સાધારણ)=સાધારણ નાહ તે; નવાઇનો
ભક્તમાન=ભક્તવાળા
ક્ષેત્ર=જાત્રાનું ઠેકાણું; ધામ
ગુણીઅલ=ગુણ જાણનાર
શોકાતુર=(શોક+આતુર) દીલગીર.
આભારી(આભાર+ઇ)આભારવાળા
પંકતી=દરજ્જો; પ્રકાર
કૃતઘ્ન=(કૃત=કામ+ઘ્ન=નાશ કરનાર)=ઉપકારના બદલામાં અપકાર કરનાર; નીમકહરામ; ઉપકાર ભૂલનાર
કૃતઘ્નતા=નીમકહરામી
કરમ=ભુંડા કૃત્ય
ઘોર=ભયંકર
ચટકા ભર્યાજ કરતું=મનમાં ખેદ થયાજ કરતો

પાઠ ૩૩ મો.

ભવ્ય=મોટી સુંદર
મત્સ્યેંદ્ર=એ નામનો એક તપસ્વી; ગોરખનાથનો ગુરુ
ગોરખ=મત્સ્યેંદ્રનો શિષ્ય
મઢી=ઝુંપડી; પર્ણકુટીઓ; મરૂડીઓ

યોગશાસ્ત્ર=ચિત્તવૃત્તિના નિરોધનું શાસ્ત્ર
ઉપદ્રવ=હરકત; અડચણ
ખો=ગુફા; બખોલ; કોતર.
હાડકું પણ ન જડે=હાડકાના ચુરેચુરા થઇ જાય.
અંધારા=તંમર; ચકરી; ફેર.
વેદાંત=એ નામનું એક શાસ્ત્ર
પારંગત=પાર પામેલા.
ચંડિકા=એ નામની દેવી; માતા
યથાશકિત=શકિત મુજબ
કુળદેવતા=ગોત્રજ
ઇષ્ટદેવતા=પોતે પસંદ કરેલો દેવ
જતિ=ગોરજી
સ્થાનિક=મઠવાળા; આશ્રમવાળા
પંથીઓ=પંથવાળા
વિરોધ=જુદાગણું; અણબનાવ
ઝાંઝવા=ઝાંખ; અંધારા
એક બીજાના ખભા ઉપર માથા કરી જોઇ રહેતાં હતાં=એક બીજાને ટાળ પડતાં વળગી રહ્યાં હતાં
તળેટી=પહાડના મૂળ આગળની જગો
ઠઠ=જથો
ચાતુર્માસ=ચોમાસામાં સાધુઓ એકજ જગ્યાએ રહે છે તે મહીના; ચાર મહીના
તાણાવાણા=વણવાની સાળપર ઉભા આડા દોરા રાખવામાં આવે છે તે
અનહદ=હદ વિનાનું; ઘણુંજ.
વરસાદની વૃષ્ટિ=ઘણોજ વરસાદ
પડખામાં=બાજુમાં
ઓરજ=જુદાજ; ન્યારી
ફોક=ફોકટ; નકામું

પાઠ ૩૫ મો.

ધાડાં=મોટાં
ગીચ=પાસે પાસે
સિંકોના=એ નામનું એક ઝાડ થાય છે જેમાંથી કવીનાઇન નીકળે છે
જવરનાશક=(જવર=તાવ+નાશ+અક)=તાવ દૂર કરનાર; તાવ કાઢનાર
દેવદાર=એક જાતનું ઝાડ (એ ઝાડ હિમાલયમાં થાય છે)
સૌંદર્ય=શોભા; ખુબસુરતી
કાષ્ટઔષધી=ઓસડના કામમાં આવે એવું લાકડું; વનસ્પતિની દવા

ટુંક નજર=તાત્કાલિક લાભ.

ઉન્મત્ત=(ઉત્+મત્ત=ગાંડું=મગરૂર) અહંકારી; ઉદ્ધત; અવિચારી

વોકળા=નાળા

સંહાર=નાશ; કતલ

ઢાંકણુ=ઢાંકણું

ડેરાડુન=ઉત્તર હિંદુસ્તાનમાં શહેર છે.

તકતા=જથા

ખંડ=ભાગ

અબનુસ=એક જાતનું ઝાડ

અરીઠો=અરીઠાનું ઝાડ

જુબિલી=પશ્ચિમ તરફના દેશમાં રાજા કે રાણી ગાદીપર બેઠા પછી ૨૫, ૫૦, ૬૦ વરસે જે મોટો ઓચ્છવ કરવામાં આવે છે તે

ટાંકણે=અવસરે;વખતે

અવસર=રૂડું ટાણું

હિતકારક=(હિત+કારક)=ભલું કરનાર

પાઠ ૩૬ મો.

ખોદે તે પડે=બીજાને નુકસાન કરવાને જે ધારે તે પોતાનેજ નુકસાન થાય

કરે તેવું ભોગવે=જેવું કામ કરે તેવું ફળ મળે

બગદાદ=એશિઆઇ તુર્કસ્તાનમાં શહેર છે

ફીદા ફીદા=મોહીત; મોહ પામેલું

અમીર=જેને સરકાર તરફથી ખિતાબ અથવા જાગીર મળેલી હોય તે

ઉમરાવ=સરદાર; શ્રીમંત

નામના=ખ્યાતિ;કીર્તિ

બેગ=અમીરી ઇલ્કાબ

આગા=શેઠ

કરાર=કબુલત;ઠરાવ

કાજી=કુરાન પ્રમાણે ન્યાયકરનાર

મુફ્તી=મુસલમાન ધારાશાસ્ત્રી

જુમ્મા=શુક્રવાર

ખલીફા=મહમદ પગંબરના વારસ

દસ્તબસ્તા=અદબસર

કાનુન=ધારા

લફ્જ=શબ્દ; વેણ

ખુબી=વખાણવા લાયક ચતુરાઇ

દામ=પૈસા

હાડકાની ખરાબી થશે=મારખાતાં હાડકાં ભાંગી જશે

ફરિઆદ=વિચાર
ખીસિઆણું=ઝાંખા; વીલા
પાણ વળી ગયો=ઘણોજ ખપ્યો
પાણ પડી=ધાર ભાંગી ગઇ
પેટ પકડીને હસ્યા=ખુબ હસ્યા

પાઠ ૩૭ મો.

શૌર્ય=ઉત્સાહ શક્તિ; બહાદુરી
વાટપાડુ=રસ્તે લુટનાર
ધોળે દહાડે=બધા લોક દેખે એવા દિવસના પ્રકાશમાં
ધાડ=લુટારાની ટોળી
પાલક=રક્ષણ કરનાર; રક્ષક
ધાડપાડુ=ધાડ પાડી લુટનાર ટોળી નો માણસ
શૂરાપુરા=ઘણા બહાદુર નર
પાળીઆ=પત્થરમાં કોરેલા લેખ
કેસરીઆ=યુદ્ધમાં મરતાં સુધી પાછી પાની ન કરતાં લડવું તે
સતીત્વ=(સતી+ત્વ)=સતીપણું; પતિવ્રતાણું
ચિતા=ચેહ
રૂવાં ઉભાં થઇ જાય=કંપારી છૂટે; પ્યાર, અચંબો કે ભય વગેરે વૃત્તિને લીધે શારીરિક લાગણી થઇ આવે.
રણસંગ્રામ=લડાઇનું મેદાન
વાવઝોડું=પવનનું તોફાન; વંટોળીઓ
ધાડું=જાડું; ઘટ્ટ
જીવને તાળવે બાંધી=મરવાની દરકાર ન રાખી
સ્વાર્પણ=(સ્વ+અર્પણ)=જાતનો ભોગ આપવો તે
સૌભાગ્યવંતી=સારા ભાગ્યવાળી; જેને ધણી જીવતો હોય તે
આરે=કાંઠે; કિનારે
ડગ્યો નહિ=મન ફેરવ્યું નહિ; લોભાયો નહિ
દુઃખનો આભ=ઘણુંજ દુઃખ
ટેક=વટ; પણ
લૂણ=અનાજ; નીમક; મીઠું
યુગ=જુગ; જમાનો

પાઠ ૩૮ મો.

ચક્રવર્તી=જેની આણ નાનાં મોટાં ઘણા રાજ્યો ઉપર વર્તાતી હોય તેવો; એક સમુદ્રથી બીજા સ-

સુદ્ર સુધીના પ્રદેશનું રાજ કર
નારો કે જેને બીજા સર્વ રાજા
ઓ ખંડણી આપતા હોય તેવો.
મહારાજાધિરાજ=(મહા+રાજ+અ
ધિ+રાજ)=મોટા રાજાના રાજા
દિગ્વિજયી=ઘણા રાજ્યોપર જીત
મેળવનાર
કલ્યાણપતિ=કલ્યાણનો રાજા
આજ્ઞાંકિત=હુકમ પાળનાર; હુકમ-
માં રહેનાર; તાબેદાર
સામંત શિરોમણી=સબળા યોદ્ધા-
ઓમાં શ્રેષ્ઠ
શિરોમણિ=શ્રેષ્ઠ; મોટો
યુદ્ધકૌશલ્ય=લડાઇમાં કુશળતાપણું
સેવામાં;=હજુરમાં; નોકરીમાં
પરાજય=હાર
છળભેદ=દગોફટકો; કાવતરૂં
ઘાટ ઘડશે=મારી નાખવા ઉપાય
શોધશે
ફોડી=લાલચો આપી; પોતાના
પક્ષમાં લઇ
દીપ=વાદી
ચાંદ્ગી ચાલ્લો કરવા આવે ત્યારે

મો ધોવા જવું નહિ, પણ તરત
કપાળ ધરવું=મળતો લાભ તુરત
લઇ લેવો
સ્વહસ્તે=(સ્વ+હસ્તે)=પોતાને હાથે
મસ્તકે=માથે
શ્રીમાન=ભાગ્યશાળી; યશસ્વી; ધન
સંપન્ન
રાજેંદ્ર=રાજાઓનાપણ રાજા
ગુર્જરેશ્વર=ગુજરાતના ધણી;ગુજ
રાતના રાજા
નીમકહલાલ=કૃતજ્ઞ; કરેલો ઉપ-
કાર જાણનાર.
તન=છોકરો; પુત્ર
સુભટ્ટોપરિ=(સુ+ભટ્ટ+ઉપરી)=મો-
ટા યોદ્ધાઓમાં શ્રેષ્ઠ
સેનાધિપતિ=(સેના+અધિ+પતિ)
=લશ્કરનો મોટો ઉપરી
ભ્રષ્ટ=બગડેલી; અપવિત્ર થએલી
નિષ્કપટી=(નિષ્+કપટ+ઇ)=કપટ
વગરના; નિખાલસ
ચોકખા મનના=પવિત્ર મનના
સામાવાળીઆ=વિરૂદ્ધ પક્ષવાળા
રિપુ=શત્રુ;દુશ્મન

લાંચ=પગાર કરતાં બીજું કંઈ છાની રીતે લેવું તે

રૂશ્વત=લાંચ (રૂશ્વત ફારસી શબ્દ છે.)

ધર્મયુદ્ધ=યુદ્ધના નિયમ પ્રમાણે લડવું તે

પક્ષપાત=(પક્ષ+પાત) તરફદારી; તરફેણ

દુર્દશા=(દુર+દશા)નઠારી હાલત

દેશકલ્યાણભાવ= (દેશ+કલ્યાણ+ભાવ)=દેશનું ભલું કરવાની ઇચ્છા

દુરાચાર=(દુર્+આચાર)=ખરાબ ચાલ

ઇચ્છાદિક=(ઇચ્છા+આદિક)=ઇચ્છા વગેરે

નખોદ=સત્યાનાશ

નખોદ વાળવાનું=સર્વસ્વ જવાનું

સત્યમેવ જયતે=આખરે સત્યનો જય છે.

ધર્મે જય=ધર્મથીજ જીત

પાપે ક્ષય=પાપથી નાશ

તાણ્યો તણાવાનો નથી=લાલચોથી ડગવાનો નથી.

ભરમાવ્યાથી=છેતર્યાથી;ભંભેરવાથી

લૂણહરામ=કૃતઘ્ન; નીમકહરામ

પ્રતિષ્ઠા=આબરૂ; મોટાઇ

ત્રિલોક=(ત્રિ+લોક)=ત્રણ લોક (સ્વર્ગ, મૃત્યુ, પાતાળ)

રાજદ્રોહી=(રાજ+દ્રોહ+ઇ)=રાજ્ય પ્રત્યે વેર બુદ્ધિ રાખનાર

ફીટકાર=ધિક્કાર; તિરસ્કાર

સુકીર્તિ=(સુ+કીર્તિ)=સારીઆબરૂ

બટ્ટો=એબ; કલંક; ડાઘ.

પાઠ ૪૦ મો.

ઉઘાડાં=નવસ્ત્રાં; નાગાં

હિંસક=(હિંસ+અક)=હિંસા કરનાર; ફાડી ખાનાર

કોતર=નદી કાંઠે જે ઉંડા ખાડાઓ હોય તે; પહાડમાં લાંબો પહોળો જે ઉંડો ખાડો હોય છે તે

બખોલ=ઝાડના થડનું પોલાણ

ગુફા=પહાડમાં જે પોલાણ હોય છે તે

જિંદગી નિભાવવા=ગુજારો કરવા

ઋષિપત્ની=મુનિની સ્ત્રી

વલ્કલ=ઝાડની છાલનાં લુગડાં

નજરપહોંચાડીને=અક્કલ વાપરીને; બુદ્ધિનો ઉપયોગ કરીને

રેંટીઓ=સુતર કાંતવાનો સંચો

હાથ મહેનત=હાથની મજુરી

અનહદ=(અન્+હદ) ઘણોજ

ચમત્કારી=(ચમત્કાર+ઇ) નવાઇ જેવી; આશ્ચર્ય કારક

મીલ=કાપડ વણવાનું કારખાનું

છેટાં ભાંગી ગયાં=અંતર ઓછું થયું

એકત્ર=એકઠાં; ભેગાં

ફીટશે=મટશે

પાશેરામાં પહેલી પુણી=પાશેર રૂમાંથી પુણીઓ કરવાની હોય અને તેમાંથી એક પુણી બનાવવી તે મતલબ કે કામની શરૂઆતજ થવી.

પાઠ ૪૧ મો.

શકુંતલા=કણ્વ ઋષિની ધર્મપુત્રી; દુષ્યંતની સ્ત્રી; ભરતની મા

ગોતમી=એ એક તપસ્વી સાધ્વી હતી તે કણ્વના આશ્રમમાં રહેતી હતી એણે શકુંતલાને ઉછેરવામાં મદદ કરી હતી.

પ્રણામ પૂર્વક=(પ્રણામ+પૂર્વક) નમસ્કાર સાથે

પરિક્રમણ=(પરિ+ક્રમણ)=પ્રદક્ષિણા

પ્રિયવંદા=એ એક ઋષિકન્યા હતી

ઉત્કંઠા=ઇચ્છા; મરજી

વિયોગ=(વિ+યોગ)જુદાપણું; જુદાઇ

કલ્લા=બાચકા; જુડા

નર્તન=નાચવું તે; નૃત્ય

વિજોગ=જુદાઇ; વિયોગ

સકલ=સઘળાં; બધી

વનલતા=વનવેલ; વનની વેલો

ઉભરો=મનનો જુસ્સો બહાર પાડવો તે.

અન્વય—(તારા વિયોગથી) હરણો મુખમાંથી દર્ભના કલ્લા બોધ નાખી દે (છે) અને (મોરને) વિજોગના ભાલા વાગ્યા. (તેથી) મોર નર્તન તજે છે. (૧) સકલ વનલતા પણ જાણે ખરેખરાં આંસુ પાડે તેમ પત્ર વેરે છે, (અને) એવા પ્રકારથી ઉભરા કાઢે છે. (૨)

સમજુતી—તારા વિયોગથી હરણો મોઢામાંથી દરભના બા-ચકા ભોંયપર નાખી દે છે. મતલબ કે હરણોએ ખાવાનું નજી દીધું છે. મોરને વિયોગનું દુઃખ થયું તેથી તે નાચ કરતો નથી. (૧) સઘળી વનવેલ પણ જાણે ખરેખરાં આંસુ પાડતી હોય તેમ પાંદડાં ભોંયપર એરવી નાખે છે અને એવી રીતે મનનો જુસ્સો બહાર પાડે છે.(૨)

વનજ્યોત્સના=વેલનું નામ છે.	સુકૃત=(સુ+કૃત)=સારાં કામ
કાશ્યપ=કશ્યપના વંશજ; કણ્વ	પ્રમાણુ=જેવો જોઇએ તેવો;મન ગમતો
મેળાપ=મુલાકાત; ભેટ	નવમાલિકા=વેલનું નામ છે.
સંકલ્પ=વિચાર	વધુ=વહુ
ભર્તાર=ધણી; વર,	વધુવર=વરવહુ
અવર=અન્ય; બીજું	

અન્વય-તુજ કામ મેં પ્રથમથીજ (મારા) મનવિષે (તારા)ભર્તારનો સંકલ્પ કરી મુકયો હતો. તે (ભરતાર) તો રૂપે, કુળે (અને) અવર સદ્‌ગુણમાં સમાન (છે; તે) પ્રમાણુ ધણીને હવે (તું) સુકૃતથી પામી. (૧) રૂડી નવમાલિકાને ઝટ આંબો મળ્યો (તેથી) એને ખરેખર વધુવર જોડ જામી (તેથી) હવે આ બંને વર વિષે સુખીઆં થયાં, તેથી તેની તથા તુજ વિષેની આજ ચિંતા ગઇ. (૨)

સમજુતી—તારે માટે મેં પહેલાંથી મારા મનમાં (તારા) ધણીનો વિચાર કરી મુકયો હતો. તે (તારો ધણી) તો રૂપમાં, કુળમાં અને બીજા સદ્‌ગુણોમાં (તારા) સરખો છે. તે ધણીને તારા સારાં કામથી મેળવ્યો એમ જાણુ. (૧)

તારી સખી નવમાલિકા (વેલ) વનજ્યોત્સનાને રૂડો આંબો (વર) મળ્યો એથી તેની પણ વરવહુની જોડ ખરેખર જામી, અર્થાત

જેવો આંબો છે તેવી એ વેલ છે; તે પ્રમાણે શકુંતલાને પણ આંબો રૂપ દુષ્યંત મળ્યો. તેથી તમે બંને (શકુંતલાને વનજ્યોત્સના) હવે વર તરફથી સુખીઆં થયાં; તેથી તેની ને તારી બાબત આજે મારી ચિંતા દૂર થઇ. (૨)

માર્ગે પડ=જા
સપુરત=સોંપણુ
બેજીવવાળી=દહાડાવાળી;ગર્ભવંતી; હમેલવાળી.
અનસૂયા=અત્રિ ઋષિની સ્ત્રી
ભારેવહી=ગર્ભવંતી; દહાડાવાળી
નિર્વિઘ્ને=(નિર્+વિઘ્ને)=વગર હરકતે
શુભવર્તમાન=સારા સમાચાર
પાલવ=છેડો
કુશ=દાભ
અમળ=(અ+મળ)=નિર્મળ;સ્વચ્છ
ઇંગુદી=ઇંગોરાનું ઝાડ.
સામો=ખેડ્યા વિના એની મેળે થયેલું એક જાતનું ખડ ધાન્ય; એ નામના ચોખા
મુઠીભર=મુઠીમાં માય એટલો; ઘણોજ થોડો
તુલ્ય=બરાબર; સમાન

અન્વય—પડેલ ઘા રૂઝાવવા ઇંગુદી કેરૂં અમળ તેલ કુશ તણી અણીથી મુખે રેડયું. વળી મુઠીભર સામો દઇને ઉછેર્યો એ પુત્ર તુલ્ય મૃગલો છોડી નવ જાય.

સમજુતી—પડેલો ઘા રૂઝાવવાને માટે ઇંગુદી ફળનું ચોખ્ખું તેલ દાભની અણીથી મોઢામાં રેડયું, અને મુઠી જેટલો સામો ખવડાવીને ઉછેરેલો એવો છોકરાના જેવો હરણ મારાથી મુકી જવાય નહિ. મતલબ કે એ વહાલો છે.

બાપલ્યા=બાપલા (દયાથી પુત્ર અર્થે પણ બોલાય છે.)
શારંગરવ=કાશ્યપ મુનિનો શિષ્ય.
ભગવત=પવિત્ર મહાપુરૂષ
સંપ્રદાય=રિવાજ; ચાલ; પરાપૂર્વથી ચાલતો વહીવટ.

તેડ=કિનારો; કાંઠો; તટ
દુષ્યંત=પુરૂનો એક વંશજ; શકુંતલાનો ધણી
સંદેશો=ખબર; કેહણુ
વૃત્તિ=ઇચ્છા
માન=મોટાઇ

બંધુજનો=સગા સંબંધીઓ
યુવતી=તારૂણી; જુવાન સ્ત્રી
સત્કાર=આદરમાન
વધુ=વધારે; વિશેષ
ઉદય=ચઢતી; વૃદ્ધિ; ઉન્નતિ

અન્વય--અમોને ઋષિને તપ એજ ખરૂં ધન છે (એમ) જે જાણે છે (અને વળી) તે સાથે તમ તણું કુળ ઉંચ છે તે ખુશીથી વિચારી લો; વળી આપોઆપ પરસ્પર તે સ્નેહની વૃત્તિ ફુટી હતી. (તે વખતે) કોઇએ બંધુજનો કોઇ પ્રકારથી વચ્ચે નવ હતા, જે રીતે આપના વડે બીજી ઘણી રાણી બહુ મનમાં છે, તે રીતે તેવા સામાન્ય સત્કારથી આ યુવતીને તમે પાળજો; તેથી વધુ ઉદય પ્રાપ્ત થવો તો ભાગ્ય આધીન છે, (પણ) વહુતણા બંધુ જનોથી વિશેષ ના બોલાય.

સમજુતી--અમે ઋષિને તપ એજ ખરૂં ધન છે એવું તમો જાણો છો. તેની સાથે તમારૂં કુળ પણ ઉંચું છે એમ ખુશીથી વિચારી લો; વળી તમો બંનેમાં એક બીજા ઉપર આપોઆપ પ્રીતિની ઇચ્છા થઇ હતી, તે વખતે કોઇ પણ સગાસંબંધીઓ કોઇ પણ રીતે વચ્ચે હતા નહિ, જે રીતે આપના વડે આપની બીજી બધી રાણીઓ બહુ મનવાળી છે તેવી રીતે તમે આ તરૂણીને સામાન્ય આદરમાનથી પાળજો, મતલબ કે જેવી તમે બીજી રાણીઓને ગણો છો તેઓની બરોબર આને પણ ગણજો. એથી વધારે ચઢતી થવી (બીજી બધીથી વધારે માનીતી થવું) એ તો ખરેખર ભાગ્ય આધીન છે. વહુના સગાંસંબંધીથી વધારે કહેવાય નહિ. મતલબ કે અમારી પુત્રીને પટરાણી બનાવજો એમ કહેવાય નહિ.

પાઠ ૪૨ મો.

ક્ષમા=કોઇએ અપકાર કર્યો હોય તે સાંખી રહેવો તે; ખામોશ
ધૈર્ય=ધીરજ; સબુરી
વટ=ટેક; શાખ
વહેવાર=આપસનો સંબંધ
અડચણ=અટકચાળું; હરકત
ખામોશ=ક્ષમા
સંભવ=આશા
વક્તા=છટાદાર બોલનાર; ભાષણ કર્તા
રાજદ્વારી=રાજકારભાર કરનાર
ખુશામત=લુચ્ચો
પીછો છોડયો નહિ=ખંતે પડયો; પાછળ લાગુ રહ્યા
મસાલચી=(મસાલ+ચી)=મસાલ રાખનાર; મસાલ ધરનાર
આજ્ઞાધારી=હુકમ ધરનાર
વિશ્વ વિખ્યાત=જગ જાહેર
વઢકણી=લડકણી
પાનું પાડયું હતું=સંબંધ જોડયો હતો.
ગાળોની વૃષ્ટિ=ઘણીજ ગાળો
સોક્રેટીસ=એક યુનાની પંડિતનું નામ છે.
વિપત્તિ=દુ:ખ; આફત.
રૂદેમાં=મનમાં
હેબકી=ડરી; ચોંકી
ખેલ=રચના; બનાવટ
માંડવો=મંડપ
મેહ=વરસાદ
વધાઇ=ખુશખબર
મહાભોગ=(મહા+ભોગ=દુર્દશા)=ઘણીજ ખરાબ દશા
તદાપિ=(તદ+પિ=પણ)=ત્યારે પણ; તે વખતે પણ
સજે=રાખે

અન્વય--પ્રભુને ગમે તે સમે સૌ સહેવું, (અને) રૂદેમાં સદા રાજી રાજી રહેવું; કદી હેબકી હૈયે હામ ન હારો, ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. (૧) જુઓ, મેહનો માંડવો ઘડીમાં થનારો (અને) ઘડીમાં જનારો જેવો હોય છે, એવો ઇશ્વરે વિશ્વનો ખેલ સરજ્યો (છે) ઘણા

કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. (૨) ભાઇ એક કાળે વીવાની વધાઇ મળે, (અને) એક કાળે મહાભોગ મળે, સદા સારો નઠારો કાળ ન ચાલે ઘણા કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. (૩) જ્યાં કદાપિ કથી જુક્તિ ચાલે નહિ (ત્યાં) દીલે ધારી જોવું તદાપિ ન રોવું; દેવને ભજે (અને) શાંતિ સજે એજ સારો, ઘણા કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. (૪)

સમજુતી--પરમેશ્વરને જે વખતે જે ગમે તે આપણે સહન કરવું, અને મનમાં હંમેશાં ખુશી રહેવું; કદી પણ હેબકી જઇને હિંમત છોડવી નહિ, પણ ઘણા દુઃખની વખતે ઘણી ધીરજ રાખવી. (૧) જુઓ વરસાદના દહાડામાં વાદળની ઘટા ઘડીમાં થાય છે અને ઘડીકમાં વેરાઇ જાય છે; એવી રચના પરમેશ્વરે દુનિયાની બનાવી છે, માટે ઘણા દુઃખની વખતે ઘણી ધીરજ રાખો. (૨) ભાઈ એક વખતે વિવાહની ખુશ ખબર મળે છે અને એક વખત મહા ભોગ મળે છે; હંમેશાં સારો કે નઠારો વખત ચાલ્યા કરતો નથી, માટે ઘણા દુઃખની વખતે ઘણી ધીરજ રાખવી. (૩) જ્યાં કોઇ પણ વખત કાંઇ પણ યુક્તિ ચાલે નહિ ત્યારે ત્યાં મનમાં વિચાર કરવો પણ ડરવું નહિં; એવે વખતે પરમેશ્વરનું સ્મરણ કરે અને ધીરજ રાખે તેજ સારો, માટે ઘણા દુઃખની વખતે ઘણી ધીરજ રાખવી.(૪)

હરિશ્ચંદ્ર=અયોધ્યાના સૂર્યવંશી રાજા; ત્રિશંકુના પુત્ર
અચળ=દૃઢ
ટેક=નિયમ; પ્રતિજ્ઞા [પડયું
દુઃખના ઝાડ ઉગ્યાં=ઘણું જ દુઃખ
પાશ=ફાંદો; જાળ
અસહ્ય=(અ+સહ્ય)=ખમાયનહિ એવું
અપૂર્વ=અસાધારણ; ઘણુંજ
રૂડો દહાડો=સુખનો વખત

પાઠ ૪૪ મો.

ઉડતો રોગ=ચેપીરોગ
ચોટેછે=વળગે છે; થાય છે,
પરમાણુ=ઝીણામાઝીણો અંશ; ઘણીજ નાની રજ
ગબલો=મારો; ઝપાટો; હુમલો
છુટાછવાયા=દૂર દૂરના ભાગમાં
ઓરી=છેક નાના સૈયડ; ગોબર
મોટી ઉધરસ=ખરાબ ઉધરસ
અવધિ=(અવધ+ઇ) અવધવાળા
પ્રાણહર=(પ્રાણ+હર) જીવલેનાર
કોલેરા=અધોક;
કોગળીઉ=ઓકી ઓકીને મરે તે રોગ
અધોક=હગવું ને ઓકવું
ધોણ=ધોવણ; ધોતાં નીકળેલું પાણી
નિર્ગત=(નિર્+ગત) શક્તિહીન; નબળો; કમજોર
નવેસર=ફરીથી; બીજીવાર
પ્રાણઘાતક=(પ્રાણ+ઘાત+અક) જીવ લેનાર
ત્રેપન=પઉંના દશ દાણા ભાર
બાજરીપૂર=બાજરી જેટલું
પાવલીભાર=પાવલીના વજન બરાબર
પેઢું=પેટની નીચેનો ભાગ
પ્લાસ્ટર=લેપ
શેક=ગરમાવો
સન્નિપાત=સનેપાત; વાના ચાળા
પેટમાંનું પાણી વળે=ઉલટીથાય; ઓકારી આવે

પાઠ ૪૫ મો.

સત્યવાદી=(સત્ય+વાદ+ઇ)=સાચું બોલનાર
રાજસભા=સેનેટ; રાજકારભાર કરનારી મંડળી
મસલત=વિચાર
સભ્ય=સભા લાયક.
મત=અભિપ્રાય; વિચાર
કાનપર ધરી નહિ=પત કરી નહિ; ગણકારી નહિ.
કારીજખમ=નહિ વીસરાય એવું દુઃખ
જુસ્સો=લાગણી
ઘાત=ખૂન; કતલ

અર્થ=ફોકટ; નકામું
કોલ=વચન

પાઠ ૪૬ મો.

ચાતુરી=ડહાપણ
તાબુત=તાજીયા;મહોરમનો તહેવાર
ક્રમ=નિયમ
આગ્રહ=હઠ; જીદ
પ્રયુક્તિ=(પ્ર+યુક્તિ)=વિશેષ યુક્તિ
નીવડે=તોડ; નિકાલ
વાસ્તવિક=યોગ્ય
સમજુતી=સમજ; વિચાર
સમાધાન=સમજુતી; નીવેડો
એકદીલી=સંપ; ઐક્ય
પ્રવીણ=નિપુણ; કાબેલ; ચતુર
કુનેહ=યુક્તિ; ચતુરાઈ
હજરત=મુસલમાનને માન આપ-
 વામાં બોલતો શબ્દ
મૂર્તિપૂજક=(મૂર્તિ+પૂજ+અક)
 મૂર્તિ પૂજનાર
જીર્ણોદ્ધાર=(જીર્ણ=જુનું+ઉદ્ધાર=
 સમારવું તે)=જુનું સમરાવવું તે
મુખી=આગેવાન; અગ્રેસર
ફજર=સવાર; પ્રભાત
બડીફજર=પ્રભાત પહેલાં; મળસકું
અગ્રેસર=(અગ્ર=આગળ+સર=જ
 નારાઓ)=મુખીઓનો;આગેવાનો
અમીન=વિશ્વાસુ; ભરોસાદાર
સંકેત=વિચાર
ઉંચી અક્કલ=સારી સમજ

પાઠ ૪૮ મો.

ચાણોદ=ભરૂચ જિલ્લામાં નર્મદા
 કાંઠે જાત્રાનું ધામ છે.
કંઠ=સૂર; ઘાંટી
પદ=કવિતાનું ચરણ
અચ્છો=સારો; મજાનો
નિરાધાર=(નિર્+આધાર)=આધાર
 વગરના.
દર્શન=ઝાંખી
લાવણી=કવિતાની એક જાત
કરનાળી=ઓર અને નર્મદાના
 સંગમપર એક ગામ છે
કૃષ્ણચરીત્ર=કૃષ્ણલીલા
કલ્પના=ધારણા; અટકળ
પ્રવાસ=મુસાફરી
નિમિત્તે=કારણે; સબબે
વ્રજભાષા=વ્રજમાં બોલાતી ભાષા

ઉગ્ર=ક્રોધી; તામસી
આધિો=અંધારણુ
લીન=એકતાર; મશગુલ
યશોદા=નંદની સ્ત્રી; કૃષ્ણને ઉછે-
રનાર મા
ઓશીંગણુ=આભારી
તંબુરો=એક જાતનું વાજું
કીર્તન=ગુણુગાન
સંતાન=છોકરું
ક્ષણુભંગુર=નાશવંત
શૃંગાર=પ્રેમ
સાહિત્ય=ભાષાના ગ્રંથો
ઉભરો=ઉમકો; લાગણી
ચંચળ=ચળાયમાન; ડગમગતી
પ્રકૃતિ=સ્થિતિ; હાલત
તરૂણો=જુવાન પુરુષો
સૃષ્ટિસૌંદર્ય=કુદરતની શોભા
સંગીત=નાચવું ગાવું બજાવવું તે

પાઠ ૪૯ મો.

ચાણુક્ય=ચંદ્રગુપ્તનો પ્રધાન
પ્રપંચ=કપટ
વત્સ=નોકરને બોલાવવામાં વપ-
રાતો શબ્દ
પુનઃ=ફરીથી; બીજીવાર
પ્રવેશ=દાખલ
પ્રતિ=તરફ
નિર્દોષ=(નિર+દોષ=)વગર વાંક
અચાનક=ઓચિંતો; એકાએક
પરિક્રમણુ=ચાલવું
ક્રૂર=ઘાતકી; નિર્દય

અન્વય--ચાણુક્યને અચાનક તેડેથી નિર્દોષ પણુ ભય પામે, હું તો ગુનામાં છુંજ તો તેહ ક્રૂર થકી મને ભય કયમ ન રહે ?

સમજુતી—ચાણુક્યાના એકાએક તેડાથી વગર વાંકવાળો પણુ બીએ તો હું તો ગુનેગારજ છું તો તે ઘાતકીથી મને બીક કેમ નહિ રહે? મતલબ કે બીક રહેજ.

આમાત્ય=પ્રધાન; વજીર
વાગ્દોષ=વાણીનો દોષ
જાપતાબંધ=સાવચેતીથી
વિરાજીએ=બિરાજીએ; બેસીએ
અઘટિત=(અ=ઘટિત)=અયોગ્ય
અકારૂં=અણુગમતું; નાપસંદ
મર્મ=ભેદ; છુપું કારણુ
મર્મભર્યું=ભેદવાળું; દગા ભરેલું

આદર=માન
ધમધોકાર=ઘણોજ; પુષ્કળ
ગત=મરણ પામેલો; મહુંમ
પૂર્ણીમા=પુનેમ
તુલ્ય=બરાબર; સમાન
પ્રતિપ્રિય=ગમતું કરી બદલો વાળવો તે
નિવૃત્તિ=શાંતિ; નિરાંત
સહર્ષ=(સ+હર્ષ)=આનંદભેર
અધન્ય=(અ+ધન્ય)=અભાગીઓ; કમનશીબ
રાજવિરોધી=રાજાથી ઉલટો ચાલનાર
અદ્યાપિ=(અદ્ય+અપિ=હજુ) આજ સુધી; હજી લગી
માજી=પહેલાંના; અગાઉના
વિરૂદ્ધ=ઉલટો
વાગ્દોષ=બોલવામાં ભૂલ
પ્રતિકાર=ઉપાય; ઇલાજ
વિનવ્યું=કહ્યું.

પાઠ ૫૧ મો.

સ્વરૂપ=(સ્વ+રૂપ)=અસલરૂપ
પ્રવાહ=વહેણ
ગંજાવર=જબરા; મોટા
બંધ બાંધ્યો=દરીઆનું પાણી દેશ પર ફરી વળે નહિ માટે જાડી ભીંત ચણી લીધી
બુરજ=દિવાલને ટેકો આપનાર જે ચણતર હોય તે
ખળભળાટ=ખળભળ
મહાભારત=બહુ મોટું ને અઘરૂં
રોગિષ્ટ=(રોગ+ઇષ્ટ=સૌથી વધારે)=રોગ ઉપજ કરે એવા
સંરક્ષણ=(સં=સંપૂર્ણ+રક્ષણ=બચાવ; જાળવણી)=પુરેપુરી જાળવણી
ઉચેલી=ઉસેડી
સ્વિટ્ઝર્લાંડ=યુરોપમાં દેશ છે. (એ યુરોપના સઘળા દેશ કરતાં વધારે પહાડી પ્રદેશ છે.)
ચિલી=દક્ષિણ અમેરિકામાં દેશ છે
જર્મન સમુદ્ર=ઉત્તર સમુદ્ર; ઇંગ્લાંડ જર્મન અને ડેન્માર્કની વચ્ચેનો સમુદ્ર
બિસ્કે એ નામનો યુરોપખંડમાં; ફ્રાન્સની પશ્ચિમે ઉપસાગર છે
કસ=સત્વ
કૃત્રિમ=બનાવટી; નવા કરેલા

રૂપાંતર=ફેરફાર

સુએજની સંયોગીભૂમિ પહેલાં એશિઆ અને આફ્રિકાને જોડતી હતી. સને ૧૮૬૦માં એ સંયોગીભૂમિ ખોદીને નહેર કરી છે. જેથી રાતો અને ભૂમધ્ય સમુદ્ર જોડાઇ ગયા છે

સંયોગી ભૂમિ=(સંયોગ+ઇ+ભૂમિ) એ મોટા જમીનના ભાગને જોડનારો જમીનનો નાનો ભાગ તે

સામદ્રધુની=એ મોટા પાણીના ભાગને સાંધનારો પાણીનો નાનો ભાગ તે

પાઠ ૫૨ મો.

દ્વેષ=ખાર; કીનો

અવગુણ=(અવ=નીચો+ગુણ)= નઠારો ગુણ; દોષ; એબ

પેટમાં ડાબ રાખીને=મનમાં વાત યાદ રાખીને

ચુડી નાખવું=ઉછરતા લીલા મોલને કાપી નાખવો

કુંદવા=ઘાસની ગંજીઓ

ગંજી=ઘાસનો ઢગ

એક મોટી પ્રજા થઇ શકતા નથી= સંપ રાખી શકતા નથી

મજબુત=સબળ

અવધિ વગરનો=પાર વગરનો; ઘણોજ

હદપાર=હદબહાર; ઘણોજ

રહેણી=રીતભાત

વેનિસ=ઇટાલીમાં આડ્રિઆટીક સમુદ્ર કાંઠે બંદર છે.

ખડક=પાણીમાં રહેલા ડુંગરા;

બારૂ=નદી કે સમુદ્રનું મુખ; જ્યાં આગળ નદી સમુદ્રને મળે તે જગો; સમુદ્રમાંથી ઉતરવાનું ઠેકાણું

હજીરો=મિનારો (તાપી નદી જ્યાં આગળ દરીઆને મળે છે ત્યાં હજીરો નામે એક જગા છે ત્યાંની હવા ઘણી સારી છે ત્યાં આગળ પણ દીવાદાંડી છે.)

બાકૅસ=સાહેબનું નામ છે. એ હજીરો તેણે બંધાવ્યો હતો તે ઉપરથી બાકૅસ સાહેબનો હજીરો કહેવાય છે.

કરામત=યુક્તિ; ગોઠવણ

ઝરૂખો=બારીથી આગળ કાઢેલી બેઠક; ગોખ

સહાયતા=મદદ

તબક=માળ

સુકુમાર=સકોમળ; નાજુક

દેશનિકાલ=દેશપાર; કાળા પાણી

વાટખરચી=રસ્તા ખરચ

કાળા પાણી=દેશ નિકાલ

પજવણી=દુઃખ; હેરાનગતિ

વિરોધી=દુશ્મન; શત્રુ

સતાવણી કરે છે=દુઃખ દે છે

રિદ્ધિ=દોલત

સિદ્ધિ=મોટાઇ

રિદ્ધિસિદ્ધિ=દોલત ને મોટાઇ

પાઠ ૫૩ મો.

દીવાદાંડી=સંસ્કૃત દીપદંડ ઉપરથી (દીપ=દીવો+દંડ=થાંભલો)=દીવો મુકવાનો થાંભલો

સહીસલામત=નિર્ભયપણે; વગર હરકતે

દીપમાળ=દીવા મુકવાને બાંધેલો ચણતરનો થાંભલો

મિનારો=પત્થર કે લાકડાની ઉંચા થાંભલા જેવી ઇમારત; હજીરો; ટોડો

ખરાબો=પાણીથી ઢંકાયલો ખડક;

સુધારાની ટોચ ઉપર હતો=ઘણોજ સુધરેલો હતો;

તત્વજ્ઞાન=(તત્વ+જ્ઞાન)=કાર્ય કારણ શાસ્ત્ર; ફિલોસોફી

લોકોક્તિ=લોકનું બોલવું; લોકવાયકા

સોનાનો વરસાદ વરસી રહ્યો છે=પુષ્કળ પૈસાની આવક થઇ છે; પુષ્કળ કમાણી થઇ છે

ગોદી=બાંધેલી ખાડી

ભૂરચના=(ભૂ+રચના) જમીનની બનાવટ

આબોહવા=હવાપાણી

રાજ્યબંધારણ=રાજ્ય ગોઠવણ

સાહિત્ય=ગોઠવણ

ગ્રેટબ્રિટન=ઇંગ્લાંડ અને સ્કોટલાંડ મળીને થયેલો બેટ

જોગવાઇ=સગવડ; અનુકૂળતા

બારકસો=વહાણો; જહાજો

જોસ્સથી=જુસ્સાથી
ખનીજ=ખાણુમાંથી ઉત્પન્ન થએલા
શહેનશાહત=રાજ્ય
નામના=ખ્યાતિ; આબરૂ
પ્રીતિ=ભાવ
હિતચિંતન=(હિત=ભલું+ચિંતન=
વિચાર)=ભલાના વિચાર
સ્વાર્થ ત્યાગ=(સ્વાર્થ+ત્યાગ)=પોતાનો લાભ છોડી દેવો તે
તરંગી=મનમાં બુટ્ટાવાળો;ખોટા
વિચારવાળું
ફરજની લાગણી=કર્તવ્યની છાપ
નૌકાસેનાપતિ=(નૌકા+સેના+પતિ)
=વહાણુના લશ્કરનો ઉપરી
શ્રેષ્ઠતા=મોટાપણું; મોટાઇ
સ્વતંત્રતા=આપ અખત્યારી
મોકળા મનથી=ખુલ્લા દીલથી;નિખાલસ મનથી
સંમતિ=સલાહ
સ્વાભિમાન=જાતિ અભિમાન; ટેક
સ્વાશ્રય=(સ્વ+આશ્રય) પોતાની
જાત ઉપર ભરોસો રાખવો તે
સ્વાભાવિક=કુદરતી; ઇશ્વરી;
પ્રતાપ=તેજ; મોટાઇ
સમૃદ્ધિ=દોલત

ભાગ ૨ જો.
પાઠ ૫૬ મો.

સલ્તનત=રાજ્ય; શહેનશાહત.
પૌત્ર=છોકરાનો છોકરો
વિકળ=ઢીલાં; દોદરાં
ક્ષણુભંગુર=થોડીવારમાં નાશ પામનાર
ઉપભોગ=ભોગવટો;
સુખ વિલાસ
રક્ષક=રક્ષણુ કરનાર;
બચાવનાર
પાલક=પાળનાર
એળે=ફોકટ; નકામી
છાવણી=લશ્કરનો પડાવ
નિરાધાર=(નિર્+આધાર) આધાર વગરનું
ભયભીત=(ભય+ભીત
=બીધેલો) ભયથી
બીધેલા.
ગમગીન=દીલગીર
વૃત્તિ=વલણ
ઇનશાન=આદમી;માણુસ
આલીશાં=ઘણું મોટું
જર્જર=છેક જ જુનું;
ખખળી ગએલું
જીર્ણોદ્ધાર=(જીર્ણ=જુનું
+ઉદ્ધાર=સારી સ્થિતિ)
જુનું હોય તેને સમરાવવું તે

કાબેલ=હોશિયાર; સાહિતગાર
બાહોશ=ચાલાક
સાંકડામનનો=અખિલ
રોમેરોમ=રૂંવેરૂંવાં
પાયમાલ=ખરાબ હાલત
નિષ્ફળ=ફળ વગરના; ફોકટ; નકામા
જજીઆનો કર=માથાદીઠનો વેરો
નામની=ઉપલક; કહેવા માત્રની
સંધિ=સલાહ
તખ્ત=ગાદી; રાજ્ય
સ્વતંત્રતા=આપ અખત્યારી
કાવતરૂં=દગો; પ્રપંચ
શિરચ્છેદ=(શિર=માથું =છેદ=કાપવું) માથું કાપવું તે
[illegible]
[illegible]=ફોકટ; નકામું
[illegible] રહેવું

ઐક્ય=સંપ
ઝનુન=જુસ્સો
ચોથ=ખંડિયા રાજા પાસેથી તેની ઉપજનો ચોથો ભાગ લેવો તે; ચોથાઇ

પાઠ ૫૭ મો.

કળા=તેજ; આબાદી
ફતેહમંદ=જીતવાળી
યશસ્વી=કીર્તિમંત; જશવાળી
ઉઘરાત=ઉઘરાવવું તે; વસુલાત
મરણીઆ=મરવાની બીક વગરના
સુરક્ષિત=સારી રીતે રક્ષણ કરેલા
કટ્ટો=ખારીલો; જબરો
વિગ્રહ=લડાઇ; જુદ્ધ
દરમિઆન=વચલા વખતમાં
વ્યવસ્થા=ગોઠવણ
આબાદ=સુખી
[illegible]

વિસ્તાર=ફેલાવો
જમાવટ=ફેલાવો
સફળ=સાર્થક
પગપેસારો=દાખલ થવું તે
અણબનાવ=તકરાર
ઘર ફુટવાનો=માંહોમાંહે લડાઇ થવાનો
સમયસૂચકતા=વખતવિચારી ચાલવાનો ગુણ
પ્રસંગોપાત=વખતો વખત
જહોજલાલી=આબાદી
અનુપમ=(અન+ઉપમ)=જેની સરખામણી ન થાય એવી
સમૃદ્ધિ=દોલત
આણ=દુવાઇ; હુકમ
અંધાધુંધી=ગેરબંદોબસ્ત; અવ્યવસ્થા
પ્રવર્તાવનાર=ફેલાવનાર
[illegible] કરી
[illegible]

આનાર નવા રાજા ઉપર પાણી દૂધ વગેરેની જે ધારા કરવી તે
ઇરાદો=વિચાર
છત=છાજ
અલંકાર=ઘરેણાં

પાઠ ૫૮ મો.

કુલાઈવ=ઇસ્ટ ઇંડિઆ કંપનિ તરફનો અંગ્રેજ સરદાર અને પહેલો ગવર્નર જનરલ
પલાસી=બંગાળામાં એક શહેર છે. (એનું મૂળ નામ પલાશ હતું કારણ કે એ ઠેકાણે અકબરના વખતમાં પલાશ=ખાખરનું વન હતું)
હયાત=જીવતો
સંભવ=આશા
કોઠી=વખાર; જથાબંધ માલ ભરવાનું ઠેકાણું
વિષ=ઝેર
કારાગૃહ=કેદખાનું
નૌકાધિપતિ=દરિઆઈ લશ્કરનો સેનાપતિ
સમર્થ=જોરાવર
સુલેહ=સલાહ
હલ્લો=હુમલો
જલદ=તીખો; ગુસ્સાવાળો
આવેશ=જુસ્સો; જનુન
સલામતી=આબાદાની
કાસળ=જડમૂળ
પરિચય=સહવાસ; ઓળખાણ
તરકટ=કાવતરૂં
દસ્તાવેજ=લેખ
કુચ=મુકામ ઉઠાવી આગળ ચાલવું તે
ભેટો=મેળાપ
વફાદાર=નીમકહલાલ; રાજભક્ત
ધસારો=હલ્લો; ચઢાઈ
પાંખ=બાજુ
મોરચો=લશ્કરના જે ભાગમાં તોપ ગોઠ- વેલી હોય તે જગો.
પાટનગર=રાજધાનીનું શહેર
ફરમાન=હુકમ

પાઠ ૫૯ મો

કૌંસિલ=કારભારીમંડળ
જામીન=કબુલાત આપનાર
રેસિડંટ=મોટા દેશી સંસ્થાન પર દેખરેખ રાખનાર અંગ્રેજ સરકાર તરફનો અમલદાર
આડત્યા=મારફતીઆ; એજંટ
પરવાના=રજા ચિઠ્ઠી; પાસ; સનંદ
સોસવું=વેઠવું; ખમવું
સમાધાન=નિવેડો; જોડ
પરાભવ=હાર
ઉઘાડો સ્વાર્થ=ખુલ્લી મતલબ
નિર્મૂળ=(નિર+મૂળ)=બંધ; સમાપ્ત

વેરાગી=વેષધારી રખડતા સાધુ
ચાંચીઆ=દરિઆઇ લૂટારા
ખલકાબ=પદવી; ખિતાબ
જનરલ=મોટો
દુરંદેશીપણું=દીર્ઘદૃષ્ટિ; લાંબો વિચાર
તહ=સલાહનો ઠરાવ
વિઘ્ન=હરકત
ફાટફુટ=કુસંપ
ડોલમડોલ=કમજોર
મસલત=છુપો વિચાર
વાલી=રક્ષક; હિમાયતી
ચીરીને=ઓળંગીને
નામોશી=કલંક
ખુશકી=જમીનનો
જોરજસ્તી=જોર જુલમ
ગંભીર=મોટા
આરોપ=દોષ
રૂબરૂ=સનમુખ; સામે
સદર દિવાની કોરટ=હાઇકોરટ
અદાલત=કચેરી; કોરટો;
પાઠશાળા=ઉંચું જ્ઞાન આપનારી શાળા
ઉત્તેજન=આશરો; મદદ

પાઠ ૬૦ મો.

આગળ પાડેલા=આગેવાન કરેલા
સગામ=સત્તા
ધુસરા=બોજા
પ્રતિષ્ઠા=આબરૂ
અભિપ્રાય=મતલબ
સગભં=દહાડાવાળી
પ્રતિષ્ઠિત=માન પામેલા
મંત્રિ=સલાહ આપનાર
દૃઢ=કાયમ; અચળ
અસાધારણ=ઘણીજ
ઉદ્ધાર=તારણ; ઉંચી સ્થિતિ
કુમક=મદદ
ભરમાવે=ભોળવે; ખોટું સમજાવે
નાબુદ=નાશ
સતંદ=પૂરવાનો
[illegible] કાઠમાઠથી કરેલી
શરૂઆત
કબજો=કમામ; ધામધુમ
ખિલત=ભેટ; સરપાવ
દર્શાવવું=દેખાડવું
નજર=નજરાણું; ભેટ
આભૂષણ=કિંમતીઘરેણાં
કલમદાન=કલમ રાખવાનું ઘર કે ખોખું
સામ્રાજ્ય=મોટું રાજ્ય
સિધાવી=માન સાથે પધારી
વંશપરંપરા=એકજ કુળમાં ઉતરી આવેલા
પ્રતિનિધિ=બીજાને બદલે કામ કરવા નિમાયલો માણસ; એજંટ
મુલાકાત કર્યો=ભેટ કર્યો
પૂર્વજો=(પૂર્વ=પહેલાં+જ=જન્મેલાં) પહેલાં જન્મેલાં તે; ઘરડાં વડીલ
પછી=[illegible]
સ્મરણ આપવું=યાદ કરવું

ભારી
ગણના=ગુણતરી.

પગરખાં=(રખા એ રક્ષા ઉપરથી)પગનું રક્ષણ કરનાર; જોડા
કારકીર્દી=જ્યાંસુધી કારભાર ટકે ત્યાં સુધીનો વખત; અમલ
ટીકા કરવી=ગુણ દોષ દેખાડવા તે
નજીવી=(ન+જીવ+ઈ) જીવ વગરની; હલકી
પત જી=શેખી; બડાઈ
નામોશી=હીણપત;શરમ
અધમ=નબળી
અફસોસ=પસ્તાવો
જાગીર=રાજ્યના અંગની કે ઈ મોટી સેવા બજાવ્યા બદલ રાજાતરફથી જે જમીન ગામ કે વર્ષાસન મળે તે
વકીલે મુતલક=સ્વતંત્ર એલચી.
ડોલી=હાલી;નરમ પડી
ધોકો=[illegible]; નુકસાન
[illegible]દારી=[illegible] કાર-

પાઠ ૬૧ મો.

પલટણ=લશ્કરની ટુકડી
નામના=આબરૂ; કીર્તિ
ખટપટ=જંજાળ; તકરાર
અલગ=અળગું; આઘું
રૂચ્યું=ગમ્યું
વિષ્ટિ=સલાહનું કહેણ
ઝઝુમતાં=વિંટાઇ વળતાં
કવાયતી=કવાયત-ડ્રીલથી કેળવાયલું
પાયદળ=પગે ચાલનારૂં લશ્કર
રસાલો=ઘોડેસ્વાર પલટણ
મહા સમર્થ=ઘણો જબરો
યોજના=ગોઠવણ
કુશળ=હોશિયાર
જળાશયો=પાણીનાં સ્થા-
[illegible]

પ્રબળ=જોરાવર
તરવાર=તલવાર
જીગર=દીલ
બરબાદ=નકામો; પાયમાલ
બહેતર=કલ્યાણ; ભલું
નામાંકિત=નામીચો
ખિતાબ=ઇલકાબ; માન
સુઝ=નજર

પાઠ ૬૨ મો.

સંધિ=સલાહ
અંધાધુંધી=અંધેર; અવ્યવસ્થા
જોખમ=જોખમ; જવાબદારી
ગુપ્ત મસલત=છુપો વિચાર
દહાડો વળવો=ઊંચી સ્થિતિ થવી.
આગ્રહ=અતિશય કહેવું તે; કાલાવાલા
ઉત્તેજન=ઉશ્કેરણી; પુષ્ટિ
વ્યર્થ=ફોકટ; નકામું
મુલાકાત=મેળાપ
[illegible]

વિષમ=તરેહવાર; અસ-
રામણવાળી
તત્ક્ષણ=તરતજ; તેજ
વખત
ઉદ્ધત=બેઅદબ; વિવેક
વગરનો
પેન્શન=નોકરી પરથી
છુટા થયા પછી ગુજ-
રાનને માટે નાણું આ
પ્યા કરવું તે
નજરકેદ=બેડી વગેરેનું
બંધન નહિ પણ મુકર-
ર કરેલી જગાએથી
ખસાય નહિ તેવી રી-
તની કેદ

પાઠ ૬૩ મો.

મહંત=મોટો પુરુષ; મ-
હાત્મા
વચનામૃત=વાણી રૂપી
અમૃત; બોધનાં શબ્દો
પ્રતિષ્ઠા=સ્થાપના
માંસાહારી (માંસ+આ-
હાર=ખોરાક+ઇ) માંસ
ખાનાર
મંડાણ=પાયો; શરૂઆત
ઐક્ય=એકતા; સંપ
વૃત્તિ=વલણ
શિરચ્છેદ=(શિર=માથું+
છેદ=છિદ્ ધાતુ કાપવું)
=માથું કાપવું તે
દ્દઢતા=અડગપણું
ગુરુમંત્ર=કામ પાર પા-
ડવા માટે કરેલા યુક્તિ-
વાળા વિચાર
ઉપરવાસના=ઉપવાસણા-
અજીત=જીતાય નહિ ના
એવો
જેર કરવું=તાબે કરવું
વર્તાવી=ફેલાવી
પાંખ=પક્ષ; આશ્રય
નિર્ભય=(નિર્+ભય)
બીક વગરનું
અભિપ્રાય=વિચાર; તર્ક
પ્રત્યક્ષ=(પ્રતિ=સામે+
અક્ષ=આંખ) આંખની
સામે; નજરો નજર
બેવફા (દા)=(બે=વિના+
વફા=ભલું ચહાવું)
=ભલું નહિ ચહાનાર
કેર=જુલમ
રણક્ષેત્ર=લડાઇનું મેદાન
પીઠ=પૂંઠ; પીઠ

પાઠ ૬૪ મો.

ઘોર=ભયંકર
અંકાએલી=નીસાન ક-
એલી; ઓળખાએલી
કસોટી=પરીક્ષા
ખાલસા કરવું=જે જમી-
ન કે ગામની પેદાસના
વસુલ લેનાર માલિક
સરકારે થવું તે
અસંતોષ=ધીરજ નહિ તે
અત્રે=અહીં
ભથ્થું=ભાથું; મુસાફરી
ખરચનું પગાર ઉપ-
રાંત નાણું
પ્રકોપ=ગુસ્સો
ચેપ=અસર; લાગણી
સિમાડો=સરહદ
તખ્તનસીન=ગાદીએ
બેસાડવું તે
ઓથ=આધાર

સરંજામ=સામાન
પગરવ=પગલાંનો અવાજ (રવ=અવાજ)
સીડી=નીસરણી
મોખરે=આગળનો ભાગ
ડોળી=ઘાયલ માણસને ઉંચકી લઇ જવાની ઝુલતી માચી
જંગ=ભારે લડાઇ
અબળા (અ+બળ+આ =નારી જાતિને પ્રત્યય) =જોર વગરની; સ્ત્રી.

પાઠ ૬૫ મો.

દત્તક=દીકરા વગરના માણસે બીજાના દીકરાને લઇ પોતાનો વારસ ઠરાવવો તે
સુરક્ષિત=(સુ+રક્ષ+ઇત) સારી રીતે બચાવ કરેલો
વૃદ્ધિ=વધારો
તગાવી=ખેડુત પાસે ખેતી કરવાનું સાધન ન હોવાથી સરકારે તેના પાસે ખત લખાવી લઈ જે નાણું અથવા સધન આગળથી ધીરેલું તે
દુબળાં=બળ વગરનાં; દુકાળીઆં. (સંસ્કૃત દુર્બળ ઉપરથી)
દાઇ=જણાવનારી; સોપ્યાણી
સ્કોલરશિપ=વિદ્યાર્થીને નાણાંની મદદ આપવી તે
વરિષ્ઠ=કાયદા બાંધનારી સૌથી વડી મંડળી.
ભરતી થવી=વધારો થવો
ફિલસુફી = તત્ત્વજ્ઞાન; હરકોઇ વિષયના ધર્મ શોધવા સંબંધીનું જ્ઞાન
અગ્રણી=આગેવાન

પાઠ ૬૬ મો.

ભૂસ્તર વિદ્યા=પૃથ્વીનાં પડ ઓળખવાની વિદ્યા
વેત્તા=જાણનારા
સમાવેશ=સમાસ
ઉદ્‌ભિજ્જ=વનસ્પતિ
કવચ=ઢાંકણ
પોપડો=ઉપરનું પડ
અનુમાન=અટકળ; ધારણા
અંશ=ભાગ | પૃષ્ઠ=ઉપરનું પડ

પાઠ ૬૭ મો.

સુએજ=રાતા સમુદ્ર ને ભૂમધ્ય સમુદ્ર વચ્ચે નહેર છે એ પહેલાં સંયોગીભૂમિ હતી અને ૧૮૬૯ માં એ નહેર ખુલ્લી મુકાઇ
લાયર, સીડન } એશિઆઇ તુર્કસ્તાનમાં શહેર હતાં એમાં પ્રથમ કાચ બન્યો હતો
પાલેસ્ટેન=એશિઆઈ તુર્કસ્તાનનો

નૈઋત્ય ભાગ એ ખ્રિસ્તી લોકોનું પવિત્ર સ્થાન છે.
પોઠો=પીઠપર માલ ભર્યો હોય એવા વણજારા બળદોનાં ટોળાં
ખુશકી=જમીન માર્ગે
રૂમી=રોમના રહેવાશી
આલેકઝાંડ્રિઅ=એ મિસરમાં બંદર છે
સ્મર્ના=એશિઆઈ તુર્કસ્તાનના એશિઆમાઈનરનું મુખ્ય શહેર છે.
બસરા=એશિઆઈ તુર્કસ્તાનમાં યુફ્રેતિસ નદીને કાંઠે બંદર છે
ડે.બઝાંડ=રાતા સમુદ્રને કાંઠે મોટું બંદર છે (જેમાં સુરતી કાપડ પર રાતો રંગ સારો ચઢાવે છે)
જિનેઆ=ઈટાલીમાં એજ નામના અખાત ઉપર બંદર છે.
ઘાટ=પર્વતમાંથી જવા આવવાના રસ્તા
સફળ થવા=પાર પડવા; ફાવવા
સંઈ=સવડ

પાઠ ૬૮ મો.

પ્રસંગ=લાગ; વખત
કૈરો=મિસરની રાજધાનીનું શહેર નીલ નદીને કાંઠે છે
પ્રવેશ કર્યો=દાખલ થયો
ખેદીવ=મિસરનો રાજા

સવાલ--મુંબઈથી એડન જળ માર્ગે કેટલાક મૈલ દૂર છે? એ શહેર અંગ્રેજ સરકારના તાબામાં ક્યા સનમાં આવ્યું? એડનથી સુએજ બંદર કેટલા મૈલ દૂર છે? સુએજની નહેર કોણે બાંધવા માંડી અને તે ક્યારે પુરી થઈ? એ નહેર બાંધતાં કેટલો ખર્ચ થયો? એ નહેરની લંબાઈ પહોળાઈ કેટલી છે?

પાઠ ૬૯ મો.

પોર્ટ=બંદર
જોગવાઈ=વખત; તક
બ્રિંડિસી=ઇટાલીમાં બંદર છે
માર્સેલ્સ=ફ્રાન્સમાં મુખ્ય સમુદ્ર કાંઠે બંદર છે.
વમળ=પાણીમાં થતાં કુંડાળાં; ભમરા
સાર્ડીનિઆ=એ ઇટાલીમાં બેટ છે
કોર્સીકા=એ ફ્રાન્સમાં બેટ છે

મોનીફીઓ=એ ઇટાલિયા ઍડ્રી-
નિઆ ને કાર્સીકાની વચ્ચે છે
સામુદ્રધુની છે

કાલે=ફ્રાન્સમાં શહેર છે

જીબ્રાલ્ટર=એ એજ નામની સામુ-
દ્રધુનીપર ઘણો મોટો કિલ્લો છે
(એ સને ૧૭૦૪ માં અંગ્રેજ
સરકારના તાબામાં આવ્યો)

મેડેની=અમુખ

પ્લીમથ=એ ઇંગ્લાડમાં નોકાસેનાનું
સ્થળ છે

બીચીહેડ=એ ઇંગ્લાડમાં ભૂશિર છે

ડોવર=એ ઇંગ્લાડમાં શહેર છે.

ટેમ્સ=એ ઇંગ્લાડમાં નદી છે (એ
નદી પર લંડન શહેર છે.)

વિલાયત જવાના રસ્તા—(૧) પહેલાં પોર્ટુગીઝ, અં-ગ્રેજ, ફ્રેંચ વગેરે આટલાંટિક મહાસાગરમાં થઈ કેપ ઑફ ગુડ હોપ ઓળંગી હિંદી મહાસાગરમાં થઇ હિંદુસ્તાન જતા હતા. આ રસ્તે વિલાયતથી હિંદુસ્તાન આવતાં ત્રણ મહિના લાગતા. હાલમાં એ સિવાય બીજા ચાર રસ્તા નીકળ્યા છે (૨) મુંબાઇથી આગબો-ટમાં બેસી અરબી સમુદ્રમાં થઈ એડન ઉતરે ને ત્યાંથી લાલ સમુ-દ્રમાં થઇ સુએજની સામુદ્રધુની આગળથી મિસરમાં અલેકઝાંડ્રીઆ બંદરે ઉતરે છે. અલેકઝાંડ્રીઆથી ચાર રસ્તે જવાય છે. (૧) અલેક ઝાંડ્રિઆથી આગબોટમાં બેસી ભૂમધ્ય સમુદ્રમાં માલ્ટાબેટ આગળ થઇ જીબ્રાલ્ટરની સામુદ્રધુનીમાં જાય, પછી આટલાંટિકમાંથી પોર્ટુ-ગાલ, સ્પેન અને ફ્રાન્સને કિનારે કિનારે ચાલી ઇંગ્લિશ ચાનલમાં સોધામ્પટન બંદરે ઉતરે. એ રસ્તે જતાં ૨૬ દિવસ લાગે છે. (૨) અલેકઝાંડ્રિઆથી માલ્ટા બેટ આગળ થઇ ફ્રાંસના માર્સેલ્સ બંદરે ઉતરે ને ત્યાંથી આગગાડીમાં બેસી ડોવર જાય એ રસ્તે જતાં ૨૧ દિવસ લાગે છે. (૩) અલેકઝાંડ્રિઆથી ભૂમધ્ય સમુદ્રમાં અને ત્યાંથી આડ્રિઆટિક સમુદ્રમાં થઇ વેનિસ બંદરે ઉતરે ત્યાંથી આગગાડીમાં

બેસી ઇટાલી, સ્વિટ્ઝર્લાંડ, જર્મનીમાં થઇ ફ્રાન્સના કાલે બંદરે ઉતરે અથવા બેલ્જિયમના ઓસ્ટેન્ડ બંદરે ઉતરે અને ત્યાંથી આગબોટમાં બેસી ડોવર કે લંડન જાય એ રીતે જતાં ૧૯ દિવસ લાગે છે. (૪) અલેક્ઝાંડ્રિઆથી ભૂમધ્ય સમુદ્રમાં થઇ ઇટલીને પૂર્વ કાંઠે બ્રિંડિસી બંદરે ઉતરે, અને ત્યાંથી આગગાડીમાં બેસી બોલોના, મિલાન અને સ્વિટ્ઝર્લાંડમાં થઇ ફ્રાન્સમાં કાલે બંદરે અથવા બેલ્જિયમમાં ઓસ્ટેન્ડ બંદરે ઉતરે; પછી ત્યાંથી આગબોટમાં બેસી ડોવર કે લંડન જાય. આ રસ્તે જતાં ૨૬ દિવસ લાગે છે. વિલાયતની ટપાલ તથા ઘણાખરા ઉતારૂઓ આ રસ્તે જાય છે.

પાઠ ૭૦ મો.

બારૂ=દરીઆનું મુખ; બંદર.
બ્રિજ=પૂલ
બ્રિટિશબેટ=ગ્રેટબ્રિટન અને આયર્લાંડ બેટ
સમૃદ્ધિ=દોલત
ચોડ=પહોળા
પીલ્લા=હણુગા
હિંસારી=હિંસા કરનાર: હિંસક
માવજત=સંભાળ; બરદાસ
ગ્રાનિટ=એક જાતનો દાણાદાર પત્થર
સુઘડતા=ચોકખાઇ.
આરંભ=શરૂઆત; ઉત્પત્તિ

પાઠ ૭૧ મો.

રાજપદ્ધતિ=રાજ ચલાવવાની રીત
પાર્લામેન્ટ=ઇંગ્લાંડની રાજકીય સભા (સાધારણ લોકોની, અમીરોની અને રાજાની સભા મળીને પાર્લામેન્ટ કહેવાય છે)
ઉમરાવ=લૉર્ડ્સ
ઉમરાવની સભા=હાઉસ ઑવ લૉર્ડ્સ
હાઉસ=સભા
કૉમન્સ=સાધારણ લોક.
રૈયતની સભા=હાઉસ ઑવ કૉમન્સ
ધર્માધ્યક્ષ=(ધર્મ+અધિ+અક્ષ) આંખ)=ધર્મગુરૂ,(ઇંગ્રેજીમાં બીશપ અને મોટા ગુરુને આર્ચ બીશપ

કહે છે.
હસ્તક=હાથમાં; તાબામાં
પ્રિવિકૌન્સિલ=એ નામની ઇંગ્લાં-
ડમાં સૌથી મોટી કોર્ટ છે.
મંત્રિમંડળ=પ્રધાનમંડળ; કેબી-
નેટ કૌન્સિલ

કોમન્સની સભામાં મુખ્ય બે પક્ષ છે, ૧) લિબર=રૈયતના લાભમાં રહેનાર) કોન્ઝવેટીવ= રાજ્ય હકમાં રહેનાર. એ ટોપીમાં જે પક્ષના વધારે મત આવે તે પક્ષનો વડો પ્રધાનપદ ધારણ કરે છે. પ્રથમ કોઇ કાયદો કરવો હોય તો રૈયતની સભામાં મુકાય છે તે ત્યાં ત્રણ વાર પસાર થઇ અમી. રોની સભામાંથી કેબીનેટમાં જાય છે ને કેબીનેટવાળા પછી રાજાની સહી માટે મોકલે છે પાર્લામેન્ટમાં કોમન્સનીસભાનું જોર વધારે છે. વિલાયતમાં કાયદાનું માન ઘણુંજ છે રાજા પણ કાયદા વિરૂદ્ધ ચાલે તો શિક્ષાપાત્ર ગણાયછે. આગળ ઇ.સ. ૧૬૪૯માં પહેલા ચાર્લ્સને તથા બીજા જેમ્સરાજાને ૧૬૮૮માં રૈયત વિરૂદ્ધ વર્તવાથી સજા ખમવી પડે હતી. ઇંગ્રેજી કાયદામાં હાલ એવી કહેવત ચાલે છે કે 'રાજા કદી ગુનો કરતાજ નથી' એની મતલબ એ છે કે રાજાના હુકમથી કોઇએ કાંઇ ખોટું કામ કર્યું હોય તો તેની સજા રાજાના તરફના હુકમ માનનાર અમલદારને થાય છે, પણ રાજા તે બાબત જોખમદાર નથી કારણ કે રાજાનું કહેવું કાયદા વિરૂદ્ધ છે કે કાયદા પ્રમાણે છે તે અમલદારે સમજવું જોઇએ. આવા સારા કાયદાને લીધે ઇંગ્લાંડનો કાયદો બીજા દેશ કરતાં વખણાય છે. એથી લોકોના જાનમાલનું બરાબર રક્ષણ થાય છે. લોકોની આબાદી વધે છે. વેપાર રોજગાર વધે છે. કોઇનાથી જુલમ થતો નથી અને તેથી ચઢતી હાલતમાં આવે છે.

પાઠ ૭૨ મો.

ફ્રાન્સ=એ યુરોપખંડમાં ગ્રેટબ્રિટન

ની દક્ષિણમાં દેશ છે.
બાછર=થોડા ઊંડા
ખાડી=અખાત; ગીચ
ફળદ્રુપ=રસાળ
મોર=આંબા આંબલી વગેરેનાં ફૂલ
મઘમઘાટ=મહેક બહેક
ઢોળાવ=ઢાળ
લેઓન્સ=ર્હોન ને સોન નદીના સં-
 ગમપર બીજા નંબરનું શહેર છે.
ધનાઢ્ય=પૈસાદાર
ફ્રંક=ફ્રાન્સ દેશનો પોણા રૂપિઆ-
 ની કીમતનો રૂપાનો સિક્કો
દશાંશ=જે અપૂર્ણાંકનાં છેદ દશ,
 સો, હજાર એમ દશના દશગણા
 હોય તે
સેનેટ=સ્વતંત્ર સંસ્થાનની રાજની
ડેપ્યુટી=મદદગાર (સભા

પ્રેસિડંટ=અધ્યક્ષ; પ્રમુખ
સંમતિ=(સંમ્મતિ)=સલાહ
આરમાર=લડાઇના વહાણનો કાફલો

પાઠ ૭૩ મો.

અઘોર=ઘણાજ મોટા
કળણ=જે પાણીવાળી જગામાં
 પગ ઊંડા ઊતરી જાય છે તે;
 ખુંચી જવાય એવી જમીન
સરાસરી=સરેરાસ
ક્વાસ=જવ, મધ, અને મીઠું
 મેળવીને તેનું પાણી કરે છે તે
મોસ્કો=મોસ્કવા નદીપર રૂશિઆ-
 ના રાજધાનીનું શહેર હતું
પ્લાટિન=એક જાતની ધાતુ
સેંટપીટર્સબર્ગ=રૂશિઆના રાજ-
 ધાનીનું શહેર એ નીવા નદીપર છે.
એકસત્તાક=એકની સત્તાવાળું

સવાલ—ક્ષેત્રફળના પ્રમાણમાં પહેલા, બીજા અને ત્રીજા નંબરનું રાજ્ય ગણાવો. વસ્તીના પ્રમાણમાં પહેલા બીજા અને ત્રીજા નંબરનું રાજ્ય ગણાવો. રૂશિઆના રાજ્યના મુખ્ય કેટલા ને કયા કયા ભાગ છે? યુરોપખંડમાં સૌથી મોટામાં મોટી નદી, મોટામાં મોટું મીઠા પાણીનું સરોવર અને મોટામાં મોટું ખારા પાણીનું સરોવર કયું છે? રૂશિઆઇ એશિઆના ભાગ ગણાવો. રૂશિઆમાં કયા કયા પર્વતો છે અને તેમાં શેની શેની ખાણો છે? કેરોસીન

તેલ ક્યાંથી નીકળે છે ? ત્યાંથી બાતુમ કેરોસીન લઇ જવા માટે શી ગોઠવણ કરી છે ? ઇરાનની હાલની રાજધાનીનું શહેર કયું છે ? અને જુની રાજધાનીનું શહેર કયું હતું ? ઇરાનના રાજાને શું કહે છે ? ઇરાનના રાજ્યના ઇતિહાસનો આરંભ ક્યારથી થયો ?

પાઠ ૭૪ મો.

બાબલીન=એ એશિઆઇ તુર્કસ્તાનમાં શહેર છે (એમાં સિકંદર ઇ. સ. પૂર્વે ૩૨૩માં મરણ પામ્યો હતો)

ઉદય પામી=ચડતીમાં આવી

અસ્ત થયાં=નાશ પામ્યાં

આર્મિનિઅન=આર્મિનિઆના રહેવાસી

બર્બર=બાર્બરી સંસ્થાનના રહેવાસી

કોન્સ્ટંટિનોપલ=ઇસ્તંબુલ

લાદીને=નાખીને

મેંદાના=એક જાતની ઓષધી

કમાવેલા=પકવેલાં

સર્વોપરી=(સર્વ+ઉપરી)=બધાથી ચડીઆતું

ઉરમિઅ=એ ઇરાનમાં સરોવર છે

સંત=સાધુ; ત્યાગી; વેરાગી.

પરસેપોલીસ=પારસીપુરી

શિરાજ=ઇરાનમાં શહેર છે એમાં સાદી અને હાજી નામે કવિ જનમ્યા હતા.

આયાત=પરદેશથી આવતો માલ

નિકાસ=પરદેશ જતો માલ

તહેરાન=ઇરાનની રાજધાનીનું શહેર છે

જરથોસ્ત=પારસી ધર્મ સ્થાપનાર

પાઠ ૭૫ મો.

ક્ષેત્રફળ=લંબાઇ અને પહોળાઇનો ગુણાકાર

બોડા=ઝાડપાન વગરના

પુરાં=પુરતાં; જોઇએ તેટલા

જમાનો=જુગ

ઘાઘરો=ઘેરવાળો ચણીઓ

ભૂષણ=શણગાર

પેકીન=એ ચીનની રાજધાનીનું શહેર છે

બાપદાદા=પૂર્વજો; બાપદાદા

કોરીઆ=એ ચીનમાં દ્વીપકલ્પ છે

નવાસવા=અજાણ્યા

પંક્તિ=વર્ગ
નિપુણ=હોશિયાર
ટોકિઓ=મહા; જાપાનની રાજધા-
નીનું શહેર છે.

પાઠ ૭૬ મો.

દ્રવ્ય=પદાર્થ
વાસ્તવિક=ખરેખરૂં
સ્પષ્ટ=બરાબર; યથાર્થ
અવકાશ=ખાલી જગા
સિદ્ધ=સાબીત
સ્થાયી=કાયમ
સંબંધાકર્ષણ=(સંબંધ+આકર્ષણ)
=પદાર્થના પરમાણું એક
બીજાને ખેંચી રાખે છે તે.
સમુહ=જથો

સવાલ—દુનિયાની વસ્તુઓ જોતાં તેના કેટલા મેટા વર્ગ પાડી શકાય અને તે કયા કયા? દ્રવ્યના ત્રણ વર્ગ શાને લીધે પડયા? દ્રવ્યના ત્રણ રૂપમાં ફેર થવાનું કારણ સમજાવો.

પાઠ ૭૭ મો.

અભેદ્યપણું=જુદા ન પડવાપણું
અડાઅડ=માથોમાથ
બુંદ=ટીપું
પરમાણું=કોઇ પણ વસ્તુનો અ-
ત્યંત ઝીણો ભાગ
છિદ્રાળુ=(છિદ્ર+આળુ)=કાણાંવાળું
સંકોચન=સંકડાઇ જવું
રૂપાંતર=જુદાં જુદાં રૂપ
જડ=ચૈતન્ય વગરનું
અદશ્ય=નહિ દેખાવું; ગુપ્ત
બાષ્પ=બાફ; વરાળ
જડત્વ=જડપણું; પોતાની મેળે
હાલે ચાલે નહિ તેવું
સ્થિતિસ્થાપક=(સ્થિતિ=હાલત=
અસલ રૂપ+સ્થાપક=સ્થાપનાર)
અગાઉની સ્થિતિમાં આવનાર.

સવાલ—પદાર્થમાં સાધારણ સામાન્ય ગુણો છે તે કયા કયા?

પાઠ ૭૮ મો.

અમોલપણું=અસરખાપણું
સ્થળાંતર=(સ્થળ+અંતર) =જગા-
માં ફેર
સ્થિરતા=કાયમપણું
[illegible]

અવકાશ=પોલાણુ; ખાલી જગા
વિકાર=ફેરફાર
બાહ્ય=બહારની
ગતિમાન=ગતિવાળુ, ગતિમાં હોય તેવું
અવસ્થા=હાલત
વલણ=ઇચ્છા

સવાલ—બળનું સમતોલપણું દાખલો આપી સમજાવો. પદાર્થો સ્થળાંતર થવાનું કારણ સમજાવો.

પાઠ ૭૯ મો.

ઢાળ=ઢોળાવ; સરખી ઢાળ પડતી સપાટી
અર્થાત્=મતલબ કે
ટોટો=ખોટ
સાટું=બદલો; અવેજ
યાંત્રિક=યંત્રનો

સવાલ—દાદરો, સીડીઓ અને ડુંગરના રસ્તા એ કયા યંત્રના સાદાં રૂપાંતર છે? ઢાળ શી રીતે બને છે? ઢાળમાં ઉંચાઇ વધે તેમ લાભ ઓછો થાય કે વધારે? ઢાળમાં કેટલી રીતે બળ લગડાય છે અને તે કઇ કઇ? જ. બે રીતે લગડાય છે. ૧) ઢાળની સમાંતર દિશામાં .૨) પાયાની સમાંતર દિશામાં. બળમાં લાભ કયારે વધારે અને કયારે ઓછો થાય? ઢાળ વિષે કયો નિયમ યાદ રાખવા જેવો છે?

પાઠ ૮૦ મો.

ફાચર=પાયા આગળ જોડાઇ ગએલા બે ઢાળવાળો કકડો
પેચ=ફેર; રફૂ
સ્થાયી=કાયમ.
વહાસ=ઘાટ
મોદી=બાંધેલી ખાડી; વહાણ લાંગરવાની જગા
મરોડી=ફેર
આસ=ધરી
કુમકલાસ=એ નામનું યંત્ર (એ ધરના થાંભલા ઉંચકવા વગેરે કામમાં વપરાય છે)
પસિઆરું=ખીલી ઘાલવાનું નાકું
અન્ય=બીજા
વા=ખેંચવાં
નર=ખીલીના દોરા

ફાચર વિષે સમજ—પાયા આગળ જોડાઈ ગએલા બે ઢાળને ફાચર કહે છે. એમાં બે ઢાળ એકઠા મળેલા હોય છે. ફાચરની લંબાઇ તે ઢાળનો પાયો છે. સુથાર, લાકડા ફાડનાર વગેરે વાંસલો, કુહાડી અને છીણી વગેરે વાપરે છે તે ફાચર છે. તેના પર ખેંચાણ કે દબાણ કરવાથી બળ લાગતું નથી, પણ ઉંચેથી ઘા માર્યાથી બળ લાગે છે. એવા આકારથી પાણી કાપવું સહેલું પડે છે, તેથી જ હોડી, વહાણ, પક્ષીની પાંખ, માછલાં વગેરેનો આકાર ફાચર જેવો કરેલો છે.

પેચ વિષે વિશેષ સમજ—પાયાને સમાંતર બળ લગાડેલા ઢાળને પેચ અથવા ફેર કહે છે; અંગ્રેજીમાં એને સ્ક્રૂ કહે છે પેચ ચોપડીઓ, ગાંસડીઓ વગેરે દાબવાના ઉપયોગમાં આવે છે.

સાર—બધી યંત્રિકશક્તિઓમાં આ નિયમ ખાસ યાદ રાખવાનો છે કે, "અંતરમાં જેટલો ટોટો થાય છે તેટલો બળમાં લાભ મળે છે."

પાઠ ૮૧ મો

ગુરુત્વાકર્ષણ=(ગુરુત્વ=ભારેપણું+આકર્ષણ=ખેંચાણ)=પૃથ્વી ભારના પ્રમાણમાં બધા પદાર્થોને ખેંચે છે તે

આકર્ષણ=(આ=મર્યાદા+કૃષ=ખેંચવું+અન)=ખેંચવું તે; ખેંચાણ=આકર્ષણ. એ મુખ્ય પાંચ જાતના છે. ૧)ગુરુત્વાકર્ષણ ૨)સ્નેહાકર્ષણ ૩)કેશાકર્ષણ ૪)લોહચુંબકાકર્ષણ ૫)વિદ્યુતાકર્ષણ

કેશાકર્ષણ=લુગડાની કોર પાણીમાં બોળીએ છીએ ત્યારે ઉંચે પણ લુગડું ભીંજાય છે તે

તત્ત્વવેત્તા=તત્વજ્ઞાની

નિરીક્ષા=ધારીને જોવું તે

ચાપનો કાંટો=કાટલા વગર તોળી શકાય એવો કાંટો

ઉપયોગી સાર—બધી વસ્તુઓને આકર્ષણ બે પ્રમાણમાં લાગે છે. ૧) રજકણનાં પ્રમાણમાં. ૨) અંતરના પ્રમાણમાં. રજકણનું સમ પ્રમાણ એટલે રજકણ ઓછા તેમ આકર્ષણ ઓછું; અને અંતરનું વ્યસ્ત પ્રમાણ એટલે અંતર વધારે તેમ આકર્ષણ ઓછું, ને અંતર થોડું તેમ આકર્ષણ વધારે. પૃથ્વીપર હવા, ઘસારો વગેરે નડવાથી આકર્ષણ બરાબર જણાતું નથી. ધુમાડો, વરાળ વગેરે ગુરુત્વાકર્ષણ તોડીને ઉપર ચઢે છે તેનું કારણ એ છે, કે હવાપર વધારે આકર્ષણ થવાથી તે ચારે તરફ દબાણ કરી નીચે આવે છે, ને ધુમાડો વગેરે હલકા હોવાથી તેનાપર તરે છે. મતલબ કે હવા તેને ટેકવી રાખે છે. જો હવા ન હોય તો ધુમાડો, વરાળ વગેરે નીચેજ પડે ઉપર ગુરુત્વાકર્ષણનો નિયમ કહ્યોછે તે ન હોત તો પૃથ્વીના પૃષ્ટ ઉપરના મનુષ્યો, પ્રાણીઓ, પથરા, ઘરો, નદીઓ, સરોવરો અને મહાસાગર હોઇ શકતજ નહિ પૃથ્વી પણ ગુરુત્વાકર્ષણના નિયમને લીધેજ પોતાની સ્થિતિમાં રહેલી છે. આકર્ષણની શોધ સર ઐસાક ન્યુટન નામના ઇગ્લાંડના એક વિદ્વાને કરી છે. એ વિદ્વાન ઇ. સ. ૧૬૪૧થી ૧૭૨૭માં થઇ ગયો.

પાઠ ૮૨ મો

ગુરુત્વમધ્યબિંદુ=ભારની વચ્ચેનું ઠેકાણું; હરકોઇ પદાર્થના જે ઠેકાણાને ટેકો દીધાથી તે પદાર્થ બરાબર તોળાય તે ઠેકાણાને તેનું ગુરુત્વ મધ્યબિંદુ કહે છે. ગુરુત્વ મધ્યબિંદુ પદાર્થની વચ્ચેજ હોય એમ નહિ પણ ભારની વચ્ચે હોય છે.

ગુરુત્વરેખા=પદાર્થના મધ્યબિંદુથી પૃથ્વીના મધ્યબિંદુ સુધી દોરેલી જે લીટી તે (પદાર્થના સ્થિર રહેવાનો અને પડવાનો આધાર એના પર રહેલો છે)

સમતોલ=ભારનો ભાર

સાર—ગુરુત્વમધ્યબિંદુ પદાર્થની વચ્ચેજ હોય છે એમ નથી, પણ બારની વચ્ચે હોય છે. પદાર્થના સ્થિર રહેવાનો અને પડવાનો આધાર ગુરુત્વરેખાપર રહેલો છે. જો ગુરૂત્વરેખા પાયામાંથી ખસી જાય તો પદાર્થ પડી જાય છે, ને પાયાની વચ્ચે હોય તો ત્યાં સુધી પડતો નથી. મલ્લ, કુસ્તી કરનાર પગ પહોળા રાખે છે તેનું કારણ એજ છે કે ગુરુત્વરેખા પાયાની વચ્ચે રહે.

પાઠ ૮૩ મો.

ધ્વનિ=અવાજ; નાદ
ઇંદ્રિયબોધ=ઇંદ્રિયને જ્ઞાન
લોલક=લટકણુ
બેશક=(બે+શક) નક્કી
પડઘો=સામો અવાજ; પ્રતિધ્વનિ
તરંગો=મોજાં
ગુંચવણુ=અવધડ; અગવડ

સવાલ—અવાજ એટલે શું તે સમજાવો. મોજાં શી રીતે ઉત્પન્ન થાય છે તે દાખલો આપી સમજાવો. અવાજ બધી દિશામાં સંભળાવાનું કારણ શું ? અવાજને ગતિ કોણ આપે છે ? અવાજ દર સેકંડે કેટલા ફુટ ચાલે છે? અવાજ કાને શા કારણથી સંભળાય છે ?

પાઠ ૮૪ મો.

ઉષ્ણુતા=(ઉષ્=ઉનું થવું+તા)=ગરમી
ઇથર=ઘણો ઠંડો અને પાતળો વાયુ રૂપી પદાર્થ
ઘટ=જાડો
પ્રકાશિત=(પ્રકાશ+ઇત)=તેજસ્વી
ત્વરા=ઝડપ
પ્રત્યેક=(પ્રતિ+એક)=દરેક
મોજાં=તરંગો
ગતિ=બળ; શક્તિ
અવકાશ=બે જગા વચ્ચેનું છેટું
પસરે=ફેલાય
સહજ=થોડી મહેનતે
અણુ=રજકણુ
પ્રતિસારક=છૂટું પાડનાર
મનોરંજક=આનંદકારક
વિરંગી=(વિ+રંગ+ઇ)=તરેહ તરેહના રંગવાળું
જ્યોતિ=દીવાના સળગતી વાટ

પાઠ ૮૫ મો.

વાહક=લઇ જનાાર; લેનાર
મંદવાહક=(મંદ=ધીમું+વાહક=લેનાર)=ધીમે ધીમે ગરમી લઇ જનાર
મદ્યાર્ક=દારૂનો અર્ક
સંસર્ગ=સંબધ
ભ્રમણ=ભટકવાપણું
ઉષ્ણુતાનયન=રજકણોને સાથે લઇને ગરમીનું પસાર થવું
ઉષ્ણુતાવહન=રજકણોમાં થઇને ગરમીનું પસાર થવું
આંદોલન=(આંદોલ=ડોલાવવું+અન)=હાલ્યા કરવું તે; ગતિ
શોષણ=ખેંચવાની ક્રિયા

પાઠ ૮૬ મો.

દ્રાવણ=ઓગળવું.
દ્રાવણુબિંદુ=ઓગળવાની હદનું બિંદુ
અદિાલી=હોલી
કૃત્રિમ=બનાવટી
અભ્યાસ=મનન; અધ્યયન
ઉષ્ણુતાબિંદુ=ગરમીનું બિંદુ
નિકટ=પાસે
કોલોનવોટર=એક જાતની અંગ્રેજી દવા

સવાલ—સેંટિગ્રેડ ઉષ્ણુતામાપક યંત્રમાં બરફ, સીસું, રૂપું તથા સોનું કેટલે અંશે ઓગળે છે? બરફનું પાણી થતી વખતે ઉષ્ણુતામાપક યંત્રપર ગરમીની અસર શા માટે જણાતી નથી? તે ગરમી ક્યા કામમાં ખપે છે અને તેને કેવી ગરમી કહે છે? વરાળની છુપી ગરમી સમજાવો. પાણીને સો અંશ ગરમ કરવાનો સહેલો પ્રયોગ કહો. કૃત્રિમ ઠંડી ઉત્પન્ન કરી પાણીનું બરફ ક્યા નિયમે બનાવવામાં આવે છે તે કહો, અને તેનું કારણ સમજાવો. માથું દુખતું હોય ત્યારે કોલોનવોટરના અથવા ઠંડા પાણીના પોતા શા માટે મૂકે છે? કુંજામાંનું પાણી શા કારણથી ઠંડું રહે છે?

પાઠ ૮૭ મો.

સ્વપ્રકાશક=(સ્વ+પ્રકાશક)=પોતાની મેળે પ્રકાશનાર; જે પદાર્થમાંથી પ્રકાશ નીકળે છે તે જેવા કે સૂર્ય, દીવો, બળતા પદાર્થ વગેરે

પરપ્રકાશક=(પર+પ્રકાશક) = બીજાના તેજથી પ્રકાશનાર; જેવા કે ચંદ્રમા, કાચ, લાકડું, માટી વગેરે

પરાવર્તનપામી=(પરા=પાછું+વૃત=વળવું+અન)=પાછો ફેંકાય.

આંદોલન=હાલવાની ક્રિયા

ત્વચા=ચામડી

જ્ઞાનતંતુ=(જ્ઞાન+તંતુ)=શરીરમાં ઝીણાતાર જેવી મગજને ખબર પહોંચાડનારી નસો; જ્ઞાનરજ્જુ

કિરણ=સીધી લીટીમાં પડતો પ્રકાશ

તેજસ્વી=પ્રકાશિત

ભેદીને=અંદર પેસીને

સવાલ—અજવાળા ને ગરમીનું મોટું મૂળ કયું? આંધળા માણસ શા માટે દેખી શકતા નથી? હરકોઇ પદાર્થ જોવાને માટે કઈ કઈ ત્રણ ચીજ જોઇએ? (તે પદાર્થ, અજવાળું ને આંખ.) સ્વપ્રકાશક અને પરપ્રકાશક પદાર્થો ગણાવો. પ્રકાશ શાથી ઉત્પન્ન થાય છે? પ્રકાશનાં કિરણો સીધી લીટીમ જાય છે એ વાત પ્રયોગથી સાબીત કરો. અપારદર્શક પદાર્થનો ઓળો શા માટે પડે છે તે સમજાવો. છાપડામાં અને આપણા ઘરમાં પ્રકાશ જોઈ શકીએ છીએ તેનું કારણ સમજાવો.

પાઠ ૮૮ મો.

ધાડાઇ=જાડાપણું; જાડાઈ

અસમાનતા=(અ+સમાન+તા)=સરખાપણું નહિ તે

અનિયમિત=(અ+નિયમ+ઇત)=નિયમ વગર

વક્રીભવન=(વક્રી=વાંકું+ભવન=થવું)=એક જાતના પારદર્શક પદાર્થમાંથી બીજી જાતના પારદર્શક પદાર્થમાં જતાં પ્રકાશનાં કિરણ વાંકાં વળે છે તે

પ્રમાણ=માપ

ઉદાહરણ=દાખલો; દષ્ટાંત
એશ=સારી
પ્રતિબિંબ=(પ્રતિ=સામું+બિંબ=આકાર)=સામો આકાર
પૃષ્ઠ=બાજુ; પડ
ઉંધી=અવળી; સામી
અસ્થિર=(અ+સ્થિર)=સ્થિર નહિ તે
અસમાન=(અ+સમાન=સરખી) સરખી નહિ તે

સવાલ—આરસી સુરજની સામી ધરવાથી આપણી મરજી પ્રમાણે કિરણો હરકોઇ દિશામાં શા કારણથી ફેરવી શકાએ છીએ ? આરસીમાંથી કિરણો શા માટે પરાવર્તન પામે છે ? અપારદર્શક પદાર્થનું પ્રતિબિંબ શા કારણથી પડતું નથી ? આરસીની સામે સીસાપેનની અણી ધરી પ્રતિબિંબ તરફ નજર કરએ તો શું માલમ પડશે ?

પાઠ ૮૯ મો.

અર્થાત્=મતલબ કે
વાસ્તવિક=ખરી
રેખા=લીટી
બહુધા=ઘણું કરીને
ક્ષિતિજ=પૃથ્વી ને આકાશ મળી ગએલું બતાવનાર લીટી
વસ્તુતઃ=ખરી રીતે

પાઠ ૮૭, ૮૮, ૮૯ નો સાર—અજવાળા તથા ગરમીનું મૂળ સુરજ છે. પ્રકાશનાં કિરણ વસ્તુઓપર પડે છે. તે ત્યાંથી પાછા ફેંકાઇ આપણી આંખમાં પેસે છે તેથી હરેક વસ્તુ આપણે જોઈ શકીએ છીએ. હરકોઇ પદાર્થ જોવાને માટે પદાર્થ, અજવાળુ અને આંખ એ ત્રણે જોઇએ. પ્રકાશનાં કિરણના ગુણ–(૧) પ્રકાશનાં કિરણ પરાવર્તન પામે છે. જે પદાર્થનાં પૃષ્ઠ ચળકતાં છે તે ઉપરથી પરાવર્તન ઘણું થાય છે ને ઝાંખા પદાર્થપરથી પરાવર્તન થોડું થાય છે. (૨) પાણી અને કાચ જેવા પારદર્શક પદાર્થમાંથી પ્રકાશ આરપાર જઇ શકે છે પણ અપારદર્શક પદાર્થમાં તેમ થતું નથી. કેમકે ત્યાંથી કિરણો પાછાં ફેંકાઇ બાજે રસ્તે ચાલ્યાં જાય છે. પ્રકાશનાં કિરણ બાતા જાય

તેમ સામેના પદાર્થનો ઓળો પડે છે. (૩) પ્રકાશનાં કિરણ એક જગાએથી બીજી જગાએ બહુ ઝડપથી જાય છે. પ્રકાશ એક સેકંડમાં એક લાખ ૮૬ હજાર મેલ ચાલે છે. સૂર્યથી પ્રકાશને આવતાં ૮ા મિનિટ લાગે છે. એની શોધ રીમર નામે ડેન્માર્કના ખગોળવેત્તાએ ઇ. સ. ૧૬૭૫ માં કરી. (૪) હીરા વગેરે ચળકતા પદાર્થોમાં પોતાનું તેજ નથી, પણ બીજાનું તેજ તેમના ઉપર પડીને તે બધું પરાવર્તન પામે છે; તેથી તે વધારે ચળકતા જણાય છે. પ્રકાશનાં કિરણ આપણા મો ઉપર પડીને ત્યાંથી પરાવર્તન પામી આરસીપર પડે છે ને ત્યાંથી પાછા પરાવર્તન પામી આપણી આંખમાં પેસે છે, તેથી આરસામાં આપણું મોં દેખાય છે. પ્રકાશના કિરણનો પતન કોણ=પડતી વખતનો ખુણો અને પરાવર્તન કોણ=પાછાં ફેરતી વખતે જે ખુણો થાય છે તે બરાબર હોય છે. ૫) પ્રકાશનાં કિરણ ત્રાંસી લીટીમા જવાથી તેના આકાર સામેના પદાર્થપર ઉંધા દેખાય છે તેનેજ લીધેજ પાણીમાં ઝાડની ટોચ નીચે અને થડ ઉંચે જણાય છે. અથવા આરસીમાં જોઇએ તો ડાબો ભાગ જમણી તરફ અને જમણો ભાગ ડાબી તરફ દેખાય છે બીજુ પરાવર્તન પામવાથી પદાર્થ મોટા પણ દેખાય છે, ૬) પ્રકાશનાં કિરણ વક્રીભવન પામે છે એટલે એક જાતના પારદર્શક પદાર્થમાંથીજ બીજી જાતના પારદર્શક પદાર્થમાં જતાં પ્રકાશનાં કિરણ વાંકાં વળે છે. એજ કારણથી દીવાના કોડીઆમાં મુકેલી સળી તથા પાણીમાં મુકેલી લાકડી વાંકી જણાય છે. કારણ કે કોડિઆમાં જે સળી મુકેલી છે તેમાંથી નીકળતાં કિરણ દીવેલની બહાર સીધી લીટીમાં જતાં નથી પણ મરડાય છે તેથી સળી વાંકી જણાય છે વક્રીભવનથી નાના પદાર્થ મોટા દેખાય છે અને આઘેના પદાર્થ પાસે જણાય છે; સૂ-

ક્ષ્મદર્શક યંત્રમાંથી અથવા દૂરબીનમાંથી જોતાં પદાર્થ મોટા તથા પાસે દેખાય છે તેનું કારણ વક્રીભવન થવાથી એમ દેખાય છે. વક્રીભવન થવાથી અજવાળાનાં કિરણનું પૃથક્કરણ થાય છે ને તેથી તેના સાતે રંગ જુદા જણાય છે.

પાઠ ૯૦ મો.

વિદ્યુત (વિ=વધારે+દ્યુત=પ્રકાશવું +ત=ભૂતકૃદંતનો પ્રત્યય=એલું) =પ્રાણી માત્રમાં જે ગુપ્ત બળ રહેલું છે તે.વીજળી(એને અંગ્રેજીમાં ઇલેકટ્રિસિટી કહે છે)

ગર=અંદરનો માવો; ગર્ભ

ઘર્ષણ=ઘસારો

ઘર્ષણ વીજળી=બે પદાર્થોને ઘસવાથી જે વીજળી ઉત્પન્ન થાય છે તે

આકર્ષાય=ખેંચાય

સવાલ—ઘર્ષણ વીજળી એટલે તે શું તે પ્રયોગ કરી સમજાવો. કયા કયા પદાર્થમાં વિદ્યુત શક્તિ ઉત્પન્ન થઇ શકે ? કાચમાં વિદ્યુત વહેતી નથી તે પ્રયોગથી સાબીત કરો. વિરૂદ્ધ ગુણવાળી વિદ્યુત ઉત્પન્ન કરી બતાવો. વિદ્યુતનો ઉપયોગ કહો.

પાઠ ૯૧ મો.

ઢઢ્ઢો=પતંગની વચ્ચેની ઉભી દાંડી

ઘનઘોર=અંધારાએલું

ભંગ=નાશ

વિદ્યુતવાહક=(વિદ્યુત+વાહક)=જેમાંથી થઇને વીજળી ઝટ વહી શકે છે તે

સર્પાકાર=(સર્પ+આકાર)=સાપના જેવો ઘાટ

ધારણા=અટકળ; અનુમાન

ધ્વનિ=અવાજ

સવાલ—વાદળામાંની વીજળીને નીચે ઉતારવા માટે ફ્રેંકલીને શી યોજના કરી ? વાતાવરણમાં વીજળી કયારે હોય એ બાબત કંઇ નિયમ છે ? વીજળી કયારે પડે છે ? મોટી ઇમારતનો વીજળીથી બચાવ કરવાને શી ગોઠવણ કરેલી હોય છે ? કેવા પદાર્થપર વીજળી

પડવાનો સંભવ વધારે છે ? વીજળીનો ચમકારો પહેલો થાય છે ને ગર્જના મોડી સંભળાય છે તેનું કારણ શું ?

સાર—વીજળી કોઈ પદાર્થપર પડીને નુકસાન કરે છે તેમ એનાથી લાભ પણ ઘણા છે. ૧) હલકી ધાતુપર કીંમતી ધાતુ ચઢાવી શકાય છે. ૨) આગબોટો ચાલે છે. ૩) ભાગેલા વહાણનાં ખોખાં દરીઆમાંથી ઉડાવી દે છે. ૪) પહાડ ફાડી રસ્તા બનાવે છે. ૫) લાખો ગાઉની ખબર ટુંક મુદતમાં પહોંચાડે છે. ૭) આગગાડી ચાલે છે. ૮) છબીઓ પડે છે. ૯) દીવા થાય છે. ૧૦) સંચાએ એની મદદથી ચલાવાય છે. વગેરે વગેરે.

પાઠ ૯૨ મો.

લોહચુંબક=એ એક એવી જાતનું લોઢું છે કે એની પાસે થોડે છેટે સોય વગેરે બીજું સાધારણ લોઢું ધરીએ તો તેને તે ખેંચી લઈ પોતાની જોડે વળગાડી દે છે.

હોકાયંત્ર=(હુકો+યંત્ર)=૨હણુમાં દિશા જાણવાનો સંચો. (એની સોય હંમેશાં ઉત્તર દિશ તરફ રહે છે)

નાવિક+(નૌ=વહાણ+ઇક)=વહાણવટી; સુકાની; ટંડેલ

અન્વય—(લોહ)ચુંબક લોહને નચવે (છે) (અને) ઉત્તર દિશામાં રાખે (છે;) નાવિક હોકાયંત્રથી ખરેખર આશીશ દે (છે)

સમજુતી—લોહચુંબક લોઢાને નચવે છે. અને (હોકાયંત્રની સોયને) ઉત્તર દિશામાં રાખે છે; માટે હોકાયંત્રથી વહાણવાળા ખરેખર આશીશ દે છે.

લોહકાંત=લોઢાને ખેંચનાર: લોહચુંબક

ચમકપાણ=એક જાતનું મરોડી સાથે મળી ગએલું લોઢું

આકર્ષણ શક્તિ=ખેંચાણ શક્તિ

ઘુમરી=ચકરી

આભ=વાદળ
આલમ=કમાનના હાથ નીચેનો અમલદાર
ઘર=હરકોઈ વસ્તુ મુકવા માટે અંદરથી પોલી જે વસ્તુ તે

સવાલ—લોહાને ખેંચવાનો ગુણ શેમાં હોય છે? લોઢાને આપણે એવો ગુણ આપી શકીએ છીએ તે પ્રયોગથી સાબીત કરો. લોહચુંબકના કયા ભાગપર ચુંબક ગુણ હોય છે? લોહચુંબકનો ગુણ કઇ દિશા તરફ વળી રહેવાનો છે? એ પ્રયોગથી સાબીત કરી બતાવો. હોકાયંત્રની શોધ આજથી કેટલા વર્ષપર થઇ? અને જ્યારે એ યંત્ર નહોતું ત્યારે શી શી હરકતો પડતી હતી? હોકાયંત્રની રચના સમજાવો. જમીનપર વાપરવાનું હોકાયંત્ર અને દરીઆમાં વાપરવાનું હોકાયંત્ર એ બેમાં શું ફેર હોય છે?

પાઠ ૯૩ મો.

ઘટના=બનાવટ
અદૃશ્ય=દેખાય નહિ તેવું; ગુપ્ત
વહેર=ઝીણો ભુકો
કિંચિત=જરા જેટલા; થોડા
દહન=સળગવું તે; બળવું તે
સેંદ્રિય=(સ+ઈંદ્રય)=ઇંદ્રયવાળા
અંશ=ભાગ

સવાલ—હવામાં ઑક્સિજન શા પ્રમાણમાં છે? હવામાં ઑક્સિજન પાંચમા ભાગ જેટલો છે તે પ્રયોગથી સાબીત કરી બતાવો. હવામાં બીજું કયું મુખ્ય તત્ત્વ છે? નાઇટ્રોજનનો ગુણ કહો. હવા કયા કયા બે મુખ્ય તત્ત્વના સંયોગથી બનેલી છે? હવામાં એ બે તત્ત્વ સિવાય બીજા કયા કયા પદાર્થો છે? પાણીની વરાળ શા પ્રમાણમાં છે? કાર્બોનિકએસિડ ગ્યાસ શા પ્રમાણમાં છે?

પાઠ ૯૪ મો.

ઘટકાવયવ=(ઘટક=તત્ત્વ+અવયવ=ભાગ)=તત્ત્વનો ભાગ
પેશી=ઝીણા તંતુ

તેજાબ=એસિડ
સોડાવોટર=(સોડા+વોટર=પાણી)
=સોડાવાળું પાણી
ઉચ્છ્વાસ=(ઉત=ઉંચો+શ્વાસ=
દમ કાઢવો તે) દમ મૂકવો તે.
પૂર્તી=પૂરણી
ઉત્કૃષ્ટ=ઘણું સારૂં; શ્રેષ્ઠ

સવાલ—ઑક્સિજનના ગુણ તથા ઉપયોગ કહો. નાઇટ્રોજનના ગુણ તથા ઉપયોગ જણાવો. કાર્બોનિકએસિડ ગ્યાસ શું શું મળીને બનેલો છે? કાર્બોનિકએસિડ વાયુ બનાવો. કાર્બોનિક એસિડ વાયુ હવા કરતાં ભારે છે તે તમે શાથી જાણ્યું? કાર્બોનિક એસિડ ગ્યાસ કોને ફાયદો કરતો છે? પ્રાણીઓ શ્વાસનાં હવામાંથી શું લે છે ને શું બહાર કાઢે છે?

સાર—શીશીમાં દીવો બાળવાથી કાર્બોનિક એસિડ ગ્યાસ ઉત્પન્ન કરી શકાય છે. એજ શીશીમાં જો આપણે દીવો મુકીએ તો તે હોલવાઇ જાય છે. કાર્બોનિક એસિડ ગ્યાસ એ ઝેરી હવા છે. પ્રાણીને તે કામનો નથી; પણ વનસ્પતિને તે ઘણો જરૂરનો છે. પ્રાણીઓ જે વાયુ લે છે તે ઑક્સિજન છે અને બહાર કાઢે છે તે કાર્બોનિક એસિડ ગ્યાસ છે. ઑક્સિજન વગર પ્રાણીઓ જીવી શકે નહિ માટે એને પ્રાણવાયુ પણ કહે છે. જો આપણે પાણીમાં ફૉસ્ફરસ બાળીશું તો તેમાંનો ફૉસ્ફરસ એસિડ બનશે અને તેમાંની હવામાંનો નાઇટ્રોજન તેમાં રહેશે. એ દહન ક્રિયાને મદદ કરતો નથી, અને એ જીવતાં પ્રાણીને ઉપયોગી નથી. વળી તેમાં ઉંદરો મુકવાથી તેઓ તુરત મરી જાય છે. એમાં સ્વાદ અને વાસ નથી ઑક્સિજન વાયુ એકલો લેવાથી નુકસાન થાય છે કારણ કે તે બહુ જલદ છે માટે તેને મંદ કરવાને નાઇટ્રોજન ઉપયોગી છે. જો તમે સ્લેટપર ઉચ્છ્વાસ મુકશો તો તે ભીની થશે એ ઉપરથી જણાય છે કે હવામાં પાણીની

વરાળ છે. જો હવામાં પાણીની વરાળ ન હોય તો સઘળી વનસ્પતિ સુકાઇ જાય અને પ્રાણીઓ મરી જાય એને લીધેજ વનસ્પતિ લીલી રહે છે. ચુનામાં નવસાર મેળવવાથી એમોનીઆ ઉત્પન્ન કરી શકાય છે. વાતાવરણમાં(હવામાં)ઓક્સિજન,નૈટ્રોજન કાર્બોનિક એસિડગ્યાસ,પાણીની વરાળ ને એમોનીઆ હોય છે. ૧૦૦ ભાગ વાતાવરણ(હવા)માં ૨૧ ભાગ ઓક્સિજન, ૭૮·૪ ભાગ નાઇટ્રોજન અને ૬ ભાગમાં કાર્બોનિક એસિડગ્યાસ, પાણીની વરાળ,એમોનિઆ, અને ઝીણી રજવગેરે હોયછે.

પાઠ ૯૫ મો.

કાળજું=કલેજું; પેટમાંનું જમણી તરફનું એક અંગ

બરોળ=પેટમાંની ડાબી બાજુની ગાંઠ; તલ્લી

મૂત્રાપંડ=ગુરદા; પેઢુમાં રહેલી પિશાબની ગાંઠ

ઉદર=પેટ

પ્રત્યક્ષ=ખુલ્લી

પરોક્ષ=અદૃશ્ય; ગુપ્ત

પિત્તાશય=(પિત્ત+આશય=ઠેકાણું પિત્તને રહેવાનું ઠેકાણું;કાળજુ

યકૃત=હૃદય; કાળજુ

આંતરડું=પેટના ડાબા છેડાથી ગાંડના કુલ્લી સુધીની જે નળીમાં નર્ક રહે છે અને જેમાંથી નર્ક નીચે ઉતરે છે તે; મળ નળીની

રતુમડો=રતાશ પડતો

કોષો=શરીરમાં પાંચ ઘર કલ્પ્યા છે તે(પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય, અન્નમય.)

માતબર=ઘાડું ને મેલું

પિત્ત=કાળજામાં લોહીથી જુદો પડેલો પીળો પ્રવાહી પદાર્થ

દ્વાર=બારણાં; રસ્તા; કાણાં

માંસરસ=માંસગોળમાંથી નીકળેલો રસ; જેમાંથી માંસ બને છે તે રસ

શર્કરા=ખાંડ; સાકર

બેચેની=ઉદાસી; અસુખ

ગંભીર=ભયંકર

પ્લીહા=બરોળ

અંતર્ગોળ=પોલી બાજુએ

ગુરદા=મૂત્રપિંડો

રગસીઆ=લાંબો વખત પહોંચે એવા

પાઠ ૯૬ મો.

મુકાબલે=સરખામણીમાં

પ્રકાશમાન=(પ્રકાશ+માન)=તેજસ્વી

તેજોમય=પ્રકાશિત

તેજાવરણ=(તેજ+આવરણ=ઢાંકણ)=પ્રકાશનું ઢાંકણ

રંગાવરણ=(રંગ+આવરણ)=રંગનું ઢાંકણ

મુકુટાવરણ=(મુકુટ=મુગટ+આવરણ)=કિરણોનું ઢાંકણ

અદ્યાપિ=(અદ્ય=આજ+અપિ=પણ)=આજ પણ; આજ સુધી; હજુસુધી

વિલક્ષણ=નવાઇ જેવા

સવાલ—પૃથ્વીથી સુરજ કેટલો આઘો છે? પૃથ્વીથી સુરજ કેટલો ગણો મોટો છે? પૃથ્વીથી સુરજ જેટલા ગણો મોટો છે તેટલા ગણો ભારે છે કે નહિ? અને નહિ તો તેનું કારણ શું? સૂર્ય પોતાની ધરીનો એક ફેરો કેટલા વખતમાં ફરી વળે છે? તેજાવરણ સિવાય બીજા આવરણ છે કે નહિ અને છે તો તે કયા કયા? રંગાવરણ શેનું બનેલું હોય છે? મુકુટાવરણ શેનું બનેલું છે? એ આવરણો દેખાતા કેમ નથી? એ આવરણો કયારે દેખી શકાય છે?

પાઠ ૯૭ મો.

કળા=ચંદ્રબિંબનો ૧૬ મો ભાગ; તેજ

સૂર્યગ્રહણ=જ્યારે સૂર્ય અને પૃથ્વી એ બેની વચ્ચે ચંદ્ર આવે છે ત્યારે ચંદ્રની છાયા પૃથ્વી ઉપર પડવાથી પૃથ્વીના લોકોને સૂર્ય દેખાતો નથી તે. (એ અમાસે થાય છે કેમકે તેજ દિવસે સૂર્ય ચંદ્ર અને પૃથ્વી એ ત્રણે સીધી લીટીમાં આવે છે સૂર્ય ગ્રહણ ત્રણ જાતનું થાય છે ૧) ખગ્રાસ; ૨) કંકણાકાર, ૩) ખંડીત)

ક્ષિતિજ=આકાશ અને પૃથ્વી મળી ગએલાની હદ બતાવનાર લીટી

ગ્રહણ=(ગ્રહ=લેવું+અન=ક્રિયા બતાવનાર પ્રત્યય)=આકાશમાં એક પદાર્થનો છાંયો બીજા પદાર્થ પર પડે છે ત્યારે તે બીજા પદાર્થનું ગ્રહણ થયું કહેવાય છે

ધુમકેતુ=પુછડીઓ તારો

ષષ્ઠાંશ=(ષષ=છ+અંશ=ભાગ) છઠ્ઠો ભાગ

નિરીક્ષણ=ધારી ધારીને જોવું.

અવિકાશ=ખાલી જગા (પક્યંત્ર

સેંટિગ્રેડ=સોઅંશવાળું ગરમી મા૮

અમાસ=સંસ્કૃત અમાવાસ્યા ઉપર થી (અમા=સાથે+વસ=રહેવું+

સવાલ—ચંદ્રને પૃથ્વીનો ઉપગ્રહ શા માટે કહે છે? પૃથ્વીની આસપાસ કેટલા દિવસમાં એક ફેરો ફરી વળે છે? ચંદ્રનો અર્ધોજ ભાગ આપણને શા માટે દેખાય છે? ચંદ્રની કળા સમજાવવા માટે શો પ્રયોગ કરશો? એ પ્રયોગ કરી બતાવો. સૂર્યગ્રહણ અને ચંદ્ર. ગ્રહણ થવાનાં કારણ કહો, ચંદ્ર પૃથ્વીથી કેટલે અંતરે છે? ચંદ્રમાં કરતાં પૃથ્વીનું વજન કેટલા ગણું છે? પૃથ્વીપરપર જે પદાર્થ નું વજન ૬ શેર થાય તેજ પદાર્થ ચંદ્રમાં લઇ જવાથી તેનું કેટલું વજન થશે અને શા કારણથી? ચંદ્રને દુરબીનમાંથી જોવાથી તેમાં શું શું દેખાય છે? ચંદ્રમાં કેટલા દિવસનો દહાડો અને કેટલા દિવસની રાત હોય છે? આપણા જોવામાં જેવાં પ્રાણી અને વનસ્પતિ આવે છે તેવાં પ્રાણી અને વનસ્પતિ ચદ્રમાં કેમ જીવી શકતાં નથી?

પાઠ ૯૮ મો.

કક્ષા=સૂર્યના આસપાસ પૃથ્વીનો ફરવાનો માર્ગ

મુખ્યગ્રહ=સૂર્યની આસપાસ ફરનાર ગ્રહ એ આઠ છે. ૧) પૃથ્વી ૨) બુધ ૩) શુક્ર ૪) મંગળ ૫) બૃહસ્પતિ ૬) શનિ ૭) યુરેનેસ ૮) નેપચ્યુન

ખગોળવેત્તા=(ખ=આકાશ+ગોળ =ગોળા+વિદ્=જાણવું+તા=

પણું)=આકાશ સંબંધી જ્ઞાન ધરાવનાર

અવગણના=(અવ+ગણના=ગણતરી)=તિરસ્કાર

સવાલ—સૂર્યની આસપાસ કયા કયા ગ્રહો ફરે છે? અંદરના ને બહારના ગ્રહોનાં નામ દો. કયા બે ગ્રહો દેખાતા નથી અને શા કારણથી? કયા દેશમાં બુધને જોવાનું અઘરું છે? બુધ અને શુક્ર સૂર્યથી કેટલે દૂર છે અને તેઓ સૂર્યની આસપાસ કેટલા વખતમાં ફરી રહે છે? બુધનો અને શુક્રનો દિવસ કેટકેટલા કલાકનો છે? આપણી પૃથ્વીથી શુક્ર વધારેમાં વધારે ને ઓછામાં ઓછો કેટલો દૂર છે? આપણે ત્યાંની સાધારણ હવા કરતાં શુક્રની હવા શા કારણથી વધારે ગરમ હોવી જોઇએ? આપણી પૃથ્વીપર જેમ ઋતુભેદ થાય છે તેમ શુક્રપર થતા હશે કે નહિ?

કવિતાની સમજુતી.

પાઠ ૪ થો.

કુદરતનું વર્ણન.

 દીસત=દેખાય

મંગળકારી=(મંગળ+કાર+ઇ) આનંદદાયક

પરિતાપ=(પરિ=ચારે તરફથી=તાપ=દુઃખ)=પુરેપુરૂં દુઃખ

નિવારી=મટાડી

મધુર=મીઠી

કોમળ=નાજુક; સુંદર

શી=કેવી

તરૂવર=(તરૂ+વર)=મોટાં ઝાડ

અમૃત=મિઠાશ

ઝીલે=લે; ચાખે

રસીયું=ઓપ ચઢાવ્યો

પરમ=મોટું

શોભન=શોભાવનારૂં

લોભન=લલચાવનારૂં

લોચન=આંખ; નેણ

સ્વર=સૂર; અવાજ

સરિતા=નદી

મલિનતા=મેલાપણું; ગંદકી

સમાવતી=મટાડતી

શશી=ચંદ્ર

અંતર=મન

વિહારતો=રાતો; મોજ કરતો.

લે'રી=લહેર; તરંગ

પસારતો=ફેલાવતો.

હરે=લઇ લે

પુરણું=પુરૂં	નાવિક=હોડીવાળો	ઓઢણુ=ઓઢવાનું લુગડું
વાસીત=(વાસ+ઈત)=વાસ વાળું; સુગંધી-દાર	સમો=વખત	ભ્રાંત=શંકા
શ્રમ=થાક	વાગોળતા=મોમાં પાછું લાવી ચાવતા	શાંતિ=જંપ
વિરામતાં=આરામ લેતાં; શાંત થતાં	કદી=કદીય	ત્રાસ=બીક
નાવડી=નાની હોડી	ઝીંગડી=નાના નાજુક ઝીંગડાં	નિવાસ=રહેઠાણ
ઉદર=પેટ	કંઠની=ગળામાંની	સકળ=બધી
ધવળ=સફેદ; ધોળું	ગાજતી=વાગતી	રચના=શોભા
ખળળ=ખળખળ	પથિક=(પથ+ઇક)વટે-માર્ગુ; રસ્તે જનાર	ઉચરતી=બોલતી
		કીરતી=વખાણ; સ્તુતિ
		કરતા=કરનાર· (પરમે-શ્વર

પાઠ ૪ થો. કુદરતનું વર્ણન.

અન્વય—જંગલ મંગળકારી દીસંત, મનુષ્યના પરિતાપ મિવારી કોમળ મધુર ચંદની શી ખીલે (છો) સહુ તરૂવરો અમૃતને ઝીલે (છે) (૧) બધું વનરૂપેરી રસે રસીયું (હોય તેવું) પરમ શોભન (તે) લોચનને લોભન (કરનારૂં છે) મીઠો સ્વર કરતી જતી સરિતા મલિનતા (અને) તાપ સમાવતી. (૨) (નદીના) જળે ચંદ્ર તણા કીરણો રમતાં (જણાય છે. વળી) વિહારતો શીતળમંદ પવન જળ મહીં ઝીણી લેરી પસારતો જાય છે. તેથી શશી તણી છબી અંતર ઉછળે છે. (૨) (તે પવન) વન (ના) ફૂલોની ઘણી સુગંધી હરે (છે ને તે વડે) તે વનને પુરણ વાસિક કરે (છે) દિવસના અતિશે શ્રમ પામતાં પશુ પંખી (ઓ) છુપી ગયાં (ને) :વિરામતાં (જણાય છે.) (૩) નદી મહીં જળ કાપતી નાવડી (નો) સફેદ સઢ અતિ પવને

ફુલ્યો (છે) અરે એનું ઉદર વિશાળ હશે (તેથી) ખરે પવન વસ્ત્રથી ઢાંકી દીધી (છે.)(૫) જળમાં ખળળ બહુ શબ્દ થતા; બહુ શ્રમથી નાવિક હાંફતા (હતા) સમો જતાં નદી તીરે ગાડી છુટી (છે તેનાં) બળદ બેસી શું ઘાસ વાગોળતા (૬) કહીંય વાંકડી (શીંગડી) ડોલતી (જણાય) કંઠની ઘંટડી મધુર વાજતી (સંભળાય છે) પથિક ભયની ભ્રાંત તજી નિરાંતે ઓઢણું તાણી (ને) સુઇ ગયા. (૭) અહીં શાંતિ નિવાસ કરી રહી (છે તેથી) અહીં તો જન ત્રાસ વિસરતા; આ સકળ રળિઆમણી રચના (પોતાના) કરતાતણી કીરતી ઉચ્ચરતી (૮)

સમજુતી—જંગલ આનંદદાયક દેખાય છે. માણસોનાં દુઃખને મટાડી આ મધુર કોમલ ચાંદની કેવી શોભી રહી છે! બધાં ઝાડો અમૃતને ઝીલે છે અર્થાત્ ચંદ્રિકાને ધારણ કરે છે. (૧) બધું વન જાણે રૂપાના રસવડે (ચંદ્રિકાથી) રસી લીધું ન હોય! મતલબ કે રૂપેરી ચાંદની પૂર્ણ પ્રકાશી રહી છે. એવું જે ઘણું શોભિતું તે આ-ખને લલચાવનારૂં છે. અર્થાત્ આવી લલિત શોભા આંખમાં લોભ ઉત્પન્ન કરે છે એટલે જાણે જોયાજ કરીએ એવી આંખને ઇચ્છા થાય છે મધુર અવાજ કરતી જતી નદી મેલાપણું (મેલ) અને તાપ શાંત કરતી. (૨) નદીના પાણીમાં ચંદ્રનાં કિરણ રમતાં જણાય છે, વળી મોજમાં વાતો ઠંડો ધીમો પવન પાણીમાં ઝીણા તરંગો હલા-વતો જાય છે તેથી ચંદ્રમાની છબી ઉછળતી હોયની! એવું આપણા મનમાં લાગે છે, (૩) તે પવન વનમાંના ફુલોની ઘણી સુવાસ લઇને છે ને તેવડે તે (પવન)જંગલને પુરેપુરૂં સુગંધીદાર કરે છે દિવસની ઘણી મહેનતથી થાકેલા પશુ, પંખી ત્યાં છુપાઇ જઇને આરામ પામતાં જણાય છે (૪) નદીમાં પાણી કાપતી જતી હોડીનો ધોળો સઢ ઘણા પવનથી ફુલેલો જણાય છે, અરે એનું પેટ મોટું હશે તેથી ખરે-

પર પોળા ઘુમટાથી તેને ઢાંકી દીધું છે. (૫) હોડીના ચાલવાથી પાણીમાં ખળખળ ઘણા શબ્દ થતા, અને ઘણી મહેનતથી ખલાસીઓ હાંકતા હતા; વખત થઈ જવાને લીધે નદી કિનારે ગાડી છુટી છે, તેના બળદ બેસીને કેવા ઘાસ વગોળે છે! (૬) વળી તે બળદોની વાંકી શીંગડીઓ હાલતી જણાય છે અને ગળામાંની ઘંટડી મધુર અવાજથી વાગતી સંભળાય છે, વટેમાર્ગુઓ બીકની શંકા છોડી દઈને નચિંતે સોડ તાણીને સુઇ ગયા છે. (૭) અહીંઆં શાંતિ (શીતળતા) રહેઠાણ કરી રહી છે તેથી અહીંઆં તો માણસ બીક ભુલી જાય છે; આ બધી શોભાયમાન બનાવટ જાણે બનાવનારની [પરમેશ્વરની] આબરૂ બોલતી હોયની! મતલબ કે પરમેશ્વરના અગાધ શક્તિનું ભાન કરાવતી હોયની! (૮)

(રા. સા. મંછુવચ્છરામ બળવચ્છરામ મુન્સફ એઓ સુરતના વીસનગરા નાગર બ્રાહ્મણ છે.)

પાઠ ૯ મો.

ઇશ્વર કેમ ખુશ થતો નથી તે બાબત.

પ્રસન્ન=ખુશ; રાજી
નવ=નાહ
કીરતન=ભજન; ગુણ ગાન
અતીશે=ઘણું; વધારે
તારે=તાહરે
ડાચાકૂટ=નકામી વાતચીત
લવ=લાવરી; ગમે તેમ બોલવું તે
પર=પારકી
નિંદા=બદબોઇ
પૂજન=પૂજા સેવાની ક્રિયા
કાયા=શરીર
કંપે=ધ્રૂજે
ગંજીફો=રમવાનાં પાનાં
કૂટતાં=રમતાં
આઠપહોર=દહાડોને રાત એક પહોર ૭॥ ઘડી એટલે ત્રણ કલાકનો કહેવાય છે.
જંપે=ઠરીને બેસે
ચંદન=સુખડ; સુગંધી કાષ્ટ
કુંડી=મસાલો છુંદવાનું પત્થરનું કુંડું.
કુદકુ=લાકડનો દસ્તો (મસાલો છુંદવાનું

હોય તેને કુદકું કહે છે)
રગડે=વાટે; ઘુંટે
એકાદશી=અગ્યારસ
ઓચ્છવ=ઉત્સવ; પ-
વિત્ર દિવસ
જાગરણ=ઉજાગરો
ભાંડ=ભુંડા; બિભત્સ શ-
બ્દ બોલનાર
ભવૈયા=ભવાઈ કરનાર
સારી=આખી
લુખું=ઘી વગરનું
વેદ=પીડા
પરૂણા=પરોણા
મિષ્ટ=મીઠું ભોજન
પરાણે=કાલાવાલા કરીને
મગન=ખુશી
ડોલે=ડોકું ધુણાવી હા
પાડે
ભગવત=ઇશ્વર
ભૂષણ=ઘરેણું
મણિ=હીરા; રત્ન
મુક્તા=મોતી

વીણ=વગર
સુત=છોકરો
જપવા=જપ કરવા;
ધ્યાન ધરવા
ગળાં કાપે=વિશ્વાસઘાત
કરે
ગળગળો=ગરીબ
ભાવ=ચાળા; ઢોંગ
અન્ય=બીજા
અનુચિત=(અન્+ઉચિ-
ત=લાયક)=અયોગ્ય;
અઘટતું
કર્મ=કામ
અંતર=મન
છળ=કપટ; ઠગાઇ
લહે=જાણે
અંતરજામી=અંતર્યા-
મી; ઇશ્વર.
સ્વામી=ધણી; માલિક
સંગી=સોબતી
વૃંદાવન=ગોકુળની પા
સેનું વન (જ્યાં શ્રી
કૃષ્ણ ભગવાને લીલા

કરી હતી તે)
કાન=શ્રીકૃષ્ણ
નાદે=અવાજથી
વેધી=વીંધી
મુનિવર=(મુનિ+વર=મો
ટા)=મુનિયોમાં જે
શ્રેષ્ઠ તે; મોટા મુનિ
સાન=સમજ; ભાન
તરૂ=ઝાડો
શાખ=ડાળી
ઝુકી=લચી; નમી.
ચરણે નમવાને=પગે
લાગવાને
કાજ=માટે
જમના=યમુના (એ ન-
દી હિમાલયના જન્મો-
ત્રી શિખરમાંથી નીકળી
આગ્રા ને અયોધ્યાના
સંયુક્ત પ્રાંતમાં વહી
ગંગાને મળે છે. એને
કાંઠે થાનેશ્વર, દિલ્હી,
મથુરા, આગ્રા, ઇટાવા,
કાલ્પી, અલ્હાબાદ

વગેરે છે.

નીર=પાણી; જળ

મોહન=મોહવાળા

નાદ=અવાજ

ધ્યાન દઈને=ધ્યાનથી; એકચિત્તે

પય=દૂધ

પય પાન કરે નહિ=ધાવે નહિ

ગાળા=ડોકમાં બાંધેલા દોરડા

પળે=જાય; દોડે

કમળજળ=પાણીમાં પેદા થતું લાંબી દાંડીનું એક જાતનું ફૂલ

ટાટડી=સ્થિર

ઉદીઓ=ઉગ્યો

ભાણ=સૂર્ય; સુરજ

શંકર=શિવ; મહાદેવ

સમાધી મેલી રહ્યા=રતબ્ધ થઈ ધ્યાન છોડીને એક ચિત્ત થઈ રહ્યા

પાઠ ૯ પ્રભુ તને પ્રસન્ન કેમ થતો નથી તે વિષે.

અન્વય—તારા દીલનું કપટ નવ જાએ, (તો પછી)તને પ્રભુ તે કેમ પ્રસન્ન થાએ? પ્રભુ (ના) કીરતન અને પ્રભુ (ના) નામ રમરણમાં તારે અતિશે આળસ (છે) (પણ તું) આખો દિવસ ડાચાકુટ લવ (અને) પરનિંદા (કરવામાં) હારે નવ (તો પછી) તને પ્રભુ૦ (૧) પ્રભુનું પૂજન કરતી વેળા તારી કાયા કંપે; (પણ) ગંજીફો સોકટાં કુટતાં આઠે પહોર નવ જંપે. (ટેક) (૨) હરિનું ચંદન ઘસતાં શ્રમથી તારૂં શરીર બગડે; (પણ) કુંડી, કુદકું લઇ મરી, મસાલો (અને) ભાંગજ ભાવે રગડે. (ટેક)(૩) એકાદશી ઓચ્છવનાં જાગરણ તને અતિ કઠણ લાગે; (પણ તું) ભાંડ ભવૈયા જોવા સારૂ સારી રાત જાગે. (ટેક) (૪) હરિના ભગતને જાણે વેઠજ વળગી હોય તેમ લુખુંસુકું (ખવરાવે) (પણ) સગાંસંબંધી (ને) પરણ્યા આવે તેને પરાણે મિષ્ટ (ભોજન) પીરસે. (ટેક) (૫) ગુરુ બે પૈસાની સેવા બતાવે (ત્યારે) ત્યાં ગણગણતું બોલે; (પણ) જ્યારે ઘરની સ્ત્રી ઘરેણું માગે ત્યારે ત્યાં હસી (ને) મગન થઇ ડોલે. (ટેક) (૬) ભગવત (ને)

ખોટાં મોતી, કાચ (અને) કિડીઆ (ના) ભૂષણ ચાલે, (પણ) સત (અને) શીને સોનું, રૂપું, મણિ મુક્તા વીણ નવ ચાલે. (ટેક) (૭) જગ દેખતાં જપવા બેસે, બાકી ખાવા (ને માટે પણ) ન નહાય; ગળાં કાપે ત્યાં ગળગળો થાય. એ વૈષ્ણના ભાવા (છે.) (ટેક) (૮) આ કરવું આ ન કરવું એમ અન્યને શિક્ષા દે છે; (પણ) તું તે પ્રમાણે કરતો નથી, (અને) અનુચિત કર્મ કરે છે. (ટેક) (૯) અંતરના છળ અન્ય ન લહે, પણ અંતરજામી જાણે; દાસ દયાનો સ્વામી જે (પ્રભુ) છે તે તો સાચાનો (જ) સંગી છે. (ટેક) (૧૦)

અન્વય—વૃંદાવનમાં કાન ઉભો ઉભો વાંસળી વગાડે (છે) તે વાગે (છે) રે, (તે) નાદે મુનિવરની પાંસળી વેધી, (અને) કોને સાન નવ રહીરે, (ટેક) (૧) ચરણે નમવાને કાજ તરૂની શાખાઓ ઝુમી રહી (છે) રે; અને વૃક્ષ સાથે વેલી (પણ) ઝૂમી રહીરે, આજ અમારાં ભાગ્ય (ને ધન્ય છે) (ટેક) (૨) જમુના તીર ચાલે નહિરે, (અને) મૃગ મન (માં) મોહન થાય પંખી માળામાં હાલે નહિ રે, (અને તે) નાદ સૂણી (મારાથી) ન રહેવાય. (ટેક) (૩) વાછરૂ પય પાન કરે નહિ, (અને) કાન દઇને સાંભળેરે; કાને નાદ સુણવાને આચો ગાળા તોડી તાહાં પળે રે. (ટેક) (૪) ટાટટી જળ કમળ ફૂલ્યા, (તેથી જાણે) બાણ ઉદીઓ દીસે છે રે; શંકર સમાધ મેલી રહ્યા (છે) (એ સઘળું) જગતને જાણ થયું રે; (ટેક) (૫)

સમજુતી—તારા મનમાંના છળભેદ જાય નહિ તો પછી તારા પર પ્રભુ શી રીતે રાજી થાય? પ્રભુના ભજનમાં અને ઇશ્વરનું નામ યાદ કરવામાં તને ઘણુંજ આળસ આવે છે, પણ તું આખો દહાડો પારકી બદબોઇ કરવામાં, લવારીમાં અને કાચાકુટ કરવામાં

થાકતો નથી. તો પછી તારાપર પ્રભુ૦ ઇશ્વરની પૂજા સેવાની ક્રિયા કરતી વખત તારૂં શરીર ધ્રૂજે છે; પણ તું પાનાં અને સોગટાં રમતાં રાત દ્હાડો ઠરીને બેસતો નથી. (ટેક) (૨) ઇશ્વર માટે સુખડ ઘસવાની મહેનતથી તારૂં શરીર બગડે પણ કુંડી અને કુદકું લઇને મરી મસાલો અને ભાંગ હોંસથી વાટે છે, ત્યારે તારૂં શરીર બગડતું નથી. (ટેક) (૩) તને અગિઆરસના અને ઓચ્છવના ઉજાગરા કરવા ઘણા ભારે લાગે છે, પણ તું ભાંડ અને ભવાયા જોવાને માટે આખી રાત જાગે છે. (ત્યારે તને ઉજાગરા નડતા નથી. (ટેક) (૪) હરિ ભક્ત આવે તો જાણે પીડા વળગી હોય તેમ લુખું સુકું ખવરાવે; પણ જો સંબંધી અને પરોણા આવે તો તેને તું આગ્રહ કરીને મીઠું ભોજન મૂકે છે. (ટેક) (૫) ધર્માચાર્ય બે પૈસાની (નજીવી) સેવા કરવાનું બતાવે ત્યારે ત્યાં તું ગણગણતું (નહિસમજાય એવું) બોલે છે. પણ જ્યારે ઘરની બાયડી ઘરેણું માગે છે ત્યારે તું હસીને ખુશી થઇ હા કહે છે. (ટેક) (૬) ઇશ્વરને ખોટાં મોતી, કાચ અને કિડીઆનાં ઘરેણાં ઘાલે છે, પણ છોકરા અને બાયડીને સોના, રૂપા, હીરા, મોતી વગર ચાલે નહિ. (ટેક) (૭) દુનિયાને બતાવવાને જપ કરવા બેસે છે, બાકી તો ખાવાને માટે પણ નહાય નહિ. વિશ્વાસઘાત કરે ત્યારે ગરીબ થાય એવા વૈષ્ણવના (તારા) ચાળા છે. (ટેક) (૮) આમ કરવું આમ ન કરવું એમ બીજાને શિખામણ દે છે, પણ તું તો તે પ્રમાણે કરતો નથી, અને અયોગ્ય કામ કરે છે. (ટેક) (૯) તારા મનના પ્રપંચ બીજો જાણે નહિ પણ ઇશ્વર જાણે છે; દાસ દયારામનો ધણી (પરમેશ્વર) એતો સાચાનોજ સોબતી છે. (ટેક) (૧૦)

જમના કિનારે ગોકુળની પાસેના વનમાં શ્રીકૃષ્ણ ઉભા ઉભા વાંસળી વગાડે છે, તે વાંસળી વાગે છે તેના અવાજથી મુનિયોમાં શ્રેષ્ઠ તેમની પણ પાંસળી વીંધાઇ જાય છે મતલબ કે તેઓ વાંસળીના મધુર સૂરમાં મશગુલ થઈ ગયા અને તેથી કોઇને પણ ભાન રહ્યું નહિ. (ટેક) (૧) શ્રી કૃષ્ણને પગે લાગવાને માટે ઝાડની ડાળીઓ લચી રહી છે, અને વૃક્ષની સાથે વેલી પણ લચી રહી છે, તે જાણે કહેતાં હોય કે આજ અમારા નસીબને ધન્ય છે. (ટેક) (૨) એ અવાજ સાંભળીને યમુના નદીનું પાણી વહેતું નથી, અને હરણના મનમાં મોહ થાય છે, પક્ષીઓ માળામાં હાલતા નથી. મતલબ કે સ્તબ્ધ થઇ ગયા છે. એ અવાજ સાંભળી મારાથી રહેવાતું નથી. (ટેક) (૩) વાછરડાં ધાવતાં નથી, અને ધ્યાન દઇને સાંભળેછે, કાને અવાજ સાંભળવાને માટે ગાયો ગળામાં બાંધેલું દોરડું તોડીને ત્યાં જાય છે. (ટેક) (૪) સ્થિર જળકમળ (જળમાં પેદા થતાં કમળ) ખીલ્યાં તેથી જાણે સુરજ ઉગ્યો દેખાય છે. મહાદેવ સ્તબ્ધ થઇ ધ્યાન છોડીને એક ચિત્ત થઇ રહ્યા છે. એ બધી દુનિયાને ખબર પડી છે. (ટેક) (૫)

પાઠ ૧૬ મો.	અંબાડી	સુખવિલાસ
ઉપદેશ	રસિક=આનંદી	જોગ=લાયક;યોગ્ય
છત્રે=છત્રીથી	બિરાજતા=શોભતા	અજોગ=અયોગ્ય;
છાંય=છાયા	આયુષ=આવરદા	નાલાયક
છડીદાર=છડી ધરનારા;	રિદ્ધિ=દોલત; ધન	દામ=પૈસા
ચોપદાર	ભાગ્યમાં=નસીબમાં	ખજાને=તીજોરીમાં
છાજતા=શોભતા	આગ્યમાં=આગમાં	સોડતાણી=મોઢું ઢાંકીને
દો=છત્રીવાળી	ઉપયોગ=મોજમઝા;	મસાણુ=હિંદુ લોકોનાં

મુડદાં દાટવા બાળવાની જગા
ઇંદ્રપુરી=ઇંદ્રરાજાની નગરી
અનુસાર=મળતી; જેવા
નગરીઓ=શહેરો
નોખ=શોભા
કોટીધ્વજ=કરોડો પતિ; લખેશરી
ગરજતા=ગાજતા; બોલતા
ગોખ=ઝરૂખો; રવેશ; માળનો આગળ વધારેલો ભાગ;
સુંદરી=ખુબસુરત સ્ત્રી; દેખાવડી સ્ત્રી; ફુટડી સ્ત્રી
ગુણસાર=સારા ગુણવાળી
મર્દ=મરદ; પુરુષ
કો=કોણ
ઠાર=ઠેકાણું; જગ્યા
ગર્દ=ધૂળ; ખાડો

મટો=ટબો
બાત=બાબ
શ્યામ=કૃષ્ણ
ચરણ=પગ
સ્મરણ=યાદ
ત્રિલોક=(ત્રિ=ત્રણ+લોક)=સ્વર્ગ, મૃત્યુ ને પાતાલના લોક
મધ્ય=માં
હસ્ત=હાથ
કરણ=કાન
કૃપાળ=કૃપાળુ; દયાળુ
નેત્ર=આંખ
વદન=મોઢું
દંત=દાંત
ખાનપાન=ખાવાપીવાનું
અભાગી=કમનસીબ
પામ્યો=કમાયો
કોપ=કચરો
જામ્યો=એકઠો થયો; બાઝયો
ઘડીક=વખત
આયુ=આવરદા;જિંદગી

મનરંજન=(મન+રંજન)=મનને ખુશ કરે એવી
ગુપ્તોત્તર=(ગુપ્ત=છુપો+ઉત્તર)=છુપો જવાબ
નાથ=ધણી; સ્વામી
નરક=પાપી પ્રાણીઓને તેમના મરણ પછી શિક્ષા પામવાને માટે રહેવાનું ઠેકાણું; દોજખ.
સાર=તત્ત્વ
પોથી=ચોપડી
ભોજન કરનારી=રાંધનારી
લહો=લો; જાણો
માન=આવકાર
અંતર્બહિર્લાપિકા=અંદરથી અને બહારથી સમજાય એવી સમસ્યા; ગુપ્ત અને ખુલ્લો અર્થ સમજાય એવી સમસ્યા.

શ્રીફળ=નાળિએર	વાચા=વાણી	વરણ=અક્ષર
હારે=ગુમાવે	અવિચળ=સ્થિર;સ્થાયી: અચળ	પદ=તૂક; કડી
લહે=લે.		ગામેતી=પટેલ
આદ્ય=પહેલું; પ્રથમ	દનદન=રોજરોજ	શાશ્વત=જેનો નાશ નહિ તે.
અંત=છેલ્લું	આદિ=પહેલા	

પાઠ ૧૬ મો. ઉપદેશ. (જેને) છત્રે છાંય થતી, (અને જેની આગળ) છડીધર છાજતા; અને (જે) રસિક હાથીના હોદ્દામાં બિરાજતા; (વળી જેના) ભાગ્યમાં આયુષ (અને) અનેક રિદ્ધિ ભરેલી (હતી;) તે પણ એક દિન ઉછળતી આગમાં સુતા. (૧) (જેઓ) ઉપભોગ ભોગવતા (હતા) (અને તેમાં) મહા સુખ માણતા (હતા); જોગ અજોગ જરી જોતા (કે) જાણતા (પણ નહિ;) (વળી જેઓએ કરોડ દામ ખજાને (અને) ખાણમાં કીધા (હતા) (તેઓપણ)મસીદ (કે) મસાણમાં સોડ તાણી (ને) સૂતા. (૨) નોખમાં ઇંદ્રપુરી અનુસાર નગરીઓ (હતી; (ને તેમાં) કોટીધ્વજ સાહુકાર ગોખમાં ગરજતા (હતા;) સારા ગુણની સુંદરીઓ (હતી) (અને) મર્દમાં મહા ગુણ (હતા;) તે નગરીઓ) કો જાણે કઇ ઠાર ગર્દમાં મળી ગઇ! (૩) માટે હે! મારા મિત્ર, (આ) વાત વિચારોરે, ખાત પાપી મટો, (અને) ભલા અને પવિત્ર થઇ જાઓરે; (અને) જીવનનું ફળ ભગવાનનું ભજન જાણી (તેને) ભજોરે; અંતર પ્રીત આણી (તમે) નિત (તેનું) ધ્યાન ધરો. (૪)

મહીહીપછંદ

અન્વય—હે મિત્ર શ્યામના ચરણનું સ્મરણ કરવું એજ સાચી અને સરલ રીત છે; તે વિના ત્રિલોક મધ્યે કોડ વાત કાચી છે; હે કૃપાળુ તેં હસ્ત, ચરણ, કરણ અને નાક કીધું છે; અને

નેત્ર, વદન (અને) દંત આપી (વળી) જ્ઞાન (નું) દાન દીધું. આજ એજ ખાનપાનની ખૂબ ચીજ આપે (છે;) (અને વળી) ભૂખ, તરસ ઠંડ, તાપ (તથા) સર્વ કષ્ટ કાપે (છે;) તે તને ઘડીએ ઘડીએ યાદ આણે (છે;) (પણ) તું દુષ્ટ અભાગી તે ઈષ્ટ દેવને ન જાણે (હે અલ્પ) જીવ તું વિચારી જો (કે) જનમ પામીને (તું) શું પામ્યો? (તેં) ભક્તિની જુક્તિ ન જાણી (અને) પાપ (નો) કાંપ જામ્યો; (પણ) હજી ઉપાય છે, (તે) થાય તો ઘણુંજ સારૂં; કારણ કે જે ઘડીક જાય (છે તેમાં) તારૂં આયુ(ષ્ય) ઓછું થાય (છે.)

મનરંજન કવિતા.

અન્વય—નરકનો નાથ કોણ? દહીંનું સાર (તેને) શું કહીએ? બાળક તણી પોથી તેનું નામ શું લઈએ? ભોજન કરનારી નિત્ય ઘણીનું ઘેર શું કરે (છે?) ચતુર પુરૂષ એ ચાર (પ્રશ્નના) ઉત્તર મનમાં વિચારી લહો. જો સમજી શકે તો માન દઈ બેસવા ઓટલો આપું; (અને જો) નહિ સમજી શકો તો (હું) તને કહું (છું કે) જમ, ઘી, ચોપડી, રોટલી, (ઘી ચોપડી રોટલી જમ.)

અંતર્બહિર્લાપિકા—છપ્પો.

અન્વય—શ્રીફળમાં શું હોય? દગો કરતાં શું હારે? ગામડા મહીં અધિક ભારે પદવી કોણ લહે? મટે નહિ તે કોણ? સૌથી પરમ દુઃખ શું છે? આદ્ય ને અંત (અક્ષર) દાટી, ત્યાં જે નામ રહ્યું છે; એ વાચા (નો આપનાર) અવિચળ દેવ છે, અને દન દન આદિ વરણના પદ પર રહેમ નજર રાખી રહે છે એમ મધ્ય વરણનો કવિજન કહે છે.

પ્લવંગમ છંદ.

સમજુતી—જેને છત્રથી છાયા થતી, અને જેની આગળ છડી ધરનારા શોભતા; અને જે રસીઆ હાથીના હોદ્દામાં શોભતા; વળી જેના નસીબમાં આવરદા અને ઘણી દોલત ભરેલી હતી; (મતલબ કે પૈસાદાર તથા લાંબી ઉંમરવાળા હતા) તે પણ એક દિવસ જોસભેર બળતી આગમાં (ચિતામાં) સૂતા. (મરણ પામ્યા) (૧) જેઓ મોજમઝા ભોગવતા હતા, અને તેમાં ઘણું સુખ સમજતા હતા; ને યોગ્ય અયોગ્ય જરા પણ જોતા કે જાણતા પણ નહિ; (મતલબ કે મરજી મુજબ વર્તતા) વળી જેઓએ ત્રીજોરીમાં અને ખાણુમાં કરોડો રૂપીઆ ભેગા કીધા હતા; તેઓ પણ મસીદ (કબરસ્તાન) કે મસાણુમાં સોડ તાણીને સૂતા. (મરણ પામ્યા) (૨) શોભામાં ઈંદ્ર રાજાની નગરી જેવાં શેહેરો હતાં; તેમાં લખેશરી સાહુકારો ઝરૂખામાં ગાજતા હતા; (ખુશાલીનાં પોકાર કરતા હતા) વળી તે શહેરમાં સારા ગુણવાળી દેખાવડી સ્ત્રીઓ હતી, અને પુરુષમાં મોટા ગુણ હતા; તે નગરીઓ કોણ જાણે કયે ઠેકાણે ખાડામાં દટાઇ ગઇ! (૩) માટે હે મારા મિત્ર આ વાત વિચારો; ભાઇ તમે પાપી ટળી ભલા અને પવિત્ર થઇ જાઓ; અને જીવતરનો લાભ ઇશ્વરનું ભજન જાણી. તેને (ઇશ્વરને) ભજો; મનમાં હેત લાવી, તમે દરરોજ તેનું સ્મરણ કરો. (૪)

મહીદીપ છંદ.

સમજુતી—હે મિત્ર કૃષ્ણના ચરણનું ધ્યાન ધરવું, એજ ખરી અને સારી રીત છે; તે વગર ત્રણ લોક મધ્યે કરોડો વાત નકામી છે; હે દયાળુ તેં હાથ, પગ, કાન અને નાક કર્યું છે; અને આંખ

ઓ અને દાંત આપીને વળી સમજણ પણ આપી છે. આજ પણ એજ ખાવા પીવાની ઘણી વસ્તુ આપે છે; અને વળી ભૂખ, તરસ, તાઢ, તડકો તથા સર્વ દુઃખને દૂર કરે છે; તે (ઇશ્વર) તને વારંવાર યાદ કરે છે, પણ તું પાપી, કમનસીબ તે મોટા દેવ (શ્રીકૃષ્ણ)ને જાણતો નથી. હે અલ્પા જીવ! તું વિચારી જોકે અવતાર લઇને તું શું કમાયો? મતલબ કે કંઇજ નહિ) તેં ભક્તિની તદબીર જાણી નહિ, અને પાપનો કચરો (પાપ રૂપી કચરો) એકઠો કર્યો; પણ હજુ ઇલાજ છે તે થાય તો ઘણું સારૂં, નહિ તો જે વખત જાય છે, તેમાં તારૂં આવરદા ઓછું થાય છે. માટે જીંદગી પુરી થાય તે પહેલાં કાંઇ ઇશ્વર ભજન કરી લે.

મનરંજન કવિતા.

સમજુતી—નરકનો માલિક કોણ છે? દહીંનું જે તત્ત્વ તેને શું કહીએ છીએ? બાળકની ચોપડી તેનુ શું નામ લઇએ છીએ? ભોજન કરનારી દરરોજ ઘઉંનું ઘેર શું બનાવે છે? હે! શાણા માણસ તમે એ ચાર સવાલના જવાબ મનમાં સમજો. જો સમજી શકો તો આદરમાન આપીને બેસવાને ઓટલી આપું; અને જો નહિ સમજી શકો તો હું તને કહું છું કે જમ, ઘી, ચોપડી, રોટલી.
[ઘી ચોપડી રોટલી જમ]

ઉપર જે ચારે સવાલ પૂછેલા છે તેના ચાર જવાબ છેલ્લી લીટીમાં છે [જમ, ઘી, ચોપડી રોટલી.] એ ચાર શબ્દો લખેલા છે તેજ જવાબ છે. નરકનો રાજા જમ, દહીંનું તત્ત્વ ઘી, બાળકની પોથીનું નામ ચોપડી, ભોજન કરનારી સ્ત્રી દરરોજ ઘેર ઘઉંનું ખાવાનું રોટલી કરે છે.

અંદરથી અને બહારથી સમજાય એવી સમસ્યા.

સમજુતી—નાળિએરમાં શું હોય છે? કપટ કરતાં શું ગુમાવે છે? ગામડામાં મોટી ભારે પદવી કોણ લહે? મટે નહિ એવું શું છે? સૌથી મોટું દુઃખ શું છે? ઉપલા પાંચ સવાલના પાંચ જવાબના શબ્દના) પહેલા અને છેલ્લા અક્ષર દબાવી (પછી) ત્યાં જે નામ રહ્યું છે, એ વાણીનો આપનાર અચળ દેવ છે. અને (એ) રોજ રોજ પહેલા અક્ષરના પદ પર મહેરબાનીની નજર રાખી રહે છે. એમ વચલા અક્ષરના નામવાળો કવિ માણસ કહે છે. ઉપલા પાંચ સવાલના પાંચ જવાબ કયા? દેવનું નામ નીકળે છે તે નામ કયું? એ દેવ પહેલા પદના પહેલા અક્ષરના નામ પર રહેમ નજર રાખી રહે છે તે નામ કયું? અને વચલા અક્ષરના નામવાળો કવિજન કયો?

જવાબ—(૧) કોપરૂં. (૨) ધર્મ. (૩) ગામેતી (૪) શાશ્વત (૫) મરણ. ઉપર જે પાંચ જવાબ કહ્યા તેના દરેકનો પહેલો અને છેલ્લો અક્ષર દાબી રાખીએ અને બધા વચલા અક્ષર લઇએ તો "પરમેશ્વર" એવું નામ થાય છે. તેમજ છપ્પામાં પહેલી છ લીટી લખી છે તેનો પહેલો અક્ષર લઇએ તો "શ્રી અમદાવાદ" નામ થાય છે. અને એ છપ્પાના પદમાંથી વચલો અક્ષર લઇએ તો "દલપતરામ" એવું નામ થાય છે.

પાઠ ૨૧ મો.

સદ્‌વિદ્યા=સારીવિદ્યા
મૂઢ=મૂર્ખ; અભણ
વાન=શરીર
વડું=મોટું
બગ્ગા=બગલો
નૃપતિ=રાજા
કશું=શા હિસાબમાં; શા લેખામાં
કોકિલા=કોયલ
વિમળ=ચોકખી; શુદ્ધ
કગ્ગા=કાગડો; કાગ
મોહિની=મોહ પમાડનાર
હીન=વગર; વિના
રાંકા=ગરીબ, નિર્ધન

મોર=મુગટ; છોગું; ઉપરી

જટા=લાંબો ચોટલો

પતંગ=પતંગીઉં

નિજ=પોતાની

જળચર=પાણીમાં રહે- નાર પ્રાણી

બગ=બગલા

ધાયા=દોડયા

ગાડર=ઘેટું

શીષ=માથું

અજા=બકરો

ગર્ધવ=ગધેડો; ખર

લોટે=આળોટે

છાર=રાખ

શુક=પોપટ

ભાખે=બોલે

માનિની=સ્ત્રી

શ્વાન=કુતરો

વાગોળ=એક જાતનું પક્ષી; વનવાગોળ

ન્યાળે=જુએ

પાડ=પર્વત

દ્દઢ=અચળ; કાયમ

છપીને=સંતાઇને

નોળીકર્મ=નાકેથી પાણી પીવું તે

ગજરાજ=મોટો હાથી

ભક્ષ=ખોરાક

પત્ર=પાંદડાં

કપિ=વાંદરો

અનુભવ=અભ્યાસ; મ- હાવરો

વિણુ=વગર

ભાવના=ઇચ્છા; ધારણા

ભંગ=નાશ; ખામી

મનસા=મનથી; મનવડે

સિદ્ધ=નક્કી

કાથરોટ=કથરોટ

ગંગ=ગંગાજી

તિલક=ટીલું

વળ્યાં=ગયાં

જપમાળ=જપકરવાની માળા

નાકાં=છેડા

ચર્ણ=પગ

પોંતા=પહોંચ્યાં

શર્ણું=શરણ

કાનફુટયા=કાન બહેર મારી ગયા

નાવ્યું=આવ્યું નહિ

બ્રહ્મજ્ઞાન=ઇશ્વર સંબં- ધી જ્ઞાન

ઉત્પાત=તોફાન; ખોટી મહેનત

તપ=મનની ઇચ્છા પુરી પાડવા માટે દેહ કષ્ટ કરવું તે

સમરસ=સરખાપણું સ- રખો પ્રેમ

સેજ=જલદી

સંજોગ=મેળાપ

સાવ=બધા

ભોગ=સુખ; વૈભવ

તિમિંગલ=મોટા મચ્છ

પેરેપેરે=યુક્તિથી; ધીરે ધીરે

મથી=ઘણી મહેનત કરી

વેંત=બિલ્લસ

અળગો=જુદો; નોખો

ટળ્યો=મટયો

આથ્ય=પુંજી

પાઠ ૨૧ મો પરચુરણ છપ્પા.

અન્વય—વિદ્યા માન મુકાવે, વિદ્યા પૂર્ણ જશ આપે, વિદ્યા (થી) વાન શોભે છે, નૃપતિ વિદ્યાને નામે (છે) વિદ્યામાંહી વિવેક (અને) વિદ્યાથી વિમળ વાણી (છે) વિદ્યાને જગતમાં મોહિની જાણી, વિશ્વ (તેને) વશ (રહે છે) સદ્‌વિદ્યા વિશાળ રત્ન છે, વિદ્યાથી કશું વડું નહિ; સદ્‌વિદ્યા આગળ ધન કશું (અને) વિદ્યા હીન જન તે પશુ (છે) (૧) જયમ હંસ આગળ બગગા (તેમ) પંડિત આગળ મૂઢ (ને સમજવો) (જેમ) કોકિલા આગળ કગગા (તેમ) પંડિત આગળ મૂઢ (ને) (સમજવો) જયમ રાય આગળ રાંકાં, (તેમ) પંડિત આગળ મૂઢ (ને) (સમજવો;) જેમ સિંધુ આગળ ટાંકાં (તેમ) પંડિત આગળ મૂઢ (ને) (સમજવો;) પંડિતમાં ઘણાં પ્રાક્રમ છે, (તેથી) પંડિત સૌ શિર મોર છે. શામળ કહે (છે કે) પંડિત આગળ મૂઢ તો ચાકર (અને) ચોર (જેવો) (છે.) (૨)

(વડનું) વૃક્ષ જટા ધરે (છે) પતંગ નિજ કાયા બાળે (છે) જળચર જળમાં નહાય (છે.) બગ ધ્યાન ધરવા ધાયા; ગાડર શીષ મુંડાવે (છે) અજા મુખે દાઢું રાખે (છે,) ગર્ધવ છાર (માં) લોટે (છે.) શુક મુખ(થી) રામજ ભાખે (છે) વળી મોર માનિની તજે છે, (અને) શ્વાન સકળનું ખાય છે; શામળ કવિ કહે (છે કે) (પણ)સાચા વિના સ્વર્ગમાં કોણ જાય છે? (૩) ઊંટ ઉંચું ભાળે (છે.) (અને) વાગોળ નીચું ન્યાળે (છે,) (વળી) તરૂવર તાપ સહે છે, પહાડ દૃઢ આસન વાળે (છે) નાગ ઘર કરી ન રહે, ઉંદરો છપીને રહે (છે.) ગજરાજ નોળીકર્મ (છે,) કપિને ફળ (અને) પત્ર (નો) ભક્ષ (છે, પણ) અનુભવ વાણુ ઇશ્વર નવ મળે; ભાવનાક

સહેજ ભંગ છે; (તો પણ) શામળ કવિ કહે (છે કે) (જેને) મનસા સિદ્ધ (છે) તેને કાયરોટમાં (જ) ગંગ છે. (૪)

અન્વય—તિલક કરતાં ત્રેપન (વર્ષ) વહ્યાં, અને જપ કરવાની માળાનાં નાકાં (ઘસાઇ) ગયાં, તીરથ ફરી ફરી ને (ચર્ણ) થાક્યા, તોય હરિને શર્ણું ન પોતા; કથા સૂણી (ને) કાન ફૂટ્યા તોય બ્રહ્મજ્ઞાન ન આવ્યું એમ અખો (કહેછે) (૧) એક મુરખને એવી ટેવ કે (જેટલા) પત્થર એટલા દેવ (માનીને) પૂજે, પાણીને દેખી (ને) સ્નાન કરે (અને) તુળશી દેખી (ને) પાન તોડે. અખો ભગત કહેછે કે એ તો બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત. (૨) (સૌ) હરિ (ને) પામવા ને (માટે) તપ કરે (છે) (પણ) અખો (તો) હરિમાં મેળે ફરે (છે.) મારે તો સમરસ (હોવાથી) સંજોગ સેજ (છે) (એમ) સાવ સ્વતંત્ર (હોવાથી) (હું) ભોગ પામ્યો. જેમ ભર સાગરે તિમીંગલ રમે (તેમ) હું હરિમાં તો દેહ કોણ દમે ? (૩) મેં પેરે પેરે મથી જોયું જે હરિ વિના (એક પણ) પદાર્થ નથી. તો હું જે અદ્વૈતનો ઘડયો તે તે ક્યાં અળગો જઇ (ને) પડયો; એમ જોતાં હરિ હાથ લાગ્યો (જેથી) અખો ટળ્યો અને એ(જ) આપ રહી. (૪)

સમજુતી—વિદ્યા અભિમાન છોડવે છે, વિદ્યા પુરેપુરી આબરૂ આપે છે, વિદ્યાથી શરીર શોભે છે. રાજા વિદ્યાને (વિદ્વાનને) નમે છે; વિદ્યામાં વિવેક રહેલો છે, અને વિદ્યાથીજ શુદ્ધ વાણી બોલાય છે; દુનિયામાં વિદ્યાને મોહિની જાણી, દુનિયા વિદ્યાને તાબે રહે છે, સારી વિદ્યા એ કીંમતી જવાહિર છે, વિદ્યાથી કંઇ પણ મોટું નથી; સારી વિદ્યા આગળ પૈસા કંઇ (વિસાતમાં) નથી તેથી પૈસાદાર પણ અભણ માણસને ઢોર જેવો જાણવો. (૧) જેમ હંસ

આગળ બગલો, તેમ વિદ્વાન આગળ મૂઢને જાણવો જેમ કોયલ આગળ કાગડો, તેમ વિદ્વાન આગળ મૂઢ જાણવો. જેમ રાજા આગળ ગરીબ, તેમ વિદ્વાન આગળ મૂઢને જાણવો. જેમ દરીઆ આગળ ટીકું, તેમ વિદ્વાન આગળ મૂઢને જાણવો. વિદ્વાનમાં ઘણું પરાક્રમ છે તેથી વિદ્વાન બધાથી મોટો છે. શામળ કવિ કહે છે કે, વિદ્વાન આગળ મૂઢ તો ચાકર અને ચોર જેવો છે. (૨)

ખરી સમજ. સમજુતી—વડનું ઝાડ લાંબો ચોટલો (વડવાઇ) રાખે છે, અને પતંગીઉ પોતાના શરીરને બાળે છે, પાણીમાં રહેનાર પ્રાણીઓ પાણીમાં (હંમેશાં) નહાય છે, અને ધ્યાન ધરવા બગલાઓ દોડે છે; ઘેટાં માથું મુડાવે છે. અને બકરા મોઢે દાઢી રાખે છે; ગધેડા રાખમાં આળોટે છે, અને પોપટ મોઢેથી રામરામ બોલે છે; વળી મોર આંનો ત્યાગ કરે છે અને કુતરો બધાનુંજ ખાય છે; પણ શામળ કવિ કહે છે કે સાચા વગર સ્વર્ગમાં કોણ જાય છે? મતલબ કે કોઈ નહિ. (૩) ઊંટ ઉંચુંજ જુએ છે, અને વાગોળ પક્ષી નીચુંજ જુએ છે; ઝાડો તાપ વેઠે છે, અને પર્વત સ્થિર આસન વાળી પડયા છે, નાગ ઘરમાં રહેતો નથી, અને ઉંદરો સંતાઇનેજ રહે છે; હાથી નાકેથી પાણી પીવાની ક્રિયા કરે છે, અને વાદરાને ફળ અને પાંદડાનો ખોરાક હોય છે; પણ ઇશ્વર ખરી ઓળખ વગર મળતો નથી, કારણ કે ભાવનામાં સહેજ ખામી છે; (તો પણ) શામળભટ કવિ કહે છે કે મનથી જેણે નક્કી કરેલું છે તેને તો ઘરોટમાંજ ગંગા છે. (તેની પાસેજ પરમેશ્વર છે) (૪)

સાર—જેઓ ઉપર બતાવેલી ક્રિયાઓથી ઇશ્વર મળે છે. એમ સમજે છે તે ખોટું છે. કારણ કે એવી ક્રિયાઓ તો પશુ,

પંખી, ઝાડ, પહાડ હંમેશાં કરે છે, પણ તેમનામાં ઈશ્વરને ઓળખવાની ખરી સમજ નથી; તેથી તે ક્રિયા નકામી છે, માટે મનથી ખરી ભક્તિ અને સાચવાટ વગર બીજી બધી ક્રિયાઓ નકામી છે.

સમજુતી—ટીલું કરતાં કરતાં ૫૩ વર્ષ વહી ગયા, મતલબ કે ઘરડાં થયા ને જપ જપવાની માળાનાં નાકાં ઘસાઇ ગયાં; પવિત્ર ધામોએ ફરી ફરી પગ થાકી ગયા, (બહુજ તીર્થો કીધાં) તોપણ પરમેશ્વરને શરણે પહોચ્યા નહિ; કથા સાંભળી સાંભળીને કાન બહેર મારી ગયા, (બહુ કથાઓ સાંભળી) તોપણ અખો કહેછે કે ઇશ્વરસંબંધી જ્ઞાન પેદા થયું નહિ. (૧) એક મુરખને એવી ટેવ હતી, કે જેટલા પત્થર દેખે એટલા બધાને દેવ ગણીને પૂજે; જ્યાં પાણી દેખે ત્યાં નહાય, તુળશી દેખીને તેના પાંદડાં તોડે; અખો કહે છે કે આ બધો ઉત્પાત કહેવાય કેમકે ઘણા પરમેશ્વર એ કયાંની વાત (૨) બધા પરમેરને મેળવવા માટે કષ્ટ વેઠે છે, પણ અખો ભકત તો પરમેશ્વરમાં પોતાની મેળે મળેલો છે; મારે તો (અખાને તો) સરખો પ્રેમ હોવાથી સહેજમાં પ્રભુનો મેળાપ છે, અને તમામ (મારે) પોતાને તાબે હોવાથી હું સુખ પામ્યો; જેમ મોટા સમુદ્રમાં મોટું માછલું રમે છે તેમ પરમેશ્વરમાં હું રમી રહ્યો છુ, તો પછી શરીરને નકામું દુઃખ કોણ આપે. (૩) યુક્તિથી મેં ઘણી મહેનત કરીને જોયું; (તો મને માલમ પડયું કે) પ્રભુ વગરની કોઇ પણ વસ્તુ નથી; (બધેજ પ્રભુ છે) તો પછી (મારી) આઠ વેંતની ઉંચાઇનો મને જે ઘડયો, તે ઘડનાર તે (વળી) જુદો કયાં જઇને રહ્યો; એમ વિચારી જોતાં પ્રભુ હાથ લાગ્યો. જેથી અખો ટળ્યો (અખાનું હુંપણું ગયું) અને એ પરમેશ્વર રૂપ પુંજીજ રહી (૪)

પાઠ ૨૮ મો.

કબીરવડ=એ નર્મદાકિનારે આવેલા શુકલતીર્થની પાસેના બેટમાં વડ છે. એના જેવો મોટો દુનિયામાં બીજો નથી એને માટે એવું કહેવાય છે કે મહાત્મા કબીરે અહીં વડનું દાતણ કરીને ચીરી નાખેલી તેમાંથી એ વડ ઉગી નીકળેલો.
ભાસ્યો=દેખાયો; જણાયો
જોધ્ધો=લડવૈયો
એકાંતે=શાંત જગામાં
કદે=માપમાં; ઉંચાઇ અને વિસ્તારમાં
અચરતી=નવાઇ
મોરૂં=આભૂષણ; નાક
મોરાનો=મોખરાનો; આભૂષણનો
મગરૂબ=અભિમાની; અહંકારી
સત્સંગે=કબીરના સમાગમથી; સારી સોબતથી
કબીરા ભગતમાં=કબીર પંથીઓમાં
વૃદ્ધિ=વધારો
તંતુ=વડવાઇ; ભૂમી ખુંચે=ભોંયમાં પેશી ઉગી નીકળે તેવા
સંકેલી=એકઠી કરી; નાની કરી
જટા=માથાપરના લાંબા વાળ; વડવાઇ
ગિર=પર્વત
ભાનુ=સૂર્ય
ભેદી=ઘટામાંથી પેશી
મિત=મધ્યમ; થોડો
અમળ=મેલ વિનાનું; ચોકખું
ઘટા=ખીચોખીચ પાંદડાંનો જથો; ફેલાવો; ભરાવ
છાંયા=છાંયડો
શબદ=શબ્દ
ખગ=પક્ષી
હીણું કરમના=ઓછા ભાગ્યવાળા; કમનસીબ
થાળાં=ભૂમીઆં; આજુબાજુથી ઉંચી જગા
ગલી=સાંકડો રસ્તો
બખોલ=ગુફા
રમણીય=સુંદર
લાલ=જુવાન પુરુષ
લલના=જુવાન સ્ત્રી
લાલ લલના=જુવાનસ્ત્રી પુરુષો
જપ=ઇશ્વરનું નામ અથવા મંત્ર વારે વારે મનમાં બોલવો તે
છાયી=પથરાઇ
હરિત=લીલાં
ઠુમસા=ટુંકા ને જાડા
ખુશનુમા=આનંદ આપનાર
ઠાર=ઝાકળ; હીમ

ઠરી=ટાઢી થઇ; સંતોષ રહી થયો.
નીરખી=જોઇ
ખરી=ખરી પડી; જતી
ખરીજ=ખરેખરી
વિશેષે=ખાસ કરીને
ગભીર=ગંભીર; પ્રાઢ
નરમદા=નર્મદા; રેવાજી
કૃતાર્થી=ધારેલું પામેલા
નરમદા=નર્મદાશંકર કવિ

સમજુતી—ધુમસને લીધે દૂરથી કબીરવડ ભુરો ઝાંખો પહાડ જેવો નદી વચ્ચે નિર્ભયપણે એક સરખો (સ્થિર) ઉભેલો દેખાયો, તે જાણે હારેલો લડવૈયો (નદી વચ્ચે બેસીને) ધ્યાન ધરતો હોયની ! એવો દેખાયો. એવો એ કબીર વડ સવારે એકાંતે શોકને હરે છે. (૧) મોટાઇમાં અને દેખાવમાં એ (કબીરવડ) જગતમાં નવાઇ પમાડનાર જણાય છે, ખરે જે દેશમાં આવું આભૂષણ હોય તે દેશ (જગ્યા) મગરૂબ કેમ નહિ રહે ? કબીરના સમાગમથી એ–કબીર વડ કબીરપંથીઓમાં પવિત્ર મનાય છે. ડાળી અને વડવાઇના વધારાને લીધે એ હંમેશ અમર કેમ નહિ કહેવાય?(૨) પ્રથમ ઝાડની ડાળોમાંથી ફુટીને નીકળતી ભોંય-માં પેસી જાય એવી વડવાઇની શોભાથી ઘણા શરમાઇને શિવજી ઊઠયા, ને પોતાની જટા સંકોચી ને વડ છોડીને હિમાલય પર્વતપર જઇ રહ્યા. (૩) એ વડની ઘટા એવી છે કે જેમાં ઉનાળામાં પણ સૂર્યનું એક પણ કિરણ ઘણી મહેનતે પણ પેસી શકે નહિ, ઉંચે એવી ઘટા હોવાથી નીચે શિતળ છાયા પડે તે છાયાનું લોકો સુખ લે છે, ખુલ્લી બાજુઓ તરફથી પુષ્કળ પવન આવી જમીન પરની ધૂળ કચરો વગેરે સાફ કરે છે, પછી જોઇએ તેટલો પવન આવવાથી માણસોના મનને ખુશી કરે છે. (૪) ઘણાં જંતુ અને પક્ષીઓ અહીં રહીને ઉંચા પ્રકારનુ સુખ પામે છે, અહીં ઘણા જાત્રાળુઓ પુણ્ય સમજીને ઉતરે, અહીં ઘણા શિકારીઓ બહુ ગમત કરે છે. અહીં હજારો લોકોના સમાસ

થતા પણ અડચણ પડતી નથી. એ વડની છાયામાં ૧૫૦૦૦ માણસ સુખે રહી શકે એવો મોટોછે. (૫) અહીંથી નદીને દૂર વહેતી જોવી તે ચકચકિત દેખાય છે, ને કોઇ કોઇ પશુઓ બેટપર અહીંતહીં ચરે છે તે જોવાં; ભારે ઘટાં જોવી, ને કોઇ પક્ષીઓના સ્વર સાંભળવા; શરીરમાં ચોકખો વાયુ લેવો, આવું સુખ કમનસીબ માણસો હોય તે ન લે. (૬) ઘટા અને મૂળીઆની આજુબાજુ થએલી ટેકરીઓને લીધે ફરવા લાયક ઘણી ગલીઓ થઇ છે; વડવાઇઓના પોલાણમાં કેટલીક ગુફાઓ થઇ, અને તેમાં શોભતી ઘણી બેઠકો બની છે, જેમાં નિરાંતે જુવાન સ્ત્રી પુરુષો ખુશાથી રમી શકે અથવા નિરાંતે જોગી પુરૂષ ખુશાથી (જપમાં) ઇશ્વર સ્મરણમાં બેસી શકે, (જોગી ભોગી બંનેને ફાવે એવી જગ્યા છે.) (૭) જાડાં, લીલાંકુમળાં, ઠુમસાં પાંદડાં છાયા કરીને શોભે છે. વળી રાતા (પાકા) ટેટા ખાઇને ઘણાં જીવો પેટ ભરે છે. બાજુ પરથી ઘણાં આનંદદાયક રંગના કિરણો પડે છે, નીચે કરોળીઆ વગેરે એ બાંધેલા પડો હીમથી (હીમનું પાણી પડેલું હોવાથી) તડકામાં બરફ સરખા ચળકતાં જણાય છે. (૮) હે! કબીર વડ તને જોઇને મારી આંખ ટાઢી થઇ. (સંતોષ થયો.) મારી પાપવાળી બુદ્ધિ જતી રહી ને મને ખરેખર સારી જાત્રા થઈ. હે ગંભીર કબીર વડ તારા વડે નર્મદા નદી સારી શોભે છે. (વધારે શોભે છે) (હે નર્મદા નદી) અગર હું નર્મદાશંકર કવિ તારા દર્શનથી ઘણો સુખી થયો છું. (૯)

પાઠ ૩૪ મો.

વિનાશ=નાશ પામવું તે

વિનાશકાળે=નુકસાન થવાને વખતે; દુઃખ આવવાને વખતે; નાશ થવાને વખતે.

વિપરીત=અવળી; ઉલટી

સમાણી=સમાન; જેવી

મતિ=પ્રતિજ્ઞા

પ્રતિજ્ઞા=પણ
પ્રમાણી=અનુસરી; તે પ્રમાણે ચાલી
કુરંગ હણવા=હરણને મારવા
નીતિ ભ્રષ્ટ કીધી=બુદ્ધિ બગાડી
કાળજ્ઞાની=ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળની હકીકત જાણનાર
પાની=પગલું; પગ
ધરાવી=મેળવી
જમાવી=એકઠી કરી; મેળવી; પાથરી
વળુંધી=વળગીને; ધરીને
યદુપુરી=જાદવ રજપુતોની રાજધાની; દ્વારકા.
સુરા=દારૂ
ભરાણો=ભરાયો
શરીર શુદ્ધિ=શરીરનું ભાન
વેત્તા=જાણનાર
નિકટ=પાસે; સમીપ
લહ્યું=લીધું; ભોગવ્યું
સંત=સાધુ
ટળે=દૂર થાય; મટે
આશા=અમુક ઇચ્છેલું મળશે એવું ધારવું તે
તૃષ્ણા=મેળવવાનીઇચ્છા
ઇર્ષા=અદેખાઇ
મોહ=માયા
મત્સર=ક્રોધ
મમતા=મારાપણું
પ્રકટે=પેદા થાય
ઉર=મન
દૃઢ=પાકું; સચોટ
પતિત=પાપી; ધર્મથી ભ્રષ્ટ થએલા
ઓધારીઆ=ઉગાર્યા; ઉદ્ધાર કર્યો; તાર્યા
પરતાપ=મહિમા
સિદ્ધ=મુક્ત
શુક=વ્યાસના પુત્ર
આદિક=બીજા; વગેરે
મુનિવર=મોટા મુનિ
ચોટયું=લાગ્યું
મર્મ=ભેદ; છુપી વાત
અનુપ=(અન્+ઉપ=ઉપમા)=કોઇની સાથે સરખાવી ન શકાય એવો; ઉત્કૃષ્ટ
મહંત=મોટા સાધુ
સેવ્યે=સેવા કર્યાથી
છટે=જતી રહે
માયાની જાળ=જગતના પ્રપંચ
પરિબ્રહ્મ=પરમેશ્વર;સર્વવ્યાપક ઇશ્વર
મુક્તાનંદ=સાધુનુંનામછે
આળપંપાળ=ફાંફાં

અન્વય.—સીતા સમાણી કોણ શાણી સતી (હતી,) (કે જેણે) સદા પતિ પ્રતિજ્ઞા પ્રમાણી, (તેણે પણ) કુરંગ હણવા (ને) ભ્રષ્ટ

અતિ ક્રોધી, (એ) વિનાશકાળે વિપરીત બુદ્ધિ (સુઝી.) (૧) કૌરવ કેવા કાળજ્ઞાની હતા? (તેમણે પણ) કુસંપમાં પાછી પાની ન કરી, (તે) દ્વેષ સહિત ક્રોધી કપૈ મુઆ, (એમ) વિનાશકાળે વિપરીત બુદ્ધિ (સુઝી.) (૨) નળે ન્યાય વિષે નિપૂણતા ધરાવી (ને) જગતમાં સુકીર્તિ જમાવી (તેણે પણ) દ્યૂતને વળુંધી ગાદી ગુમાવી, એ વિનાશકાળે૦ (૩) યદુપુરી (ના) યાદવ યાદ આણો, (તેમનો) જીવ સુરા વિષે ભલો ભરાણો (તેથી તેઓ પણ) શરીર સર્વ શુદ્ધિ મૂકી (ને) મુઆ, (એ) વિનાશકાળે૦ (૪) રાવણ રૂડો શાસ્ત્રવેત્તા હતો, નવે ગ્રહો (તેના) નીકટમાં રહેતા, (તેણે) સીતા હરી (ને) કુબુદ્ધિ (એ) કષ્ટ લહ્યું. (એ) વિનાશકાળે૦ (૫)

સમજુતી—સીતાના જેવી કોઇ ડાહી સતી ન હતી, કે જે હંમેશાં ધણીના હુકમ મુજબ ચાલી; તેણે પણ હરણ મારવા માટે બુદ્ધિ બગાડી જ્યારે વિનાશ થવાનો હોય ત્યારે અવળી બુદ્ધિ સૂઝે છે. (૧) કૌરવ કેવા ત્રિકાળજ્ઞાની હતા, (ભીષ્મ, દ્રોણ, સંજય) તેઓ પણ કુસંપ કરવામાં હઠયા નહિ, તે ક્રોધી (કૌરવો) અદેખાઇ સહીત કપાઇ મુઆ. (ટેક) (૨) નળરાજાએ ન્યાય કરવામાં ઘણી માહીતી મેળવી હતી જેથી તેની દુનિયામાં સારી આબરૂ ફેલાઇ હતી. તેણે પણ જુગારને- વળગીને રાજપાટ ગુમાવ્યું. (ટેક) (૩) દ્વારકાના જાદવોને સંભારો કે તેમનો જીવ દારૂ પીવામાં ઘણો ભરાયો મતલબ કે દારૂ પીધો તેથી તેઓ પણ શરીરનું બધું ભાન ભૂલીને અંદર અંદર લઢીને કપાઇ મુઆ. (ટેક))૪) રાવણ સારી રીતે શાસ્ત્રને જાણનાર હતો, અને નવે ગ્રહો તેની સેવામાં પાસે ને પાસે રહેતા હતા, પણ તેને સીતાનું હરણ કરવાની નઠારી બુદ્ધિ થઇ તેથી દુઃખ વ્હોર્યું. (ટેક) (૫)

સમજુતી.—સાચા સાધુ પુરુષનો સમાગમ ખરૂં સુખ આપે છે. ખરૂં સુખ આપનાર છે; માટે સંત સમાગમ કરવો. સંત સમાગમથી આશા, તૃષ્ણા, અદેખાઇ, અહંકાર, માયા, ક્રોધ; મારાપણું એ અવગુણો બળી જાય છે અને તેથી મનમાં ઇશ્વરનું પાકું જ્ઞાન થાય છે. (ટેક) (૧) સંત સમાગમથી નારદ મુનિ પોતે ઇશ્વરનું મન થયા, અને ઘણા પાપીઓનો ઉદ્ધાર કર્યો, તેથી આબરૂનો મોટો મહીમા ગવાય છે. (ટેક) (૨) શુકદેવ વગેરે મોટા મુનિઓ સતસંગથી સિદ્ધિવાળા પુરુષ થયા અને તેમનું મન સુખરૂપ (સારી રીતે) હરિના રૂપના ધ્યાનમાં ચોટયું. એવો ગુપ્ત ભેદ સાધુ પુરુષોથી એમણે જાણ્યો. (ટેક) (૩) મહંતનો મહિમા મોટો છે, કે જેમની સેવાથી માયાની જાળ (જગતના પ્રપંચ) થી છુટાય છે; અને પરમેશ્વરમાં પ્રીતિ વધે છે મુકતાનંદ કહે છે કે ફાંફાં છોડીને સંત સમાગમ કરવો. (ટેક) (૪)

પાઠ ૩૮ મો.

દ્વેષ=અદેખાઇ
વેર=દુશ્મનાઇ
કેર=કોપ; જુલમ
પર=પારકી
નાતીલા=નાતના
જાતીલા=જાતના
હરખ=ખુશી થા; હરખા
અનોપમ=જે બીજા કોઇ સાથે સરખાવી નહિ શકાય તે; ઉત્કૃષ્ટ
લાજ=આબરૂ
લેખ=જાણ
ઘોર=ભયંકર
કુકર્મી=નઠારાં કામ કરનાર
મારણ=મારનાર
તુલ્ય=બરાબર
જડ=મૂળ
વિવિધ=તરેહ તરેહના
વૈભવ=સુખનાં સાધન
પટકુળ=લુગડાં
હુલકર=હોલકર
ખરાબી=પાયમાલી
ક્ષણજ માત્ર=થી ગણતરીમાં
સંહાર=નાશ
પિંઢારા=લુટારા
નેજા=વાવટા
તનુજ=છોકરાં

ગુલતાન=મશગુલ; ચક્ચુર
આશ્રય=છાંય; મદદ
ધવળ=ધોળ
મંગળ=કલ્યાણ
ધારા=કાયદા; નિયમ
નિર્બળ=કમજોર
કોળી નાળી=કોળી વગેરે
સંસ્થાન=પાસેનો મુલક
ફાંસીખોરા=ફાંસીઆ
ફેલ=ઢોંગ
વાટ=રસ્તો
વનમાં વાટ પાડી ન શકે=રસ્તો રોકી ન શકે
ધીંગા=મજબુત
કાઠી=કાઠિઆવાડના રહેવાસી
જત=જત સંસ્થાનના રહેવાસી
ધાડા=ટોળાં
ધાટ=ઓવારા
કુવેતર=કુવાનું પાણી પાઇ પાક પકવવાનું ખેતર; વાડી
હિમાચળ=(હિમ=બરફ+અ=નહિ=ચળ=ખસે) જ્યાંથી બરફ ખસે નહિ તે; હિમાલય
પ્રવેશ=દાખલ; આરંભ
માળવ=માળવા
આદિક=વગેરે
સજજે=પહેરજે
શણગાર=સાજ; આભૂષણ
આશીશ=આશિર્વાદ
મહી=પૃથ્વી

સમજુતી—અદેખાઇ ગઇ અને દુશ્મનાઇ ગઇ, વળી ઘણો જુલમ કરનાર પણ ગયા, પારકી નાતના અને પોતાની જાતનાથી હળીમળીને દુનિયાનો વહેવાર ચાલે છે; જો કે બિચારી બકરીનો પણ કોઇ કાન પકડી શકતું નથી. મતલબ કે ગરીબમાં ગરીબ જે બકરી તેને પણ કોઇ દુઃખ દઇ શકાતું નથી તો પછી માણસને તો કેમજ દુઃખ દઇ શકાય? મતલબ કે કોઇને પણ દુખ દઇ શકાતું નથી. માટે હે! હિંદુસ્તાન (હિંદુસ્તાનના લોકો) એ આભાર પરમેશ્વરનો સમજીને હવે તું (મનમાં) ખુશી થા. (૧) તારાપર અનોપમ રાજ્ય હાલમાં થયું છે, અને એ રાજ્યે તારી આબરૂ વધારી છે એમ તું સમજ; ભયંકર નઠારાં કામ કરનાર ચોર ગયા ને કપટનું જોર નાશ પામ્યું તે તું જો, હવે મહમુદ સરખા મારનાર નથી,

અને તૈમુર જેવા તોફાન પણ નથી, માટે હે ! હિંદુસ્તાન૦ (૨) જુલમી રાજાઓનો તો સમુળો નાશ થયો, અને નાદિરશાહ જેવા પણ મરી ગયા, હવે ભીલનો ઘણો ભય નથી તેમજ કજીઓ અને કંકાસ પણ નથી, હવે તો હિંદુસ્તાનની પ્રજાને તરેહ તરેહનાં સુખનાં સાધનો મળે છે. મતલબ કે મરજી મુજબ સુખ ભોગવી શકે છે. જોઇએ તેવાં લુગડાં પહેરે છે અને પાન ખાય છે. (આ—ગળના જુલમી રાજાઓના વખતમાં મરજી મુજબ લુગડાં પહેરી શકાતા નહોતાં તેમજ પાન ખાઇને બહાર નીકળી શકાતું નહોતું.) માટે હે ! હિંદુસ્તાન૦ (૩) હવે હોલકરથી ખરાબી થઇ શકતી નથી, અને મરાઠા લોક કંઇ ગણતરીમાંજ નથી. મતલબ કે મરાઠાઓ હવે હુલ્લડ તોફાન કરી શકતા નથી. સિંધીઆથી હવે કદી પણ કોઇનો નાશ થઇ શકતો નથી અને નઠારા જે પીંઢારા લોક તે પણ ગયા. અંગ્રેજ સરકારના અમલ નીચે તારાં છોકરાં (હિંદુસ્તાનના લોક) (મોજમજામાં)મશગુલ રહે છે, માટે હે ! હિંદુસ્તાન૦ (૪) અંગ્રેજ સરકારની એ જોરાવર સત્તા નીચે લોકો તેના શુભ ગુણનું ધોળ અને ગીત ગાયછે કે જેના કાયદા સૌ (રાજા) કરતાં શ્રેષ્ઠછે કે જેથી કમજોર માણસને પણ મનમાં બીક રહેતી નથી, વળી કોળીનાળીની બીક મટાડીને સંસ્થાનનું રક્ષણ કરે છે, માટે હે ! હિંદુસ્તાન૦ (૫) ફાંસીઆ લોકો ઢોંગ કરીને જંગલનો રસ્તો રોકી શકતા નથી, જબરા કાઠી લોક અને જત લોકોનાં ટોળાં ઘોડાથી ઓવારા, પર્વતના રસ્તા રોકી શકતા નથી, ખેતર કે કુવેતરમાં જઇને લશ્કર અનાજ લૂટી લઇ શકાતું નથી, માટે હે ! હિંદુસ્તાન૦ (૬) (દક્ષિણમાં) લંકાથી તે (ઉત્તરમાં) હિમાલય સુધી અને (પૂર્વમાં) કલકત્તાથી (પશ્ચિમમાં) કચ્છમાં

ખખલ થતાં સુધી પંજાબી, સિંધી અને સોરઠીઆ લોક તથા દક્ષિણ, માળવા વગેરે દેશના લોકના બીકના ને દુઃખના દિવસ ગયા, અને સુખના દહાડાનું દાન આપ્યું, માટે હે! હિંદુસ્તાન૦ (૭) તેટલા માટે તું (હિંદુસ્તાનના લોક) તો ખરા અંતઃકરણથી એનો પાડ માન, અને હંમેશ (મનમાં) ખુશી ખુશી રહીને સ્વર્ગના જેવો શણગાર પહેરજે, વળી દલપતરામ કવિ પોતાના ખરા મનથી એવો આર્શિવાદ આપે છે, કે તું (હિંદુસ્તાન) દુનિયામાં મોટી મોટાઇ મેળવજે; હે! હિંદુસ્તાન એ આભાર પરમેશ્વરનો સમજીને તું મનમાં ખુશી થા. (૮)

પાઠ ૪૩ મો.

નરદેવ=રાજા

ભીમક=ભીષ્મક; વિદર્ભ (બીરાર)દેશનો રાજા; દમયંતિનો પિતા

સુતા=પુત્રી

સુંદરી=સુંદર અંગવાળી સ્ત્રી

પ્રસંસા=વખાણ; તારીફ

વરી=પરણી

સુર=દેવ; દેવતા

નરાદિક=મનુષ્ય રાજા વગેરે

વરમાળ=પસંદ કરેલા ધણીની ડોકમાં પહેરાવવાની માળા

નૃપ=રાજા

કંઠે સજી=ગળામાં પહેરાવી

દિવ્યાંગના=દેવતાઇ દેહવાળી; દેવી

તનયા=પુત્રી

સાંપડયાં=થયાં

સુરપુર=દેવલોકની નગરી; સ્વર્ગ; ઇંદ્રપુરી; અમરાપુરી

ભાવતાં=ગમતાં

પુણ્યશ્લોક=યશવાળો; પવિત્ર ચરિત્ર; (એ ચાર ગણાય છે, નળ, યુધિષ્ઠિર, જનક અને જનાર્દન કે વિષ્ણુ

પ્રસરાવતાં=ફેલાવતાં

જુગટું=જુગાર

સુજ્ઞ=(સુ+જ્ઞ)=સારો જાણીતો; જ્ઞાની

નીજબંધુ=પોતાનોભાઇ

પુષ્કર=નળરાજાનો પીતરાઇ ભાઇ

અનુજ=ન્હેલટું જ

દુર્દશા=નઠારી હાલત

શિરપર ફરે=માથે ભમે

કર=હાથ

કર ગયું=તાબામાં ગયું

સંતાન=છોકરાં

પળ્યાં=ગયાં

સુકુમાર=અતિ કોમળ

શૂળ=કાંટાવાળી ડાંખળી

આકરો=સહન ન થઇ શકે એવો

કાંતિ=શોભા; રૂપ

ભૂપરે=જમીન પર

ક્ષુધા=ભૂખ

ખગ=પક્ષી

પટ=વસ્ત્ર; લુગડું

દંપતી=ધણીધણીઆણી

ધરતાં=પહેરતાં

દુર્ભાગ્ય=કમનસીબ

પળવા=જવા

પ્રાણ=ધણી; નાથ

અલગું=નોખુદું; જુદું

ગુણવંતી=સારા ગુણવાળી સ્ત્રી (દમયંતી)

રજની=રાત

હેરાન=દુઃખી

સતી=પતિપર પ્રેમવાળી સ્ત્રી

જીવન=જેના વડે જીવવાનું છે તે; પ્રાણ; ધણી

વિકળ=ગભરાએલી

વ્યાધ=પારધી; શિકારી

વૈદર્ભી=વૈદર્ભ દેશના રાજાની પુત્રી. દમયંતી; નળની સ્ત્રી;

વલવલતી=ટળવળતી

કુળગુરુ=કુળગોર

સલુણી=મનોહર કાંતિવાળી સ્ત્રી

સહી=નક્કી

અહિદંશ=સાપનો ડંખ; કર્કોટકનો ડંખ.

વિરૂપ=કદરૂપું; બેડોળ; કુબડો

ઋતુપર્ણ=અયોધ્યાનો રાજા

સારથી=રથ હાંકનાર

શીઘ્ર=તરત

નરમણિ=પુરુષોમાં રત્ન; રાજા

બાહુક=નળરાજા (એ નામ એણે ઋતુપર્ણ રાજાને ત્યાં રાખ્યું હતું)

લક્ષણ=સ્વભાવ; ગુણ; ટેવ

કળ્યાં=જોયાં

બાળુડાં=છોકરાં;બાળક

હર્ષઘેલાં=હરખથી ગાંડા જેવાં થએલાં

ગત=ગએલું

સાનુકૂળ=(સ+અનુકૂળ) =મરજી માફક;પાધરું

છકીજવું=છાકી જવું; ફાટી જવું; અહંકારે ભરાવું.

હારવી=ગુમાવવી

ટકતાં=રહેતાં

નીતિ=નિયમ

ઉર=મન

કિંવા=અથવા

દ્યુત=જુગાર; જુગટું

સમજુતિ--વિદર્ભ દેશના રાજા ભીમકની દમયંતી નામે સુંદર પુત્રીએ હંસને મોઢેથી નળનાં વખાણ સાંભળીને મનથી તેને (નળને) પરણવાનો નિશ્ચય કર્યો, સતીએ સ્વયંવરની મોટી સભામાં દેવ, મનુષ્ય, રાજા વગેરેને છોડી, તેણે (દયમંતીએ) પ્રેમથી નળ રાજાને ગળે વરમાળ પહેરાવી. (૧) દેવી સમાન શોભતી દમયંતીથી નળરાજાને સારા ગુણ ને રૂપવાળાં એક પુત્ર ને પુત્રી થયાં, તેઓએ સ્વર્ગના જેવાં મન ગમતાં બહુ સારાં સુખો ભોગવ્યાં, વળી રાજાએ પવિત્ર આચરણથી વર્તી સારી આબરૂથી રૈયતને પાળી. (૨) અરે! નળરાજા વિચારવાન હતો છતાં પોતાના ભાઇ પુષ્કરની સાથે જુગાર રમ્યો; જેના માથાપર નઠારી હાલત ભમતી હોય તેને અવળું કામ સૂઝે; મતલબ કે વિનાશકાળે વિપરીત બુદ્ધિ સૂઝે છે. પોતાનું રાજ્ય પુષ્કરના હાથમાં ગયું, બાળકો મોસાળ ગયાં, અને નળ દમયંતી એક લુગડાભેર શહેર બહાર નીકળ્યાં. (૩) અતિ કોમળ પગમાં ઘણી શૂળો, કાંટા કાંકરા વાગ્યા અને ટેકરા ચઢતાં ઉતરતાં સહન ન થઈ શકે એવો ઘણો થાક લાગ્યો. ત્રણ દિવસના અપવાસ થયા, અને તેથી આંખો ઉંડી પેસી ગઇ, મોની શોભા ઝાંખી પડી ને શરીરમાં બળ રહ્યું નહિ. (૪) ત્યાં આઘેથી ભોંયપર ઘણાં પક્ષીને બેઠેલાં જોયાં, તેથી રાજાએ ભૂખનું દુઃખ સમાવવાને તે પક્ષીઓપર પોતાનું કપડું ફેંક્યું; તે કપડું લઇને પક્ષીઓ ઉડી જવાથી, ધણીધણીઆણીએ એક વસ્ત્ર પહેર્યું. આવું કમનસીબ જોઇને નળની બુદ્ધિ ઠેકાણે રહી નહિ. (૫) દમયંતીને દુઃખોથી બચવા માટે પીઅર જવાને ઘણું કહ્યું, પણ તે ગુણવાન સ્ત્રીને પતિથી છુટા થવું ગમ્યું નહિ. જંગલમાં ઘણી હેરાન થઇ ને રાત

પડતાં બંને જણ ઊંઘી ગયાં, પણ મધરાતે નળરાજા અરધું વસ્ત્ર ફાડી નાખીને દયા તજીને ચાલ્યો ગયો. (૬) સતી જાગીને જુએ તો ધણીને ન દીઠો, એટલે બેભાન થઇને ભોંયપર પડી, અને હે નાથ! હે જીવન! ક્યાં ગયા? એમ વારંવાર પોકારતી, ગભરાઇને નળને શોધતી હતી, એવામાં અજગરના મોંમાં આવી પડી, એવા દુઃખમાં ટળવળતી દમયંતીને એક પારધીએ તદબીરથી બચાવી. (૭) જેમ તેમ કરીને નાસીને ત્યાં ગઇ, અને ત્યાં દુઃખે સુખે કેટલાક દિવસ રહી, પછી સુદેવ કુળગોરની શોધથી મનોહર કાંતિવાળી (દમયંતી) નક્કી પીયરમાં પહોંચી, કર્કોટક નાગના કરડવાથી કદરૂપો બનીને નળ ઋતુપર્ણ રાજાનો રથ હાંકનાર થઇને રહ્યો, પછી સતી દમયંતીનો ફરી સ્વયંવર સાંભળીને પુરુષોમાં રત્ન એવો નળરાજા તરત ત્યાં ગયો. (૮) બાહુક (નળ) ના રૂપમાં બહુ તફાવત હતો. પણ લક્ષણો નળનાં જોયાં, પછી બે બાળક અને દમયંતી નળને હરખ ઘેલાં થઇને મળ્યાં. આ વખતે નાગના ઝેરની અસર (પાસ) ગઇ એટલે નળ સ્વરૂપવાન થયો, અને પુષ્કર તાબામાં આવી નમ્યો, ને ગએલું રાજ્ય મળ્યું, માટે પરમેશ્વરની મહેરબાની થાય તો બધું સીધું થાય છે. (૯) કોઇએ સુખના વખતમાં છકી જવું નહિ, તેમજ દુઃખને વખતે હીંમત છોડવી નહિ, કારણ કે સુખ કે દુઃખ હંમેશાં રહેતાં નથી. વળી ગરીબ અથવા રાજા બધા જુગારથી દુઃખી થાય છે. એ નિયમ મનમાં રાખવો; માટે કોઇએ એ દુષ્ટ દુર્ગુણ પાસે કદી પણ નક્કી જવું નહિ. મતલબ કે જુગાર રમવો નહિ. (૧૦)

પાઠ ૪૭ મો.

હાક=બૂમ

ભાગા=તૂટયા; નરમ પડયા

તાક=ગાત્ર; અવયવો

ઉદ્યો=ઉગ્યો.

નૈષધભાણુ=નૈષધ દેશનો સૂર્ય

જોત=તેજનો ભડકો

ઉદ્યોત=આગીઓ

પેર=પેઠે

કુંડળ=નાકની લાલીએ પહેરવાનું ઘરેણું

લહેકે=શોભે

અરગજા=ઘણી જાતની સુગંધી મેળવીને બનાવેલો પીળો ભૂકો; ચંદન

વદન=મોઢું

કમળ નયન=કમળની પાંખડી જેવી આંખ

ફંદ=ફાંદો; પાશ

નાસા=નાક

કીર=પોપટ

પંચ=પાંચ નળ

ગજમુક્તા=હાથીના ગંડસ્થળમાંથી નીકળતાં મોતી જેવાં રસનાં ટીપાં

કુંજર=હાથી

શુંડાકાર=સૂંઢના આકારના

હૃદ=છાતીએ

શોભાળ=શોભાવાળી

નાભી કમળ=જેની દુંટીમાંથી કમળ ઉત્પન્ન થયું છે એવા; વિષ્ણુ

કટી=કેડ

કુંજરકાળ=હાથીનો દુશ્મન; સિંહ; વાઘ

શાર્દૂલ=વાઘ

ગલ=ચાલ; ગતિ

નરપત્ય=નૃપતિઓ; રાજાઓ

નિર્વાણુ=નક્કી

તવ=ત્યારે

તેજે=પ્રકાશમાં

ભાણુ=સૂર્ય; ભાનુ

ગતે=ગતિથી; જોરવડે

વાય=વાયુ

મહિમાએ=મોટાઇમાં

સ્થિરતા=અડગપણું

મેર=મેરૂ પર્વત

કુબેર=અલકાપુરીનો રાજા; મહાદેવના ધનનો અધિપતિ; ભંડારી

ઐશ્વર્યે=મોટાઇમાં

જુધ્ધે=લડાઇમાં

ત્યાગી=મોહ વગરનો જેણે સર્વસ્વ છોડી દીધું હોય તે

સમજુતી—સ્વયંવરમાં બૂમ પડી, કે એ ! નળ આવ્યો, એ સાંભળી સઘળા રાજાઓના ગાત્ર શિથિલ થયા, મતલબ કે નરમ થઇ ગયા. અને જેમ સૂર્યના ઊગવાથી બધા તારાઓ ઝાંખા પડી જાય

તેમ નળરાજા રૂપી સૂર્ય આવવાથી સઘળા રાજાઓ તારાની પેઠે અસ્ત પામ્યા મતલબ કે ઝાંખા પડયા. (૧) નળરાજાના મુગટ ઉપર આગીઆના જેવા હીરા ચળકે તેનાં કિરણ ઝળકી રહ્યાં હતાં અને શરીર પર સુગંધવાળાં પદાર્થ મઘમઘે છે. (૨) પુનેમના ચંદ્રની પેઠે મોઢું શોભે અને આંખ રૂપી કમળ તો જાણે પ્રેમનો ફાંસો હોયની! નાક પોપટની ચાંચના જેવું શોભે છે, એવી શોભાવાળા પાંચ જણ (ચાર દેવ અને પાંચમો નળ) સરખે સરખા આવતા હતા તેમને કોઇ ન દેખાતાં સૌ કોઇ એકલા નળનેજ દેખાતા હતા. (૩) જેના ગળામાં હાથીના મદનાં ટીપાં જેવાં મોતીનો હાર હતો, હાથ હાથીની સૂંઢના આકારના હતા, જેનું હૃદય અને નાભિકમળ ઘણાં શોભાવાળાં હતાં અને જેની કમર સિંહને પણ હઠાવી દે એવી હતી. (૪) નળને વાઘની પેઠે ચાલતો આવતો દેખી સર્વ રાજાઓ નાઉમેદ થયા કે એ તો દમયંતીને જીવાડનાર છે તેથી હવે નક્કી એ (દમયંતી) એને પરણશે. (૫) દમયંતીને ખબર થઇ કે જે નળના હંસે વખાણ કીધાં હતાં તે નળ આવ્યો. તેનું તેજ તો જાણે સૂર્ય તપતો હોયની! પણ ચંદ્રના જેવી તેનામાં શિતળતા હતી. (૬) ચાલમાં તો જાણે પવન જેવો, મોટાઇમાં તો જાણે મહાદેવ જેવો, મનના સ્થિરપણામાં તો જાણે મેરૂ પર્વત જેવો, અને ધનમાં તો જાણે કુબેર હોયની! એવો દેખાતો હતો. (૭) સાચું બોલવામાં શિબિર રાજા જેવો, મોટાઇમાં નિર્ધૂષ રાજાના જેવો, લડાઇમાં જાણે ઈંદ્રના જેવો અને ત્યાગીમાં જાણે હરિશ્ચંદ્ર જેવો નળ આવ્યો. (૮)

પાઠ ૫૦ મો.	પૈસાદાર	કરવા લાયક કામ
ધનવંત=(ધન+વંત)=	ધર્મ=ફરજ;	કર્તવ્ય;	વિનતિ=અરજ

રૂડાં=ખરા; સાચા
લક્ષ=ધ્યાન
દો=આપો
વડાં=ખૂબ
જરણ=ઘરડાં
પાંગળાં=પગમાં જન્મથી ખોડ હોવાથી ચાલી ન શકે તેવાં
નિકટ=નજીક; પાસે
સ્નેહી=વહાલાં; દોસ્ત
કારજો=કામો
સરો=પાર પાડો; કરો
હરો=લઇ લો; મટાડો
દોહલાં=અઘરાં
રૂઝવો=મટાડો; રૂઝ લાવો; સારા કરો.
ધ્રૂજત=ધ્રૂજતા
હાડ=હાડકાં; શરીર
મંદી=ધીમી
વેદના=દુ:ખ
અસર=લાગણી
વજ્ર=દયા વગરનું; કઠણ
છાતી=હૈયું

રૂડી=ઘણી
ધર્મકાજ=પુણ્યનું કામ
નિરાશ્રિતો=આશ્રય વગરના; નિરાધાર
તણુંજ=મુંજ
કમર બાંધીને=મંડ્યા રહીને
કષ્ટ=દુ:ખ
કાપીએ=મટાડીએ; દૂર કરીએ
સાથ=સાથે
ધીરવું=આપવું
હણી=નાશ કરી
સંચીએ=મેળવીએ; એકઠું કરીએ
છાંડજો=મૂકી દેજો; છોડી દેજો
કરો=વેરા; રિવાજ
વરવધુ=વરવહુ
ઠાઠ=શોભા; ભપકો
હરો=હરણ કરો;છોડી દો
ધૂર્ત=ધુતારો
દીન=ગરીબ

વે'મ=વહેમ
ચોંપ=કાળજી; ચોટક; ખંત
દળદરી=ગરીબ
ધરમબુદ્ધિ=દાન કરવાની બુદ્ધિ
મોખરે=આગળ
પાત્ર=માણસ
નરમદા=નરમદાશંકર કવિ
વિનવિ=સમજાવી
નિર્જળ=(નિર્+જળ)=પાણી વગરના
નવાણ=પાણીની જગાઓ; જેવા કે કુવા, વાવ વગેરે
તીર=ઓવારા
સદ્ય=તરતજ
ધીંગી=મોટી; જબરી
રચો=બનાવો
નબળ=કમજોર; માંદાં
નિવારો=મટાડો; ટાળો
ચણાવો=બંધાવો

ભલીભાત=સારી તરેહની
તણા=ના
આદરવી=શરૂ કરવી; ચલાવવી
વડી=મોટી
ઔષધશાળા=ઇસ્પિતાલો; દવાખાનાં
જાત=શરીર
દુખાળા=રોગી
ભાળી=જોઇ
ભાખો=બોલો
ઉઠાવ=જમાવ; ફેલાવ
ગળેલા=બળી ગએલા; દાઝેલા

અંધા=આંધળા
ધારી શકે નહિ=કરી શકે નહિ
પાલન=પોષણ; ગુજારો
પુંજી=દોલત
ઉધારો=ખરચો
સંપી=હળીમળીને
સુધારી=સુધારો કરીને
શિરસ્તો=રિવાજ; રૂઢી
સાજ=સામાન
રચો=કરો
જમાવો=ફેલાવો; સારી રીતે ચલાવો
કળા=હુન્નર

ધરો=રાખો
કાવ્યકળા=(કાવ્ય=કવિતા+કળા=હુન્નર)=કવિતાનો હુન્નર. એટલે નવી કવિતા કરાવવી તે
ધીર=ધીરજવાન
જુગોજુગ=ઘણા કાળ સુધી
ધરાવો=રાખો
જોગ=વખત; દાવ
શુભ=સારો
લાવો—ઓરિઓ

સમજુતી—ખરા દેશીઓ હું તમને અરજ કરૂં છું કે તમે તમારામાં જે પૈસાદાર હોય તે ગરીબ માણસોને માટે ખૂબ ધ્યાન આપો; ઘણાં ઘરડાં, આંધળાં, પાગળાં માણસો તેની અને બધા રોગીની તમારે ખબર લેવી. મતલબ કે મદદ કરવી. (૧) નજીકના વહાલાંનાં કામ કરો અને પારકા માણસોનાં દુઃખ લઇ લો; મતલબ કે તેમને મદદ કરો. તમે મહેનત લઇને તેમના શરીરના અને મનના ઘણા અઘરા રોગો મટાડો. (૨) ધ્રૂજતા શરીરના અને ધીમી નાડીના તેમજ મુંગા પ્રાણી દરદનું દુઃખ શી રીતે વેઠી શકે? તેમને જોઇને કઠણ હૈયામાં પણ (વજ્ર છાતીવાળા માણસને) લાગણી

પેદા થશે તો તમે ધર્મના કામમાં ઘણી દયા રાખો. (૩) દુઃખી અને આશ્રય વગરનાને પાળવા એ આપણો હક છે, મતલબ કે એવા માણસોને પાળવા એ આપણી ફરજ છે એમ સમજવું. આટલી સમજણ દેખાય છે. તો મંડયા રહીને દુઃખ દૂર કરવા એજ દેશીનું અભિમાન છે. (૪) આપણે મરી જઇશું ત્યારે પૈસો આપણી સાથે આવવાનો નથી. પણ ધર્મ આવવાનો છે માટે પાપનો નાશ કરીને પુણ્યને આપવો; મતલબ કે પાપને રસ્તે પૈસો ન ખર્ચતાં તે પૈસો પુણ્યના કામમાં ખરચવો. જેથી કરીને આ દુનિયામાં આબરૂ મેળવીએ અને મરી ગયા પછી મોક્ષ પામીએ. (૫) તમે ન્યાત જમાડવાના રિવાજ છોડી દેજો. અને વરઘોડાની શોભાને છોડી દો. જો આબરૂ મેળવવા માટે અભિમાન રાખતા હોય તો ધુતારાને આપવું નહિ, અને તે પૈસાથી ગરીબોને પોષવા. (૬) વહેમને જડમાંથી (સમુળગો) કાઢી નાખજો, અને સુધરવાને માટે ઘણી કાળજી રાખજો; ગરીબોનાં દુઃખો મટાડો અને પુણ્ય કરવાની બુદ્ધિને આગળ લાવો, મતલબ કે ગરીબોનાં દુઃખ મટાડીને પુણ્ય કરો. (૭) ગરીબ અને લાયકને દાન આપવું, તેના જેવી બીજી સારી સમજ નથી. નર્મદાશંકર કવિ તમને નમનતાઇથી કહે છે કે ગરીબોને મદદ આપીને પછી તમો મોજમજા ભોગવો. (૮)

પાણીની તંગીવાળા ગામોમાં પાણીની જગાઓ ગાળી કઢાવો અને જુનાં વાવ, કુવા, નદી, તળાવ, આવારા વગેરે હોય તેને શોધીને તરતજ સમરાવવા, એ ફરજ છે!

મહાજુતી—પાણી વગરના–પાણીની તંગીવાળા ગામોમાં પાણીની જગાઓ ગાળી કઢાવો અને જુનાં વાવ, કુવા, નદી, તળાવ, આવારા વગેરે હોય તેને શોધીને તરતજ સમરાવવા, એ ફરજ છે! પૈસાદાર માણસો તમારી જે. (૧) સારી જબરી ધર્મશાળા બંધાવો,

કે જ્યાં માંદા સ્ત્રી પુરુષો રહે, તે માણસના શરીરનાં દુઃખ મટાડો એ ફરજ હે ! પૈસાદાર માણસો તમારી છે. (૨) ચોકખી મોટી-ઘણુ બાળક માય એવી નિશાળ બંધાવો, અને બાળકોને તરેહ તરેહની વિદ્યા ભણાવો. કે જેથી તેમાં શીખેલાં બાળકોપર આખી ઉંમર સુધીના-જીંદગી સુધીના ઉપકારો રહેશે. એ ફરજ હે ! પૈસાદાર માણસો તમારી છે. (૩) મોટા દવાખાના બંધાવી ચલાવો કે જેથી શરીરના દુઃખી માણસ પોતાનું દુઃખ મટાડે; અને બિચારો રોગી બાળક હોય તે પણ ત્યાં રહી સુખ લે, એ ફરજ હે ! પૈસાદાર માણસો તમારી છે. (૪) ભિખારીને જોઇને તેમની સાથે દયા લાવી બોલો, અને રોટલી આપીને પાછો ભીખ માગતો રાખો નહિ; મતલબ કે તેને ધંધે રોજગારે વળગાડો કે જેથી તેને ફરીથી ભીખ માગવી ન પડે. ઉઠાવ હોય એવા હજારો ઉદ્યોગ કરો, એ ફરજ હે ! પૈસાદાર માણસો તમારી છે. (૫) શરીરે ગળાઇ ગએલા, દાઝેલા, અને આંધળા હિંમત રાખીને રોજગાર કરી શકે નહિ; એવા માણસના ગુજરાન માટે તમારી દોલત ખરચો, એ ફરજ હે ! પૈસાદાર માણસો તમારી છે. (૬) હરેક રિવાજ હળીમળીને સુધારીને બધાના ખપનો સામાન બહુ સસ્તો કરો; અને હમેશાં નઠારો વિચાર કરો નહિ. એ ફરજ હે ! પૈસાદાર માણસો તમારી છે. (૭) પારકે દેશ જઇને દુકાન સારી ચલાવો અને બીજા લોકોના લાખો જાતના હુન્નર શીખી લાવો. ઉમંગ રાખો અને હિંમત છોડી દો નહિ, એ ફરજ હે ! પૈસાદાર માણસો તમારી છે. (૮) કવિની પાસે કવિતાનો હુન્નર કરાવો, મતલબ કે નવી કવિતા બનાવરાવો, અને ઘણો કાળ સુધી

ધીરજવાન એવું નામ રાખો; અરે માણસો આવો વખત-પેસાદાર સ્થિતિ ફરીને મળશે નહિ, માટે દલપતરામ કવિ કહે છે કે તમે આ સારો ઓરીયો લઇ લો. (૯)

પાઠ ૫૪ મો.

સાજ=સામાન
ગાવે=ગાય
જશ=આબરૂ
હામ=હિંમત
ન્યારાં=અદ્‌ભુત
પાતાળ=પૃથ્વીની નીચેનો ભાગ
પોપડા=જમીનનું ઉપલું પડ
ઢાળ=ઢોળાવ
ઉદ્ભિજ=વનસ્પતિ
સૃષ્ટિ=દુનિયા
બદલાઇ=ફેરવાઇ
ક્રમે=એક પછી એક
મંડાઇ=સ્થપાઇ
નમુનો=કંઇક ભાગ
નિશાની=પત્તો; એધાણી
પડ=પોપડા
વિધવિધ=તરેહ તરેહના
જળચર=પાણીમાં વસનાર પ્રાણીઓ
ભૂચર=જમીનપર વસનારા પ્રાણીઓ
સુનું=સોનું
સરવ=સર્વ; બધા
દિલદાઝ=મનની લાગણી
કષ્ટ હરનારા=દુઃખ લઇ લેનારા; પરમેશ્વર
ભંડાર=જથા; ખજાના
યાર=વહાલા
રચના=બનાવટ
રાજે=શોભે
રજનીરાત=રાતના રાજા; ચંદ્ર
નખેતર=નક્ષત્ર
સ્થિરતા=શાંતિ
છાજે=શોભે
રાશી=સૂર્ય અને ચંદ્રને ફરવાનો માર્ગ
કળા=તેજ
સોહાએ=શોભે
અધર=આધાર વગર; અતરીંગ
ગોત=ગોળાએ; ગ્રહો
પોલ=આકાશ; પોલાણ
જગદાધાર=જગતનો આધાર; પરમેશ્વર
ખટઋતુ=છ ઋતુ. (હેમંત,શિશિર,વસંત, ગ્રીષ્મ, વર્ષા ને શરદ)
ધારા=કાયદા; નિયમો
ઠાઠ=શોભા
ઘાટ=ભભકા; ચોટા
લતા=વેલી
પાષાણ=પથરા
ઘટઘટ=દરેક જગાએ
સાથ=જથો; સમૂહ
સ્હોય=શોભે
ગાણે=ગાયનથી

કલ=બોલ; અવાજ	સૌંદર્યરૂપી વાડી	ટેક=લાળજી
નગ=પર્વત	ક્ષેમ=આરોગ્ય; કુશળ	સર=સરોવર
રઢિઆળા=શોભિતા; દેખાવડા	લલિત=સુંદર	રમ્યપણું=સુંદરતા
મધુરું=મધુરૂં	ઉપવન=વાડી; બાગ	શુદ્ધ=પાવન
અગાધ=ઘણીજ	લાડતી=વહાલ કરતી	પાપ દહનારા=પાપ બાળનારા
લીલાવાડી=દુનિયા રૂપી વાડી;	નેક=ટેક	લીલામૃતધારા=સૌંદર્ય રૂપી અમૃતનો પ્રવાહ
	સજી=પહેરી	લીલા=સૌંદર્ય

સમજુતી—હે! જગતના ધણી પરમેશ્વર આ કેવી શોભા! અને કેવો સામાન બનાવ્યો છે! તારા ગુણ ગાવામાં કવિ અને ભકતો હિંમત હારી ગયા, એવાં તારાં કામ ઘણાં અદ્દભુત છે.

હું પાતાળની બનાવટ શી કહું! તેમાં પડો, ઢોળાવો અને જુદી જુદી જાતની જમીન, જેમાં ઘણી જુની વસ્તુઓ, ઘણી જુદી તરેહની વનસ્પતિ, અને ઘણી જાતના જીવ છે. ઘણી દુનિયા અનુક્રમે બદલાઇ ગઇ અને વળી પાછી સ્થપાઇ એ વાતો ખોટી નથી, કારણ કે તેની નિશાનીઓ અને નમુનાઓ હમણા પણ છેજ. મટોડીનાં જાત જાતનાં પડો અને વળી કાંકરાના જાત જાતના પડો, અને ચુનાના ને પત્થરનાં જાત જાતનાં પડો અહીંઆં અનુક્રમે નથી, અને પૃથ્વીપર ચાલનારાં—વસનારાં અને જળમાં રહેનારાં પ્રાણીઓનાં નિર્જીવ ખોખાં પત્થર રૂપ થએલાં હોય છે. ઘેર ઘેરના બધા લોક લોઢું અને સોનું વાપરે છે તે, એ બધું હે! દુઃખને લઇ લેનાર પ્રભુ તેં મનમાં દયા લાવીને માણસોને માટે બનાવ્યું

છે. હે ! વહાલા પ્રભુ તારા ડહાપણુનો ભંડાર પાર વિનાનો છે. (ટેક)
(૧) આકાશની રચના શું કહું ! બધા ગ્રહોમાં સૂર્યનો પ્રકાશ વધારે દીપે છે. તે પ્રકાશ વનસ્પતિ અને પ્રાણીઓને માટે જમીનને ગરમી આપે છે. વળી રાત્રે ચંદ્રમા નક્ષત્રોના સાહિત્ય સાથે દીપે છે. અને વાયુની ધીમે ધીમે આવતી લહેરોથી શાંતિ ફેલાઇ રહી છે. સૂર્ય ચંદ્રને ફરવાના માર્ગો રાશીઓ કહેવાય છે. ચંદ્રની કળા સુદમાં વધે છે અને વદમાં ઘટે છે, તે અને આકાશમાંનું ચાંદરણું (સફેદ પટો) જોઇને મન ખુશ થાય છે. અને વાદળના ઘણા રંગો તરેહ તરેહની રીતે શોભે છે, અરે આકાશનું પોલાણુ મોટું છે તેમાં બધા ગોળા ગ્રહો તારાઓ અધર રહેલા છે. તું જગતનો આધાર છે, અર્થાત્ પેલા પોલમાં અદ્ધર રહેલાઓને પણુ તુંજ આધાર છે. તેં છએ ઋતુઓના ધારા નિયમિત કર્યા છે. (ટેક) (૨)

આ સૃષ્ટિની શોભા કેવી છે! ઘણે ઠેકાણે શોભિતા ચોટા, પાણીવાળી જગ્યાઓ અને પથરાવાળી જગ્યાઓ ઝાડ અને વેલાથી ભરપૂર દેખાયછે. પશુઓનો, પંખીઓનો ને માણસ જાતનો સાથ (સમૂહ) એવો મંડયો રહ્યો છે કે જાણે તે નાટકોના જેવો લાગે છે (કવિ કલ્પના કરે છે કે આ વિશ્વ એમ નાટયસ્થળ છે, અને તેમાં પશુઓ પંખી-ઓના અને માનવ જાતના એવા જુદા જુદા સાથ-સમૂહ નાટક મંડળી રૂપે છે, તેઓ એકજ રંગભૂમિપર એકત્ર થયેલા છે તે રૂપે, રંગે અને ગુણુથી શોભે છે, ને ગાયનથી મન ખેંચે છે, મતલબ કે મોહ પમાડે છે. બધા ખેતરોનો ઉભો પાક હાલીને ચમકારા કરે છે. અને પક્ષીઓના મધુર પ્યારા શબ્દ દુઃખ ભૂલાવે છે; સમી સાંજે સિંધુ અને નદી નાળાં લહેરે દીપે છે, તેમજ પવન, વન, ઉપવન, મેદાન અને રાત પણુ

સુંદર શોભે છે. આવી રીતે બધું સાદું અને સુંદર છે, તોપણ હે! બનાવનારા પ્રભુ સૌ ચતુરાઇનું કામ જણાય છે. તો સર્વ સ્થળે ઘણી શક્તિ અને બહુ સારો બોધ લેવા લાયક છે. (૨૪) (૩) સૌંદર્ય રૂપી વાડીની શોભાનું હું વર્ણન કરૂં; તે સુંદર, કુશળતા ભરેલી હોંસથી લાડ કરતી ઠામે ઠામે ખૂબ નાચે છે અને પ્રીત ઉપજાવે છે.

તે નિયમરૂપી સુંદર સાડી પહેરીને, બહુ કાળજી રાખીને, હેતથી હસાવે છે; અને હંમેશાં મધુરાં ગીત ગાય છે, તેથી તે સર્વને ગમે છે.

તેં દયા લાવીને સરોવર, દરીઓ અને નદીમાં પાણી આપ્યું છે. જંગલ, વનસ્પતિ અને પર્વતોની સુંદરતા બતાવી આપી, ઘણા પક્ષીઓનું મધુર ગાયન સંભળાવ્યું છે. વળી ધર્મ દેખાડીને અમારી કને દાન કરાવ્યું. હે! પાપને બાળનારા પરમેશ્વર અમને બધાને ઘણી બુદ્ધિ આપીને શુદ્ધ-પવિત્ર બનાવો. હે! પ્રભુ વધારે શું વખાણ કરૂં! તમારી સૌંદર્યરૂપી અમૃતની ધારા-વૃષ્ટિ ને ધન્ય છે. (૨૬) (૪)

સમાપ્ત.

જાહેર ખબર.

સાતમીના અર્થ (કિંમત ૮ આના. જેની અંદર શબ્દાર્થ વ્યુત્પત્તિ પ્રમાણે, અને રૂઢ બંને રીતે; શાસ્ત્રીય પદ્ધતિથી સંપૂર્ણ વ્યુત્પત્તિ; કવિતાનું વિવરણ; પાઠના સવાલ તથા સાર; બ્રિટિશ અને હિંદની સંપૂર્ણ રાજરીતિ; સમાસ પ્રકરણ; બારબેલ્સની ડ્રિલ વગેરે.

પાંચમીના અર્થ કિંમત ૬ આના-જેની અંદર અર્થ; કવિતાની સમજુતી; વ્યુત્પત્તિ; પાઠના સવાલ; પાઠનો સાર; અપૂર્ણાંકના નિયમો; અઘરા શબ્દો; જોડાક્ષરો.

ચોથીના અર્થ કિંમત ૬ આના -જેની અંદર અર્થ; કવિતાની સમજુતી; તમામ પાઠના સવાલ; પાઠનો સાર; અઘરા શબ્દો; જોડાક્ષરો; ડ્રિલ; મુંબઈ ઈલાકાની ભૂતળ.

ત્રીજીનાઅર્થ કિંમત ૪ આના—(જેની અંદર અર્થ; કવિતાની સમજુતી, પાઠના સવાલ તથા સાર; અઘરા શબ્દો; જોડાક્ષરો; કડાંની ડ્રિલ.

બીજીના અર્થ કિંમત ૩ આના-જેની અંદર અર્થ; કવિતાની સમજુતી; પાઠ સવાલ તથા સાર; અઘરા શબ્દો; જોડાક્ષરો; બીજા ધોરણમાં કિન્ડરગાર્ટન પદ્ધતિ મુજબ શીખવવાની ભૂગોળ; ડમ્બેલ્સની ડ્રિલ.

પહેલીના અર્થ ૨ આના—જેની અંદર અર્થ; કવિતાની સમજુતી; અઘરા શબ્દો; જોડાક્ષરો; ડમ્બેલ્સની ડ્રિલ; પાઠનો સાર.

જાહેર ખબર.

કિન્ડરગાર્ટન સીસ્ટમ મુજબ. નવાં ધોરણ માં
મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો૦ તરફથી બહાર પડેલી બુ

બાળવર્ગની નોટ	૦—૧—૬	સાતમીના અર્થ	૦—૮
પહેલીના અર્થ	૦—૨—૦	મૂળાક્ષર કિત્તા	૦—૦
બીજીના અર્થ	૦—૩—૦	પદાર્થપાઠ ભાગ ૧ લો	૦—૩—૦
ત્રીજીના અર્થ	૦—૬—૦	,, ,, ,, ૨જો	૦—૫—૦
ચોથીના અર્થ	૦—૬—૦	સુરત શહેરનો નકશો છપાય છે.	
પાંચમીના અર્થ	૦—૬—૦	ચોર્યાસી તાલુકાનો ,,	૦—૧—૦

કન્યા વાચનમાળા પુસ્તક પહેલાના અર્થ ૦—૩—૦

કન્યા વાચનમાળા પુસ્તક પહેલાના અર્થ ૦—૪—૦

કન્યા વાચનમાળા પુસ્તક પહેલાના અર્થ ૦—૬—૦

લી.

મેસર્સ સી૦ ડી૦ એન્ડ કો.

શાહપોર—સુરત.